# સુકલ્પ

## ત્રિમાસિક

**માર્ચ ૧૩, વર્ષ ૯, સળંગ અંક-૩૪**

★ સંપાદક, તંત્રી ★
**પરબત ઓડેદરા**

★ મુદ્રક, પ્રકાશક ★
**શ્રી સામતભાઇ એચ. સુંડાવદરા**

★ માલિક ★
**શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ, પોરબંદર**

★ મુદ્રણ સ્થાન ★
**શ્રી મહાવીર પ્રિન્ટીંગ પ્રેસ, પોરબંદર**

★ ડીઝાઇન ★
**સાહિત્ય સમિતિ, શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ, પોરબંદર**

પ્રકાશન સ્થળ:
શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ,
બીજા માળે, શ્રી મહેર શોપીંગ સેન્ટર,
રેલ્વે ક્રોસીંગ પાસે, માલદેવ રાણા માર્ગ,
પોરબંદર. ૩૬૦ ૫૭૫.
ફોન:(૦૨૮૬) ૨૨૧૦૬૬૬.
ફેકસ:(૦૨૮૬) ૨૨૫૧૧૧૧.
E mail:mahercouncil@yahoo.com
website:www.mahersamaj.org



મેગેજીનમાં પ્રસ્તુત વિચારો સાથે તંત્રી સંમત છે તેમ માનવું નહિ, તથા આ મેગેજીનની કોઇ પણ બાબતની ફોટોકોપી, પુન:લખાણ કે આંશિક અનુલેખન સુપ્રિમ કાઉન્સિલની પરવાનગી વગર કરવું નહિ.


## મંગલમ્

માનવ જીવન અનેકવિધ અનિશ્ચિતતાઓ અને વિચિત્રતાઓથી ભરપૂર કહેવાયું છે. અજબ ગજબની આ ઘટમાળો વચ્ચે માનવ જીવનમાં જો કાંઇ પણ નિશ્ચિત અને સનાતન સત્ય હોય તો એ છે મૃત્યુ ! જન્મતાંની સાથે જ માનવ જીવનના લલાટે વિધિનો મૃત્યુરૂપી અટલ લેખ લખાઇ જતો હોય છે. જીવનની અંતિમ મંજિલરૂપ આ મોતનો ભય સામાન્યતઃ દરેક જીવાત્માને જીવનભર સતાવતો રહે છે. ભાગ્યે જ એવો કોઇ વિરલ જીવાત્મા હોય છે કે જેણે જીવનમાં ક્યારેય મૃત્યુની પરવા કરી જ ન હોય ! જન્મેલાનું મૃત્યુ એ કુદરતનો સત્ય સનાતન ક્રમ છે અને સિધ્ધ પુરુષોએ તો મૃત્યુને જન્મ જેટલું જ સાહજિક ગણ્યું છે તો પછી જીવાત્માને મૃત્યુનો ભય આટલી હદે કેમ સતાવતો હશે ?!

આપણા સૌના મૃત્યુ તરફના ભયભિત દ્રષ્ટિકોણનું મુખ્ય કારણ છે મોત વિશેની આપણી અજ્ઞાનતા. મોટા ભાગના લોકો મૃત્યુને માનવ દેહનો નહિ પણ ખુદ માનવીનો કાયમી અંત માનવાની ભુલ કરે છે. જે લોકો પોતાની જાતથી જ અજાણ છે એ લોકોને મૃત્યુનું જ્ઞાન કેમ કરીને સમજાય ? આપણાં શાસ્ત્રોએ પણ કહ્યું છે કે આપણે સૌ અજર, અમર અને અવિનાશી તથા દિવ્ય, ચૈતન્ય, પ્રકાશ સ્વરૂપ આત્મા છીએ. જો આ હકીક્ત જ સત્ય હોય તો પછી મૃત્યુ શું છે ? હકીકતમાં દરેક આત્માને પોતાના કર્મયોગ માટે દેહ ધારણ કરવો પડે છે જેને આપણે માનવ જન્મ કહી અનેરી ખુશાલીઓ મનાવીએ છીએ. જીવાત્માને તેમનાં કર્મો અનુસાર કુદરત તરફથી વિવિધ પ્રકારનાં ખોળિયાં ભાડે મળતાં હોય છે જેમાં માલીક ઈશ્વર ઇચ્છે ત્યાં સુધી જ ભાડુઆત આત્મા નિવાસ કરી શકતો હોય છે. ભાડે મળેલા મકાનને પોતાનું માની બેસવાની ભુલથી જ બધાં દુઃખોની શરૂઆત થાય છે. પોતે ધારણ કરેલા દેહને સર્વસ્વ સમજી જીવાત્મા દેહના વિકારોમાં ફસાઇ પોતાની વાસ્તવિક્તાને જ ભુલી જાય છે. ભાડાના મકાનને ભવ્ય અને સૌથી શ્રેષ્ઠ સાબીત કરવાની લાયમાં જીવાત્મા એટલો તો ઓત પ્રોત બની જાય છે કે એને છોડવાની વાત તો દુર રહી, સહેજ ક્ષતિની કલ્પનાથી પણ તે કંપી જાય છે. આથી જ જે જીવાત્મા આત્મભાનને બદલે દેહભાનથી જીવતો હોય છે, મૃત્યુનો ભય નિરંતર તેનો પીછો કરતો રહે છે !

વાસ્તવિક્તા તો એ છે મૃત્યુ આપણો નહિ પણ આપણે ધરેલા દેહનો અંત છે. આત્મા માટે તો એ જૂનાં, પુરાણાં અને જીર્ણ કપડાં ત્યજી સુંદર ને નવાં નકોર કપડાં ધારણ કરવાનો અવસર છે. આથી મૃત્યુ એ જીવનનો અંત નથી પણ નવા જીવનની શરૂઆતની પ્રક્રિયા છે. જો કે આ ફિલસૂફી જેટલી સરળ દેખાય છે એટલી હકીકતમાં સરળ નથી કારણ કે જીવાત્મા દેહભાનથી ઘર, ગૃહસ્થી, સંતાનો તથા સબંધીઓના ઋણાનુબંધ માં પોતાની જાતને કસીને બાંધી રાખે છે. જે આત્મા દેહનાં સઘળાં બંધનો ત્યજી શકે છે તેના માટે મૃત્યુ આનંદનો અનમોલ અવસર બની જાય છે. આપણે ત્યાં અનેક ઋષિઓ તથા સિધ્ધ પુરુષોએ હસતા મોઢે સમાધિસ્થ અવસ્થામાં સંપૂર્ણ શાંતિથી આત્મ સ્વરૂપ ૐ કારના ઉચ્ચારણ સાથે દેહ ત્યજયાનાં ઉદાહરણો છે. આવો, આપણે પણ આપણી જાતને સાચા સ્વરૂપે ઓળખીએ અને સદ્‌ગુણોથી એવી સંવારીએ કે જયારે પણ મૃત્યુ આપણી સામે આવે ત્યારે એને મંગલ અવસર માની ફૂલડે સત્કારવાની અને મોતિડે વધાવવાની સક્ષમતા કેળવીએ ! **–પરબત ઓડેદરા.**

# સંપાદકીય...

મારા એક મિત્રના એકના એક દીકરાએ હમણાં આપઘાત કરી લીધો. તેઓ સવારે જાગ્યાં ત્યારે છોકરાનો રૂમ અંદરથી બંધ હતો. આડોશી પડોશીએ એકઠાં થઈ દરવાજો તોડયો તો બારમાની પરીક્ષા આપીને હમણાં જ પરવારેલા વહાલસોયા દીકરાનો મૃતદેહ પંખે ટીંગાતો હતો. ઓશીકા નીચેથી એક ચબરખી મળી જેમાં લખ્યું હતું કે, 'મારા મૃત્યુ માટે હું પોતે જ જવાબદાર છું માટે કોઈને પરેશાન કરશો નહિ. બારમા ધોરણમાં મેં નેવું ટકા ધાર્યા હતા અને એના માટે ખુબ જ મહેનત કરી હતી પણ પેપર નબળાં જવાથી મારું ધાર્યુ પરીણામ આવશે નહિ એમ જણાતાં હું આ દુનિયા છોડીને જાઉં છું, મને માફ કરી દેજો !' મારા મિત્રના પરીવાર પર જાણે અચાનક આભ તૂટી પડયું ! આ ઘટનાએ મને પણ અંદરથી હચમચાવી નાખ્યો, શું આવા અમથા કારણથી પણ કોઈ આપઘાત કરતું હશે ?...પણ એ હકીકત હતી કારણ કે મિત્રના સંપન્ન પરીવારમાં ધન, દોલત કે સ્નેહ, સવલતની કોઈ કમી નહોતી. મને મનમાં એક જ વસવસો થતો હતો કે શું આજનું શિક્ષણ વિદ્યાર્થીને આપઘાત કરવાનું જ્ઞાન આપતું હશે ?!...માનવ જિંદગીને ટકાવારીથી મુલવવાનું શિક્ષણ અપાતું હશે ?!

તમે પણ રોજ છાપાં વાંચતા હશો અને ખાસ કરીને પરિક્ષાના સમયગાળામાં કે પરીણામ આવ્યા પછીના સમય ગાળામાં આવા આપઘાતના સમાચારોની સંખ્યા ખુબ જ વધી જતી હોય છે : કોઈનાં પેપર સારાં ન ગયાં હોય, કોઈને ધારણા કરતાં ઓછી ટકાવારી આવી હોય, કોઈનાં માબાપે કહેલું હોય કે પરીક્ષામાં આટલા ટકા તો આવવા જ જોઈએ અથવા તો ઓછા ટકા આવવાથી માવતરે ઠપકો આપ્યો હોય; ને કુમળી વયનો વિદ્યાર્થી કે વિદ્યાર્થીની આત્મહત્યા જેવો જઘન્ય અપરાધ કરી બેસે છે ! આ તે કેવું શિક્ષણ કે જે ખુદ વિદ્યાર્થીનો જ ભોગ લઈ લે ? જે શિક્ષણ એના ઉપાસકનું જીવન પણ ન બક્ષી શકતું હોય એ આદર્શ માનવીનું ઘડતર કેમ કરીને કરશે ? આજના શિક્ષણમાં માનવીય આદર્શોને ઘડનાર અને એને જીવનમાં આત્મસાત્ કરનાર મુલ્યો કયાં છે ? આજનું શિક્ષણ એટલે માત્ર માહિતીનો ઢગલો, એને ઠાંસી ઠાંસીને મગજમાં ભરો ! યાદ રહે કે ન રહે, સમજાય કે ન સમજાય તો પણ પોપટની જેમ એને રટી લો ! શાળાએ જતા બાળકના ફૂલ સમા ચહેરા પરથી આનંદ અને નૂર ગાયબ છે, બાળકના વજન કરતાં દફતરનું વજન ભારે છે અને વિદ્યાર્થીનું માનસ સતત તનાવ અને ચિંતાથી ફફડતું રહે છે. જે શિક્ષણ બાળક માટે આનંદ અને ઉમંગનું રસપાન હોવું જોઈએ એ જ શિક્ષણ એના મનનું સૌથી મોટું ટેન્શન બની ગયું છે ! 'ઊંચી ટકાવારી નહિ આવે તો...?'નો ભય રાત-દિવસ સતત એનો પીછો કરતો રહે છે. વિદ્યાર્થી પણ આખું વર્ષ દોડતો રહે છે; ઘરેથી નિશાળે, ટયુશનમાં, કલાસીસમાં ને ત્યાંથી પાછો ઘરે..! આરામ કે રમવાનું તો દુરની વાત એનું ખાવા પીવાનું પણ ઠેકાણું રહેતું નથી. સતત ચોપડાઓના થોક વચ્ચે પીસાતો રહે છે, સતત રટતો રહે છે કોઈ પણ જાતની જરૂરીયાત વગરનાં સૂત્રો માત્ર ટકાવારી લેવા માટે એ અપચો હોવા છતાં પણ પચાવતો રહે છે ! શું માત્ર ઊંચી ટકાવારી જ શિક્ષણનો સાર હશે ?!

ટકાવારીની આ હોડમાં વિદ્યાર્થીઓ તો ઠીક એનાં વાલીઓ પણ એટલી હદે ડૂબી જતાં હોય છે કે એને પોતાના સંતાન કરતાં પણ વધારે રસ એની ટકાવારીમાં હોય છે ! 'જો તારે કાંઈક બનવું હોય અને મારું માથું ગર્વથી ઊંચું કરવું હોય તો નેવું ઉપર તો ટકા આવવા જ જોઈએ નહિતર મને મોઢું ન બતાવતો !' વગર વિચાર્યે બોલાયેલાં આવાં વચનો ઓકીને વાલીઓ સહજતાથી ભૂલી જતા હોય છે પણ આકરા તનાવમાં પીસાતા સંતાન માટે એ મરણતોલ બની જાય છે એનો ખ્યાલ તો આપઘાતની ઘટનાઓ બને પછી જ આવતો હોય છે ! પરીણામની આ તે કેવી લાલસા કે આપણે આપણા જ બાળકની ક્ષમતા પણ ન સમજી શકીએ ? શું ટકાવારી વહાલસોયા બાળક કરતાં પણ વધુ મહત્વની હોય છે ? આપણે એ હંમેશાં યાદ રાખવું જોઈએ કે ગોખણપટ્ટી કરીને મેળવેલી ઊંચી ટકાવારી આપણા સંતાનને કદાચ ઊંચા પગારની મોભાદાર નોકરી તો અપાવી શકશે પણ એ ટકાવારી એવા આદર્શો નહિ ઘડી શકે જેનાથી સમાજ, પરીવાર કે દેશનું ભલું થાય ! માત્ર પૈસાને જ જીવન માનનાર વ્યકિત માટે શિક્ષણનો અર્થ ઊંચી ટકાવારી હોઈ શકે છે પણ સભ્ય સમાજના માનવીએ વિવેકબુધ્ધિથી વિચારવું જોઈએ કે શિક્ષણ તો આદર્શ જીવન ઘડતર માટે, સંસ્કારોના જતન માટે અને જીવન સાર્થક કરે એવા સર્વ કલ્યાણી જ્ઞાન માટે હોય છે. બાળક માટે શિક્ષણ જેટલું જ આવશ્યક છે એનું બાળપણ, એની રમતો, એનો યોગ્ય આહાર વિહાર અને પ્રકૃતિ સાથેનું સામિપ્ય. આપણે જ આપણા બાળક પર આકરા ધ્યેયોના મારા ચલાવી એનું બાળપણ કરમાવી નાખશું તો એ મદમસ્ત ફૂલની જેમ કયારેય નહિ ખીલી શકે ! માનવીય મહેકથી ધબકતાં અને આભને ટેકો દે એવાં ઉત્તમ ચરિત્રોનું નિર્માણ કરવું છે કે માત્ર પૈસાના ખડુકલા કરવા રાત દિવસ દોડયા કરતાં મશીનો પેદા કરવાં છે એનો નિર્ણય આપણે જ કરવાનો છે.

જો આપણા બાળકને શિક્ષણના ભયમાંથી છોડાવી આપઘાત કરતો અટકાવવો હશે તો એવા આદર્શ શૈક્ષણિક માળખાનું નિર્માણ કરવું પડશે કે જેમાં શિક્ષણનું મુલ્યાંકન ટકાવારીથી નહિ પણ માનવિય મુલ્યોથી થતું હોય. શિક્ષણને માત્ર આર્થિક ઉપાર્જન માટે કે જીવન નિર્વાહનું સાધન ગણી એનુ અપમાન ન કરવું જોઈએ કારણ કે શિક્ષણ જ માણસમાં ઉચ્ચ માનવિય ગુણોની ખીલવણી કરી એને સાચા અર્થમાં આદર્શ માનવી બનાવે છે. એટલું જ નહિ શિક્ષણ જીવનમાં સંસ્કારો અને દિવ્ય ગુણોની ખીલવણી કરી મનુષ્યને જીવન મુકિતના શ્રેષ્ઠ ધ્યેય સુધી પણ લઈ જઈ શકે છે. આવો, આપણે સૌ સાથે મળી શૈક્ષણિક માળખાને એવું મજબૂત બનાવીએ કે એ જીવઘાતનું નહિ પણ ઉચ્ચ સંસ્કારિતા અને જીવનમુકિતનું પ્રેરક બની રહે !

**–તંત્રી.**

# અનુક્રમણિકા


૧ મંગલમ્

૨ સંપાદકીય

૪ પ્રતિભાવ

૬ સન્માન

૧૦ ઈતિહાસ

૧૬ લગનોત્સવ

૨૪ નમ્ર અપીલ

૨૯ LMCA UPDATES

૩૦ સંભારણાં

૩૩ સંસ્થા

૩૫ વિચારવૃત્ત

૩૭ રમતોત્સવ

૩૯ શૈક્ષણિક

૪૧ કલા

૪૩ આપણી આજકાલ

૪૯ ગૌરવ

૫૦ કાવ્યધારા

૫૧ ઈતિહાસનું પાનું

# પ્રતિભાવ....

ડીસેમ્બરના અંકમાં યાત્રામાં સામેલ ગામ પાતાની તમામ વિગત અત્યંત રોચક અને માહિતીપ્રદ રહી. આવા સુંદર અને ઐતિહાસિક ગામ વિષે અમે બહુ જ ઓછું જાણતા હતા પણ આપે અંકમાં જે માહિતી આપી છે તે વાંચ્યા પછી આ ગામમાં જવાની ઇચ્છાને હું રોકી શક્યો નહિ. પ્રાચીન અને ઐતિહાસિક થાનની જગ્યા એટલી અદ્‌ભૂત છે કે મનને ખુબ જ શાંતિ મળી. પાતા ગામની આખી વિગત આપણા ઐતિહાસિક વારસાનાં પાનાં શોભાવે એવી છે અને શાંત તથા સુમધુર લોકજીવન બીરદાવવા લાયક છે. આપે રજેરજની જે તલસ્પર્શી બાબતો રજૂ કરી છે તે ગામનો સંપૂર્ણ પરીચય કરાવે છે. આ અંકમાં આપવામાં આવેલ મહેર સમાજના મોટા ગજાના માનવી મહંત શ્રી વિજયદાસજી બાપુનો લેખ પણ મનને સ્પર્શી ગયો. મહંત બાપુ જેવા આદર્શ લોકનેતાઓ તો માત્ર મહેર સમાજમાં જ નહિ પણ સમસ્ત સમાજમાં ભાગ્યે જ જન્મતા હોય છે અને બાપુએ લોકોનાં તથા સમગ્ર વિસ્તારનાં જે લોકહિતનાં કાર્યો કરેલ છે એ બાબત તો વિરલ છે. મહંત બાપુ એક એવા નેતા હતા જેના રોમેરોમમાં ભક્તિભાવ પણ એવો હતો કે માનવીનું દુઃખ જોઇને એનું હૃદય પીગળી જતું. આવા ઉજળા અને નેક દિલના મહંત બાપુને કોટી કોટી વંદન. **-મસરીભાઇ આર. પરમાર, માંગરોળ.**

ઢોલ શરણાઇના મનમોહક સુર અને મધુરાં લગ્નગીતોના નાદથી ગૂંજતા લગ્નસરાના રૂડા સમયે જ કન્યા વિદાયના અર્થસભર પ્રસંગથી શોભતું અતિ સુંદર કવર પેજ એવું તો ગમ્યું કે એને ફ્રેમમાં મઢાવી કાયમને માટે ઘરમાં રાખી દીધું. આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને વાચા આપતાં આવાં સુંદર ચિત્રો કવર પેજ પર આપવામાં આવે છે એ અંક અમારે માટે ખાસ બની જાય છે જેને અમે જતનથી કાયમને માટે સાચવી રાખીએ છીએ. આપણા સમાજના મોભાને વ્યક્ત કરતાં આ પ્રાચિન ચિત્રો એવાં તો ભવ્ય હોય છે કે આપણા સમાજ ઉપરાંત અન્ય સમાજના પરીચિતો ઘરે આવે ત્યારે એ પણ બે મોઢે એનાં વખાણ કરતા હોય છે. મને તો થાય છે કે અંકમાં અંદરના પાના પર પણ એકાદ બે આવાં કલર ચિત્રો આપવામાં આવે તો અંકની શોભા ઓર ખીલી ઉઠે. કવર પેજ અંક જોનારને દૂરથી જ આકર્ષે છે એટલે આવાં સુંદર ચિત્રોનાં ટાઇટલ સુકલ્પની સભ્ય સંખ્યા પણ અવશ્ય વધારશે એવું મારું માનવું છે. **-રમેશ હાજાજી ઓડેદરા, રાજકોટ.**

ડીસેમ્બરનો અંક મોડો મળ્યો પણ એના સુંદર લેખોએ અમારાં દિલ જીતી લીધાં. મંગલમ્ અમારી અતિ પ્રિય કોલમ છે જેમાં ગાગરમાં સાગર જેવા સુંદર અને અનુસરનિય વિચારો વ્યક્ત થાય છે. સંપાદકીયમાં આપણા સમાજની એક મહત્વની શૈક્ષણિક સંસ્થાની વિકાસયાત્રા જાણી તો મહેર સમાજના બંને ધારાસભ્યોને અભિનંદવાની અદા પણ ખુબ જ પસંદ પડી. યાત્રામાં પાતા ગામનું નિરૂપણ રોચક અને જાણવાલાયક રહ્યું. આપણા સમાજનાં આવાં અણદિઠ ગામડાંની આટલી સરસ માહિતી આપવા બદલ આભાર. નવરાત્રીના રોચક અને મોહક ફોટા ખુબ જ ગમ્યા તો મહંત બાપુ જેવા સમર્થ દિવંગત નેતાને યાદ કરીને આપે નવી પેઢી માટે સરસ માહિતી પીરસી છે. યુ.કે. વિભાગમાં વિદેશના સમાચારો તથા માન સરોવરથી કન્યા કુમારી યાત્રા વિષે જાણવા મળ્યું. આરોગ્યમાં જીવન બક્ષતાં માનવ અંગોના દાનની અતિ સુંદર માહિતી મળી. ગૌરવ તથા આપણી આજકાલમાં મહેર પ્રતિભાઓ અને પ્રવૃતિઓ વિષેની માહિતી મળી. અંતમાં આપવામાં આવેલ વાર્તા અંકની તમામ વાંચન સામગ્રીમાં શીરમોર સમાન રહી....અને કન્યા વિદાયના અનોખા અવસરને આલેખતા અંકના મુખારવિંદ વિષે તો શુ કહું....જાણે સોનામાં સુગંધ ભળી હોય એવું લાગ્યું ! **-કવિતા લાખાભાઇ ચૌહાણ, જૂનાગઢ.**

સંપાદક શ્રી,

નમસ્તે. હું સુકલ્પનો નિયમિત વાચક છું અને મને આપણા ગૌરવ સમાન મેગેઝીન ખુબ જ ગમે છે. પત્ર લખવાનું ખાસ કારણ એ છે કે આ અંકમાં આપે મંથન વિભાગમાં એક નાનકડો છતાં ચોટદાર લેખ 'અનિષ્ટના આક્રમણથી સાવધાન' આપેલ છે એ એટલો વાસ્તવિક અને સચોટ છે કે ખરેખર દરેક જ્ઞાતિજને આ બાબતે ગંભીરતાથી વિચાર કરવો જ રહ્યો. આજે સાવ નાનાં અને સગીર વયનાં બાળકોના હાથમાં આપણે મોબાઇલ, કમ્પ્યુટર ને નેટ જેવાં અતિ આધુનિક સાધનો સહજ રીતે આપી દઇએ છીએ જેનો ગેર ઉપયોગ ભયંકર પરીણામો લાવી શકે છે એ બાબતમાં શંકાને કોઇ સ્થાન જ નથી. સામાન્યતઃ આપણી આસપાસ નજર નાખશું તો ચોમેર એવાં સંખ્યાબંધ મુગ્ધ વયનાં છોકરાં જોવા મળશે કે જેને મોબાઇલની કોઇ જ આવશ્યક્તા ન હોવા છતાં તેમની પાસે મોબાઇલ છે, મોબાઇલ પર સતત વાતો કરે છે કે મોબાઇલ અશ્લિલતાનો ઉપયોગ કરે છે. આપણા સમાજનાં જ્ઞાતિજનોએ જાગૃત થવાની અને આ બદીમાં આપણાં બાળકો ન ફસાય તેની કાળજી લેવાની ખાસ આવશ્યક્તા છે. અતિ આધુનિક ટેક્નોલોજીની હંમેશાં બે બાજુ હોય છે જેની અનિષ્ટ સાઇડથી આપણા ઘરને બચાવવાની જવાબદારી આપણી છે અને તો જ આપણી સંસ્કારીતા પણ જળવાઇ રહેશે. સમાજ આપના સુંદર લેખને સમજે અને અનુસરે એવી આશા સહ આ લેખ બદલ ખુબ જ ધન્યવાદ. **-મસરી દિવરાણિયા, ધંધુસર.**

આજનો માનવી દુઃખી છે કારણ કે માનવ મનમાંથી સારપ અને ઠાવકાઇ મરી રહી છે. આપે સુકલ્પના અંકની વાર્તામાં જે સારપની વાત આલેખી છે એનાં કેમ કરીને વખાણ કરું ? ગામડાંમાં હજી પણ થોડે ઘણે અંશે સારપ જીવી રહી છે એ રામદેના દિલાવર પાત્રથી તમે સાકાર કરી છે. અત્યંત કપરા સમયમાં અને વાવાઝોડાના ભયંકર વિનાશમાં રામદેનું મન સોનાના ચળકાટને જોઇને થોડું હચુડચુ જરૂર થાય છે પણ અંતે વિજય એની ખુમારી અને ખાનદાનીનો થાય છે અને એ દાગીનાની પોટલી રાયસીના હાથમાં મુકે છે ! વાર્તામાં ઉત્તમ સારપને કેન્દ્રસ્થ કરીને આપે મધુર ગ્રામ્ય જીવનનું સુંદર વર્ણન કર્યું છે. માનવી ગમે તેવી સ્થિતિમાં હોય પણ એનાં નૈતિક મુલ્યો ગમે તેવા સંજોગોમાં પણ જાળવી રાખે તો એનું જીવતર ધન્ય બની જાય છે. આજના સમયમાં પણ દરેક માનવીમાં આવી સારપ અને ખાનદાનીની આવશ્યક્તા છે અને જો એ જળવાઇ રહે તો સમાજનો બેડોપાર થઇ જાય એ વાત સત્ય છે. સુકલ્પનું આ અંકનું મેઇન પેજ પણ ખુબ જ ગમી ગયું જેમાં આપણા સમાજની સંસ્કૃતિ ધબકી રહી છે.

**-અરભમભાઇ રાતિયા, વડવાળા.**

સુકલ્પ અમારું ખુબ જ પ્રિય મેગેઝીન છે અને આપ સૌ એના માટે જે મહેનત કરો છો તે પ્રશંસાને પાત્ર છે. મેં જયારથી જાણ્યું છે કે સુકલ્પના તમામ હોદેદારો માત્ર જ્ઞાતિભાવનાથી ઉત્તમ માનદ્ સેવાઓ આપે છે ત્યારથી મારું તંત્રીમંડળ પ્રત્યે ખુબ જ માન વધી ગયું છે. ભગવાન આપ સૌને સદાય આવાં સારાં કામ કરવાની શક્તિ આપે ! મારું એક સજેશન છે કે આપણે પણ અન્ય મેગેઝીનોની જેમ વિશેષાંક આપવા જોઇએ. હું માનું છું ત્યાં સુધી આપણે સુકલ્પનો આજ સુધીમાં માત્ર એક જ વિશેષાંક આપ્યો છે જે ખુબ જ ભવ્ય અને કલરફૂલ હોવાથી તમામ જ્ઞાતિજનોને માટે અગત્યનું સંભારણું બની ગયેલ. દર વર્ષે શક્ય ન હોય તો અમુક સમયના અંતરે આવા માહિતી સભર વિશેષાંક આપતા રહો એવી અમારી તિવ્ર ઇચ્છા છે. આશા રાખું છું કે આપ એવું ચોક્કસ કાંઇક આયોજન કરશો જેથી સુકલ્પના જિજ્ઞાસુઓને વધુ વિશેષાંકો વાંચવા મળી શકે.

**-અરશીભાઇ કારાવદરા, યુ.કે.**

# સન્માન : કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઇ બોખિરીયાનો ભવ્ય સન્માન સમારોહ




ગુજરાત રાજયમાં મહેર સમાજની જનસંખ્યા અન્ય સમાજોની સરખામણીએ ભલે મુઠ્ઠીભરની ગણાતી હોય પણ આ સબળ અને ખમીરવંત સમાજનો રાજકિય વારસો સમગ્ર રાજય ગૌરવ લઇ શકે તેવો રહ્યો છે. છેલ્લા છ દાયકાથી મહેર સમાજને રાજય સ્તરે અગ્રિમ હરોળનું રાજકિય નેતૃત્વ મળેલ છે એ બાબત સ્વયં સિધ્ધ છે. હાલમાં પોરબંદર વિસ્તારના ધારાસભ્ય માનનિય શ્રી બાબુભાઇ બોખિરીયાને ગુજરાત રાજય કેબીનેટમાં એક સાથે સાત-સાત ખાતાંઓનો અત્યંત ગૌરવનિય મંત્રીપદનો હવાલો મળતાં માત્ર મહેર સમાજ માટે જ નહિ પરંતુ સમગ્ર વિસ્તાર માટે અનેરો રાજકિય ઇતિહાસ સર્જાયો છે. શ્રી બાબુભાઇ બોખિરીયાની આ જવલંત સિધ્ધિને કારણે આજે સમસ્ત મહેર સમાજની છાતી ગજ ગજ ફૂલે છે ત્યારે તેઓના માનમાં પોરબંદરના મહેર જ્ઞાતિભવન, ઝુંડાળા ખાતે એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ તથા સમસ્ત મહેર સમાજવતી કરવામાં આવ્યું હતું. મહેર સમાજના રાજકિય ભિષ્મ પિતામહ ગણાતા સ્વ. માલદેવજીભાઇ ઓડેદરા તથા સ્વ. મહંત વિજયદાસજી બાદ આવું ઉચ્ચ રાજકિય બહુમાન પામનાર શ્રી બાબુભાઇ બોખિરીયા મહેર સમાજના એક માત્ર રાજનેતા હોઇ તેમનો સત્કાર કરવા મહેર સમાજના અગ્રણી આગેવાનો તથા મહાનુભાવોથી ઝુંડાળા મહેર સમાજનું વિશાળ પટાંગણ ખીચોખીચ ભરાઇ ગયું હતું.

સન્માન સમારંભમાં પધારેલા દેશ વિદેશના માનવંતા મહેમાનોનું પુષ્પહારથી સ્વાગત કરાયા બાદ શબ્દોથી સ્વાગત શ્રી પુંજાભાઇ મોઢવાડીયાએ કર્યું હતું. શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાએ મહેર સમાજના ગૌરવવંત કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઇ બોખિરીયાને મહેર સમાજની પરંપરાગત પાઘડી પહેરાવી ત્યારે ઝુંડાળા મહેર સમાજ તાડીઓના ગડગડાટથી ગાજી ઉઠયો હતો. ડો. વિરમભાઇ ગોઢાણિયાએ શાલ, પાઘડી તથા બુકે અર્પણ કરી શ્રી બાબુભાઇ બોખિરીયાનું સન્માન કર્યું હતું. આ તકે ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે માનનિય મંત્રીશ્રીને આપણે સમસ્ત મહેર સમાજવતી આપણા સમાજની શાન એવી પાઘડી પહેરાવીએ છીએ. આપણા ગામડામાં મોભીને પાઘડી પહેરાવવાનો રિવાજ છે અને આપણી પાઘડી એ નેતૃત્વ, ફરજ તથા વિશ્વાસનું પ્રતિક છે. શ્રી બાબુભાઇ બોખિરીયાએ સમસ્ત મહેર સમાજને દુર્લભ કહી શકાય એવું રાજકિય ગૌરવ અપાવ્યું છે ત્યારે આપણા સૌને માટે આ એક ધન્ય ઘડી છે. મહેર સમાજ જો સંગઠિત થઇ સહયોગ અને ભાઇચારાની ભાવનાથી સુગઠિત બને તો આ નાના સમાજ પાસે અસંભવને સંભવ કરવાની અપ્રતિમ શકિત રહેલી છે. સમાજના સર્વાંગી વિકાસ માટે જેમ શિક્ષણ અને સમાજ ઉત્કર્ષ પાયાની બાબત છે તેમ આજના આ સમયમાં રાજશકિતનું પણ એટલું જ મહત્વ રહેલ છે. પ્રજાનું કલ્યાણ એ રાજનેતાનું પરમ કર્તવ્ય હોવું જોઇએ અને રાજકિય મંચ પર મહત્વનું સ્થાન મેળવ્યા બાદ સમાજના તમામ માણસોને સમભાવથી જોવા એ રાજનેતાની ફરજ બની જાય છે. રાજશકિતમાં જો નિજી સ્વાર્થ, વેરભાવ કે ઇર્ષ્યા ભળે તો એનાં માઠાં પરીણામ પણ આવી શકે છે આથી રાજનેતાએ નાના મોટા મતભેદ કે વાદવિવાદ ભુલી જઇ હરક્ષણ સમાજ વિકાસનાં કાર્યોને અગ્રિમતા આપવી જોઇએ. આપણે આપણા સૌના નેતા એવા શ્રી બાબુભાઇ બોખિરીયા પાસેથી પણ એવી અપેક્ષા રાખીએ કે તેઓ મહેર સમાજને એક તાંતણે બાંધી વધારે સંગઠિત, મજબૂત તથા સક્ષમ બનાવે અને સમસ્ત સમાજ તથા વિસ્તારને વિકાસની નવી ઊંચાઇઓ સુધી પહોંચાડી આપણી પાઘડીના ગૌરવને વધુ ગૌરવવંતુ બનાવે. તેઓએ એમ પણ જણાવ્યુ હતું કે રાજકિય હરિફાઇને આપણે ખેલદિલીથી સ્વીકારી લઇ સમાજના મંચ પર દરેક રાજનેતાએ એક થઇને સાથે આવવું જ પડશે કારણ કે સંગઠન એ આજના સમયની





તાતી જરૂરિયાત છે. તેઓએ શ્રી બાબુભાઇ બોખિરીયાને તેઓની તમામ સિધ્ધિઓ બદલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

પોતાના સત્કારાર્થે, પોતાના સમાજ તરફથી યોજાયેલા ભવ્ય સન્માન સમારોહમાં સમાજની લાગણી જોઇ કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઇ બોખિરીયા ભાવવિભોર થયા હતા અને નમ્રતાથી સમસ્ત સમાજનો હાર્દિક આભાર માન્યો હતો. પોતાની રાજક્યિ સફળતાને તેઓએ નમ્રતા તથા વિવેકસહ પોતાની નહિ પણ સમસ્ત મહેર સમાજની સફળતા ગણાવી હતી. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે જો પોરબંદર વિસ્તારના ૭૭૦૦૦ કરતાં પણ વધારે લોકોએ મારામાં વિશ્વાસ ન મુક્યો હોત તો આ કક્ષાએ પહોંચવું મારા માટે અશક્ય હતું. તેઓએ નિખાલસતાથી એમ પણ જણાવ્યું હતું કે હું રાજકારણી નથી અને મને રાજકીય કાવાદાવા કે દાવપેચ રમતાં આવડતું નથી. હું રાજકારણમાં આવવા પણ નહોતો ઇચ્છતો પણ મિત્રોના આગ્રહ તથા સમયની માંગને કારણે રાજકારણમાં આવવું પડ્યું છે ત્યારે આપ સૌએ મારામાં પાત્રતા જોઇ મને જે જવાબદારી સોંપી છે તે નિભાવવી એ મારી પરમ ફરજ છે. ગુજરાત રાજ્ય કેબીનેટમાં બે-બે વખત સ્થાન મેળવવું એ મારા માટે ગૌરવની વાત છે જે આપ સૌના સાથ સહકારથી સાર્થક થઇ છે એ બાબત હું ક્યારેય નહિ ભુલું. દરેક રાજક્યિ આગેવાનોએ એ વાતનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ કે લોકોએ તેમનામાં મુકેલા વિશ્વાસને સાર્થક કરવા ખરા અંતઃકરણથી કામ કરવું જરૂરી બની જાય છે. મને એ બાબતનો સંતોષ છે કે મારી પાસે કોઇ હોદ્દો નહોતો ત્યારે પણ મેં મારા ઘરેથી કોઇ પણ માણસને નિરાશ જવા દીધેલ નથી અને આજે મારી પાસે ઘણાં બધાં ખાતાંઓ છે ત્યારે પણ હું કોઇ પણને નિરાશ થવા દઇશ નહિ. મારા ઉપર મારા સમાજ, વિસ્તાર અને રાજ્યના વિકાસની બહુ મોટી જવાબદારી મુક્વામાં આવી છે ત્યારે એને સમર્પિત બની સાકાર કરવી એ જ મારું પરમ કર્તવ્ય હશે. આ સાથે માનનિય મંત્રીશ્રીએ સિંચાઇ અને પાણીની વિકટ પરિસ્થિતિઓથી પિડાતા વિસ્તાર માટે સિંચાઇ, પાણી પુરવઠા, કૃષિ તથા મત્સ્યોદ્યોગની પ્રજાલક્ષી અનેકવિધ મહત્વાકાંક્ષી વિકાસ યોજનાઓનો ચિતાર આપી એને સફળતાથી પૂર્ણ કરવાની ખાત્રી આપી હતી. મંત્રીશ્રીની મહત્વાકાંક્ષાઓને વિરાટ સમુદાયે ગગનઘોષથી વધાવી હતી.

આ સન્માન સમારોહમાં સામેલ તમામ જ્ઞાતિજનના ચહેરા ગૌરવી આનંદથી છલકાયા હતા. મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાનું મહેર સમાજની તમામ સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રમુખો, દેશ વિદેશનાં શહેરો તથા ગામેગામના આગેવાનો દ્વારા પણ ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. તેઓનું સન્માન કરનાર મુખ્ય આગેવાનોમાં લેસ્ટર મહેર કોમ્યુનિટીના શ્રી નાગાજણભાઇ બાપોદરા, યુ.એસ.એ. મહેર સમાજના શ્રી રણજીતભાઇ ઓડેદરા તથા શ્રી વજુભાઇ ઓડેદરા, પૂર્વ સાંસદ શ્રી ભરતભાઇ ઓડેદરા, પૂર્વ ધારાસભ્ય શ્રી કરશનભાઇ ઓડેદરા તથા શ્રી લક્ષ્મણભાઇ આગઠ, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી રાજશીભાઇ પરમાર તથા શ્રીમતી રાણીબેન કેશવાલા, નિર્વાણધામ યોગાશ્રમના સ્વામી શ્રી પરમાત્માનંદ ગિરિજી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી લક્ષ્મણભાઇ ઓડેદરા, ઝુંડાળા જ્ઞાતિભવનના પ્રમુખ શ્રી ભીમભાઇ ચૌહાણ, જામનગર ચેમ્બર પ્રમુખ શ્રી લાખાભાઇ કેશવાલા, રાણાવાવ મહેર સમાજ પ્રમુખ શ્રી હરભમભાઇ કેશવાલા, છાંયા મહેર સમાજ પ્રમુખ શ્રી ભીમભાઇ ઓડેદરા, મહેર સુપ્રિમ કાઉન્સિલ શિક્ષણ સમિતિના ચેરમેન ડો. શ્રી દેવશીભાઇ ખુંટી, શ્રી મહેર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયાબેન કારાવદરા, શ્રીમતી શાંતાબેન ઓડેદરા, શ્રીમતી જયશ્રીબેન ગોઢાણીયા, જૂનાગઢ મહેર સમાજના શ્રી ભાયાભાઇ રાતિયા, શ્રી કાળુભાઇ ઓડેદરા, રામસિંગભાઇ સુંડાવદરા, વડોદરા મહેર સમાજના શ્રી બચુભાઇ સુત્રેજા, રાજકોટ મહેર સમાજના શ્રી પરબતભાઇ ઓડેદરા સહિત અનેક આગેવાનો, સરપંચો તથા પ્રમુખોનો સમાવેશ થાય છે. અંતઃકરણથી લાગણી બતાવનાર દરેક આગેવાનો તથા સમારંભમાં પધારેલા તમામ જ્ઞાતિજનોનો મંત્રીશ્રીએ બે હાથ જોડી હાર્દિક આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી સામતભાઇ સુંડાવદરા તથા દેવાભાઇ ઓડેદરાએ ર્ક્યું હતું. કાર્યક્રમમાં પધારેલા આગેવાનો, મહેમાનો તથા જ્ઞાતિજનોનો હાર્દિક આભાર માનતાં આભારવિધિ શ્રી રાયદેભાઇ મોઢવાડીયાએ કરી હતી.

## કુતિયાણા વિસ્તારના ધારાસભ્ય શ્રી કાંધલભાઇ જાડેજાનો ભવ્ય સન્માન સમારોહ

ગુજરાત રાજ્ય તેરમી વિધાનસભાની ચુંટણીમાં કુતિયાણા મત વિસ્તારના ઉમેદવાર શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા જંગી બહુમતિથી વિજેતા જાહેર થતાં મહેર સમાજને આગવું ગૌરવ અપાવેલ છે. નિડર, કુશળ, ઉત્સાહી અને યુવા આગેવાન એવા કાંધલભાઇ જાડેજા મહેર સમાજના એક માત્ર સ્ત્રી ધારાસભ્ય સ્વ. સંતોકબેન સરમણભાઇ જાડેજાના પુત્ર હોઇ કુતિયાણા વિસ્તારમાં તેમણે પોતાનું રાજકીય વર્ચસ્વ જાળવી રાખ્યું છે. મહેર સમાજની પરંપરાગત ગણાતી પોરબંદર તથા કુતિયાણા બેઠક આ વખતે આપણા સમાજના રાજનેતાઓએ જાળવી રાખતાં સમસ્ત સમાજ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. આવું અનોખું ગૌરવ અપાવનાર આપણા રાજનેતાઓનું સન્માન એ સમાજના દરેક જ્ઞાતિજનની પરમ ફરજ હોઇ,



શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજાના સન્માન માટે તા.૨૪-૧-૧૩ ના રોજ કુતિયાણા મહેર સમાજ ભવન ખાતે ભવ્ય સન્માન સમારંભનું આયોજન શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ તથા સમસ્ત મહેર સમાજવતી કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં પોરબંદર, રાણાવાવ તથા કુતિયાણા અને અન્ય શહેરો તથા ગામડાના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ધારાસભ્ય શ્રી કાંધલભાઇ જાડેજાના સન્માન સમારોહમાં પધારેલા દેશ-વિદેશના મહાનુભાવો, જ્ઞાતિ આગેવાનો, મહેમાનો તથા જ્ઞાતિજનોને અંતરના ઉમળકાથી આવકારતાં શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના અગ્રણી હોદેદાર શ્રી પુંજાભાઇ મોઢવાડીયાએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું. શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણીયાએ શ્રી કાંધલભાઇનું સન્માન કરતાં તેમને મહેર સમાજની મોભાદાર પાઘડી પહેરાવી ત્યારે કુતિયાણા મહેર સમાજનું વિરાટ પ્રાંગણ આનંદહેલી અને તાડીઓના નાદથી ગુંજી ઉઠયું હતું. ડો. શ્રી વિરમભાઇ ગોઢાણીયાએ ધારાસભ્યશ્રીને શાલ ઓઢાડી અને બુકે અર્પણ કરીને તેઓનું બહુમાન કર્યું હતું. આનંદની આ ઘડીને જ્ઞાતિજનોએ ઉભા થઇને વધાવી હતી. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ડો. શ્રી વિરમભાઇ ગોઢાણીયાએ પ્રશંસાત્મક સૂરે શ્રી કાંધલભાઇ જાડેજાની સફળતાને બીરદાવી હતી. તેમણે પોરબંદર તથા કુતિયાણા એમ બંને મહત્વની બેઠકો જાળવી રાખવા બદલ સમસ્ત સમાજને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે શ્રી કાંધલભાઇ જાડેજા યુવાન આગેવાન છે અને સમાજનાં કાર્યો માટે એમનામાં જે નિષ્ઠા અને ધગશ છે એ મહેર સમાજની આવતી કાલને જરૂરથી ઉજળી બનાવશે. મહેર સમાજે લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી થનાર મોભીઓ સમાજને આપ્યા છે અને શ્રી કાંધલભાઇ જાડેજાના વ્યક્તિત્વમાં પણ કાંઇક આવી જ લોક કલ્યાણની ભાવના જોવા મળે છે. તેમણે કુતિયાણા વિસ્તારના લોકોને ભાગ્યવાન ગણાવતાં કહ્યું હતું કે શ્રી કાંધલભાઇ જાડેજા જેવા ઉત્સાહી, સક્રિય, કુશળ, નિડર અને સક્ષમ નેતા મળવા એ ખુબ જ ગૌરવની બાબત છે. મહેર સમાજની રાજશક્તિને બીરદાવતાં ડો. વિરમભાઇ ગોઢાણીયાએ જણાવ્યું કે ઉત્તમ કક્ષાનું નેતૃત્વ એ મહેર લોકોનો લોહીનો ગુણ છે અને મહેર દુનિયાના કોઇ પણ ખૂણામાં હશે એ પોતાના આગવા નેતૃત્વ અને આવડતને કારણે અલગ તરી આવશે. જન્મજાત ખમીરવંત, સાહસી અને ઉદ્યમી એવા આપણા સમાજને પરમાત્મા વધુને વધુ સુખી તથા સંગઠિત બનાવે એવી મહેચ્છા સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે શ્રી કાંધલભાઇ જાડેજા જેવા નિષ્ઠાવાન યુવા આગેવાન સમાજ સંગઠનની કડી પુરવાર થશે એમાં બે મત નથી. તેમણે ધારાસભ્ય શ્રી કાંધલભાઇ જાડેજાને અંતઃકરણથી અભિનંદન અને શુભકામનાઓ આપતાં સમર્પિત થઇને સમાજ તથા લોકહિતનાં કાર્યોને સાકાર કરવાનાં આશીર્વાદ પણ આપ્યા હતા.

પોતાના સમાજ દ્વારા પોતાના ભવ્ય અને લાગણીમય સન્માનથી અહોભાવ અનુભવતાં શ્રી કાંધલભાઇ જાડેજાએ સમસ્ત સમાજનો હૃદયથી આભાર માન્યો હતો. પોતાને ધારાસભ્ય પદે ચુંટવા બદલ પોતાના વિસ્તારના લોકોનો તેમણે અંતરથી બે હાથ જોડી આભાર માન્યો હતો અને પોતાના વિજયને તેમણે જનગણનો વિજય ગણાવ્યો હતો. શ્રી કાંધલભાઇની સ્નેહાળ નિખાલસતાને જ્ઞાતિજનોએ જોરદાર તાડીઓથી વધાવી હતી. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે મને લોકોએ આટલી હદે લાગણી અને વિશ્વાસથી વધાવ્યો છે ત્યારે લોકોનું દુઃખ અને બધી સમસ્યાઓને હું મારી ગણી તમામને મદદરૂપ થવાનો પ્રયાસ કરીશ. મારા ઘરનાં બારણાં મારા સમાજના દરેક જ્ઞાતિજન માટે રાતના બાર વાગ્યે પણ ખુલ્લાં હશે...એવી અનોખી ભાવના સાથે તેમણે પોતાના વિસ્તારનાં લોકો માટે તન, મન તથા ધનથી કાર્ય કરવાની બાંહેધરી આપી હતી. શ્રી કાંધલભાઇ જાડેજાની અસ્સલ ગામઠી અદાને જ્ઞાતિજનોએ મન ભરીને માણતાં ગૌરવથી બીરદાવી હતી. તેમણે બોલવા કરતાં કામ કરી બતાવવાની વાત પર ભાર મુક્તાં કહ્યું હતું કે સમાજે મને કંઇક કરવાની તક આપી છે ત્યારે મારે મારાથી જે કાંઇ શક્ય હશે એ બધું કરી બતાવવું છે. લોકો માટે કાંઇક કરી છુટવાની ભાવનાથી જ હું રાજકારણમાં આવ્યો છું ત્યારે લોકોનું કામ મારી પ્રાથમિક્તા હશે. મારા મતદારોએ મારા પ્રત્યે જે પવિત્ર ફરજ બજાવી છે એવી જ ફરજ મારે હવે લોકો





પ્રત્યે સતત પાંચ વર્ષ સુધી બજાવવાની છે એ વાતને હું કાયમ અગ્રિમતા આપીશ. અંતે તેમણે આ ભવ્ય સન્માન સમારંભમાં પધારેલા દેશ વિદેશના મહાનુભાવો, જ્ઞાતિ આગેવાનો તથા સમસ્ત મહેર સમાજનો હાર્દિક આભાર માન્યો હતો.

ધારાસભ્ય શ્રી કાંધલભાઇ જાડેજાનું આ સન્માન સમારંભમાં દેશ વિદેશના મહેર આગેવાનો, મહેર સમાજની વિવિધ સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રમુખો, મહેર સમાજ પ્રમુખો, ગામ આગેવાનો, સરપંચો તથા ગણમાન્ય વ્યક્તિઓએ પણ આગવું સન્માન કર્યું હતું. લેસ્ટર મહેર સમાજના શ્રી નાગાજણભાઇ બાપોદરા, કોંગ્રેસ અગ્રણી શ્રી સામતભાઇ આર. ઓડેદરા તથા શ્રી રામદેવભાઇ મોઢવાડીયા, રાણાવાવના માજી સભાપતિ શ્રી સામતભાઇ ઓડેદરા, નિર્વાણધામ યોગાશ્રમના સ્વામી શ્રી પરમાત્માનંદ ગિરિજી, જુનાગઢ મહેર સમાજના શ્રી ભાયાભાઇ રાતિયા, શ્રી મુળુભાઇ ઓડેદરા તથા શ્રી રામસિંગભાઇ સુંડાવદરા, પોરબંદર મહેર જ્ઞાતિભવન પ્રમુખ શ્રી ભીમભાઇ ચૌહાણ, રાણાવાવ મહેર સમાજ પ્રમુખ શ્રી હરભમભાઇ કેશવાલા, જામનગર ચેમ્બર પ્રમુખ શ્રી લાખાભાઇ કેશવાલા, કુતિયાણા મહેર સમાજના શ્રી વેજાભાઇ મોઢેદરા, શ્રી ઠેબાભાઇ ચૌહાણ તથા શ્રી નવઘણભાઇ ઓડેદરા, છાંયા મહેર સમાજના શ્રી ભીમભાઇ ઓડેદરા, વેરાવળ મહેર સમાજના શ્રી ખીમાભાઇ સીસોદીયા, વલ્લભ વિદ્યાનગર મહેર સમાજના શ્રી બચુભાઇ સુત્રેજા, માણાવદર મહેર સમાજના શ્રી બચુભાઇ આંત્રોલીયા, રાજકોટ મહેર સમાજના શ્રી કરશનભાઇ સુત્રેજા, રાણાવાવ પૂર્વ સભાપતિ શ્રી કેશુભાઇ ઓડેદરા, કેશોદ મહેર સમાજના શ્રી પરબતભાઇ ઓડેદરા, માધવપુર મહેર સમાજના ડો. દેવશીભાઇ દાસા, શ્રી મહેર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયાબેન કારાવદરા, ફટાણા ઓવરસીઝ ટ્રસ્ટવતી શ્રી ભીમભાઇ મોઢવાડીયા, સમાધાન સમિતિના શ્રી અરજનભાઇ બાપોદરા, શ્રી ગીગાભાઇ કેશવાલા તથા શ્રી પરબતભાઇ ઓડેદરા, શિક્ષણ સમિતિના શ્રી રાયદેભાઇ મોઢવાડીયા તથા શ્રી દેવાભાઇ ભુતિયા, આચાર્યસંઘના પ્રમુખ શ્રી લીલાભાઇ ઓડેદરા, નેચર ક્લબવતી શ્રી સાજણભાઇ ઓડેદરા, કાંધલી કૃપા ટ્રસ્ટવતી શ્રી સુરેશભાઇ કડછા સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ પણ શ્રી કાંધલભાઇ જાડેજાનું સન્માન કર્યું હતું. આ સન્માન સમારંભમાં પધારેલ તમામ જ્ઞાતિજનોનું હૃદયથી અભિવાદન કરતાં શ્રી દેવાભાઇ ઓડેદરાએ સૌનો હાર્દિક આભાર માનતાં આભારવિધિ કરી હતી.

# ઈતિહાસ : મહેર સમાજ સાથે સંકળાયેલ અગત્યનો ઐતિહાસિક ઘટનાક્રમ

સપ્ટેમ્બર ૨૦૧૨ ના અંકમાં મહેર સમાજનો આધારભૂત સંક્ષિપ્ત ઇતિહાસ આપવાનો પ્રયાસ કરેલ જેને લગભગ તમામ વાચક વર્ગે ઉમદા શબ્દોમાં બીરદાવેલ છે. આ લેખ માટે એટલા બધા પ્રતિભાવો અમને મળેલ કે એ તમામનો ઉલ્લેખ કરવાનું શક્ય ન હોય; એ લેખ માટે પત્રથી, ફોનથી, એસએમએસથી કે મેઇલથી પ્રતિભાવ આપનાર તમામ જ્ઞાતિજનના અમો હાર્દિક આભારી છીએ. સાથે જ લગભગ તમામ જ્ઞાતિજનોનો એવો સૂર પણ વ્યક્ત થયેલ કે ઇતિહાસની માહિતી આપતા આવા લેખો અવાર નવાર આપતા રહો તો સૌને અગત્યની માહિતી મળે અને આપણા ઇતિહાસથી અને ઘટનાઓથી જ્ઞાતિજનો વાકેફ થાય. તમામ જ્ઞાતિજનોની ઉત્સુક્તાને માન આપતાં આ અંકમાં ફરી મહેર સમાજની અમુક અગત્યની ઘટનાઓને આપ સૌની સમક્ષ લાવીએ છીએ. અત્રે ફરીથી સ્પષ્ટતા કરું છું કે આ કોઇ મારું અંગત સંશોધન નથી પણ આપણા સમાજના ઇતિહાસને સમાવતાં અનેક પુસ્તકોનો અભ્યાસ કરતાં અલગ અલગ પુસ્તકોમાંથી જે ઘટનાક્રમ અને તારણો જાણવા મળ્યાં એનું સંપાદન માત્ર છે અને એમાં કોઇ ક્ષતિ રહી જવા પામી હોઇ તો દરગુજર કરશો. આપની જાણમાં પણ આપણા સમાજના ઇતિહાસને લગતી કોઇ ઘટના કે અગત્યની માહિતી હોઇ તો અમને જરૂરથી જણાવશો.

**-પરબત ઓડેદરા.**



**મહેર શૈલીનું પોરાણિક શિલ્પ**

ઇ.સ. પૂર્વ ૮૦૦૦: પુરાણો અનુસાર સૂર્યવંશની સ્થાપનાનો સમય ગાળો. મહારાજા વિવસ્વાને આર્યાવ્રતની શોધ કરી હતી જે પાછળથી ભરતખંડ તરીકે ઓળખાયો.

ઇ.સ. પૂર્વ ૭૦૦૦: પુરાણો અનુસાર ચંદ્રવંશની સ્થાપનાનો સમય ગાળો. ચંદ્રવંશ યદુકુળ તરીકે પણ જાણીતો છે.

ઇ.સ. પૂર્વ ૩૦૦૦: મહાભારતનો સમયગાળો. મહાભારતના ધર્મયુધ્ધમાં મેદ કે મેડ લોકોનો ઉલ્લેખ થયેલો છે.

ઇ.સ. પૂર્વ ૪૦૦: રોમ સંસ્કૃતિને સમાંતર મેડીયાની સુવિકસિત મેડ (મેદ) સંસ્કૃતિનું અસ્તિત્વ વર્લ્ડ હિસ્ટ્રી માં જોવા મળે છે. આ મેડ (મેદ) સંસ્કૃતિ એ મહેર (મેર)કોમનું મૂળ હોવાનું મોટા ભાગના ઈતિહાસકારો તથા પુરાતત્વવિદો માને છે.

ઇ.સ. પૂર્વ ૧૮૫ : ગ્રીક યવન સેનાપતિ ડ્રેમેસ્ટ્રીયસે ભારતની ધરતી પર પગ મુક્યો. તેણે સિંધ તથા સૌરાષ્ટ્રના પ્રદેશો જીતી લઇ મલેચ્છ યવન સામ્રાજ્યની સ્થાપના કરી હતી.

ઇ.સ. પૂર્વ ૧૨૫ : આ સમયે ભારતવર્ષમાં મેડો, શકો, કુષાણો, શુશકો, યવનો, પલ્લવો, પર્શિયનો વગેરે પરદેશી લોકો સ્થળાંતર કરીને આવ્યા.

ઇ.સ. પૂર્વ ૩૦ : ઇતિહાસકાર ઇટલીયનના કથન અનુસાર મેદ કે મીના(મેર) જાતિ ચાંચિયા તરીકે જાણીતી હતી સિંધનાં બંદરો પર તેમનો કબ્જો હતો. તેઓએ સિંધ પ્રાંતમાં એક નગર પણ વસાવ્યું હતું, જેનું નામ મીનનગર હતું.

ઇ.સ. ૨ જી સદીઃ રાજપુતોના નામ પાછળ સિંહ શબ્દ વાપરવાની શરૂઆત કરનાર રાજા રૂપસિંહનો શિલાલેખ જોવા મળે છે. માળવાના પરમાર રાજાઓએ વિ.સં.ની દશમી સદી, મેવાડના ગોહેલ સીસોદીયા વંશમાં બારમી સદીમાં અને રાઠોડ વંશમાં સતરમી સદીમાં સિંહ શબ્દ પ્રચલિત જોવા મળે છે.

ઇ.સ. પાંચમી સદીઃ આ ગાળામાં પરદેશી ગણાતા કેદારો, યુએચીઓ, કખઝરો, સફેદ હુણ તથા મિહિર (મેર) લોકો હિંદુસ્તાનમાં આવ્યા.

ઇ.સ. ૪૫૦: મિહિર(મહેર) પ્રજા સિંધ વિસ્તારમાં વસતી હતી.

ઇ.સ. ૪૮૦: રાજા ભટ્ટાર્કે વલ્લભીપુરમાં મૈત્રક, મિહિર(મહેર) શાસનની સ્થાપના કરી. મૈત્રકોનું આધિપત્ય લગભગ ૩૦૦ વર્ષ સુધી રહ્યું હતું. આ મૈત્રકો એ જ મહેરવંશ હોવાનું ઈતિહાસકારો માને છે.

ઈ.સ. ૫૦૫: રાજા તોરમાણ તથા તેના પુત્ર મિહિરગુલનો શાસનકાળ.

ઇ.સ. ૫૧૨-૫૪૦: રાજા મિહિરગુલે ગુપ્તવંશના રાજાઓને હરાવ્યા હતા અને તેના નામ ઉપરથી તેના વંશજો મિહિર કે મહેર તરીકે ઓળખાયા તથા તેમણે કાઠિયાવાડ અને સુરાષ્ટ્ર દિપમાં રાજ્ય સ્થાપ્યું હતું.

ઇ.સ. ૫૪૦: વલ્લભીપુરના તાંમ્રપત્રના આધારે સાબીત થાય છે કે મૈત્રકવંશનું મહેર નામ જાહેર થયું અને કાઠિયાવાડ તથા સૌરાષ્ટ્રમાં મહેર લોકોએ રાજ્ય સ્થાપ્યું હતું.



**મહેર શૂરવીરોના પાળીયા**

ઇ.સ. છઠ્ઠી સદીઃ રાજસ્થાનમાં પડિહાર(પ્રતિહાર,કેશવાલા) વંશનો ઉદય.



સતિ લીરબાઇ મા

ઇ.સ. ૫-૮મી સદી: ગુજરાતના ઈતિહાસનો પ્રભાવશાળી મૈત્રક, મિહિર (મહેર) શાસનકાળ.

ઇ.સ. ૫૮૦: પડિહાર વંશ રાજપુતાનામાંથી ગુજરાતમાં આવ્યા અને તેણે સૌરાષ્ટ્રમાં પણ સતા સ્થાપી હતી, તેની રાજધાની નાંદોદ હતી અને આ રાજાઓ સૂર્યપૂજક મિહિર હતા.

ઇ.સ. ૬૩૦: દક્ષિણ ગુજરાતમાં ચાલુક્ય કે સોલંકી સતાનો ઉદય થયો હતો.

ઇ.સ. ૭૧૨: આરબોએ સિંધ પર ચડાઇ કરી ત્યારે સોરઠના બહાદુર મહેર રાજાઓએ તેનો જોરદાર સામનો કર્યો હતો.

ઇ.સ. ૭૧૪: આરબોએ સૌરાષ્ટ્ર મંડલ સાથે સંધિ કરી તેમાં મેડ (મેર) લોકોનો ઉલ્લેખ થયેલો છે.

ઇ.સ. ૭૪૭: ચાવડાવંશે અણહિલપુર પાટણનો પાયો નાખ્યો હતો. ચાવડાઓની સતા સોમનાથના પવિત્ર દેવળ ઉપર હતી અને દિવ બંદર તેની રાજધાનીનું શહેર હતું. આ ચાવડાવંશના મહેરો પોરબંદર તાબાના ગામ પાદરડીમાં હાલમાં પણ વસે છે.

ઇ.સ. ૭૭૦: મહેર લોકોએ સૌરાષ્ટ્રમાં સતા સ્થાપી તેની બે શાખાઓ જોવા મળે છે. બરડા પ્રાંતની શાખા અને બીજી ગોહિલવાડ પ્રાંતની શાખા. સૌરાષ્ટ્રમાં ગોહિલવંશની સ્થાપના કરનાર સેજકજી મેર સીસોદિયા વંશના હતા અને તેના વંશજો બરડામાં સીસોદિયા મહેર તરીકે ઓળખાય છે.



મહેર જવાંમર્દ

ઇ.સ. ૭૭૭: અમરૂ બીન જમાલે મોટા કાફલા સાથે બરડીયા બંદર પર આક્રમણ કરેલું ત્યારે અગુક સૈન્ધવ નામના ભુમિલિકા(ઘુમલી)ના રાજાએ તેને હરાવી તમામ શત્રુઓનો સંહાર કરેલો. આ સિંધવ શાખના મહેરો આજે પણ કાઠિયાવાડમાં વસે છે.

ઇ.સ. ૭૮૦: મૈત્રકોની વલ્લભી સતાનો નાશ થતાં મહેર લોકો કાઠિયાવાડમાં નાનાં નાનાં રાજયો સ્થાપવા લાગ્યા. આ અરસામાં બરડાની ગોદમાં કચ્છવાહા (કુશનવંશી) કેશવાલા સરદારોએ ભુમલી(ઘુમલી) નામનું નગર વસાવી પોતાની સતા સ્થાપી હોવાનું મનાય છે.


ઇ.સ. ૭૮૦: ચૌહાણવંશના મહેર રાજા અજયપાળે અજમેરનો કિલ્લો બંધાવ્યો હતો.

ઇ.સ. ૮૨૬: કનોજની ગાદી પર પડિહાર રાજા મિહિર ભોજ આવ્યો જેના સિક્કાઓ તથા લેખોમાં તેમને મહેર ભોજ કહેવામાં આવ્યો છે. 'રાજય તરંગિણી' નામના પુસ્તકમાં મિહિરકુલ (મહેર)નું રાજય કાશ્મીરમાં હોવાનો ઉલ્લેખ થયેલ છે.

ઇ.સ. ૮૩૬: કુતુહ બુલ્દાન નામના સિંધના ઈતિહાસ મુજબ સિંધના હાકેમને મેદ(મેર) લોકો સાથે યુધ્ધ થયું હતું જેમાં ત્રણ હજાર મેર માર્યા ગયા હતા છતાં પણ મેર લોકો નમ્યા નહોતા. મેર લોકોએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો નહિ અને આરબો સાથેના કાયમી યુધ્ધથી કંટાળીને તેઓ કચ્છમાં થઇ સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનું મનાય છે.

ઇ.સ. ૮૮૨: મહેર (મેર) લોકોની રીત રસમનું વર્ણન કરતો લેખ વડોદરાનું દાનપત્ર અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન બ્રિટીશ મ્યુઝીયમમાં રાખવામાં આવેલ છે.

ઇ.સ. ૧૦૦૨: જેઠવા રાણા આદિત્ય મેહજીના કુંવર રાણા રણધીરજી કેશવાલા મહેરની દીકરીને પરણી મહેરમાં ભળ્યા જેના વંશજો રાજશાખા મહેર તરીકે ઓળખાય છે.




ભકત શૂરવીર નાથો મોઢો

ઇ.સ. ૧૦૬૬: મેદ, મેડ કે મેર લોકો મુળ લોહાવરના વતની હતા અને લોહાવર મેરના નામ પરથી મેરૂકર તરીકે ઓળખાતું હતું. પાકિસ્તાનમાં લાહોરથી ૧૨ માઇલ દૂર આવેલ હાલનું મઢીવાલા એજ લોહાવર કે મેરૂકર હોવાનું મનાય છે.

ઇ.સ. ૧૧૬૦: જૂનાગઢના રાજા રા'ડીયાસના સમયમાં મહેર જવાંમર્દ બાદરાજી વજીરનો ઉલ્લેખ જોવા મળે છે કે જેઓ માણાવદરની બાજુના નાકરા ગામના વતની હતા.

ઇ.સ. ૧૧૬૪: ભટ્ટીવંશે જેસલમેરમાં રાજય સ્થાપ્યું હતું. યદુવંશી ભટ્ટી (ભુતિયા) શાખના મહેરો દેરોદર, નેરાણા, ખીજદળ, ભડ, ઠોયાણા અને મહેરવદર ગામમાં હાલ પણ વસે છે.

ઇ.સ. ૧૧૭૪: ધનમેરે ધંધુકા ગામ બ્રાહ્મણોને દાનમાં દીધું હતું.



પૂ. માલદેવ બાપુ


ઈ.સ. ૧૧૯૫: અશ ક્યુબ બીદાદના લેખક ઈલ્ન હોક્ને લખ્યું છે કે મેદો (મેરો) સિંધુ નદીના કિનારે વસે છે અને પશુ પાલનનો ધંધો કરે છે તથા તેઓ ઈસ્લામ સ્વીકારતા નથી.

ઈ.સ. ૧૨૦૪: મૂળ દ્વારકાના નામથી જાણિતા વિસાવાડા ગામના વિંઝાત ભગતે સં. ૧૨૬૨ માં ગામની પૂર્વ દિશામાં શ્રી દ્વારકાધીશનાં મંદિરો બંધાવ્યાં છે.

ઈ.સ. ૧૨૧૬: શિયાલ બેટમાંથી મળેલ તાંબ્રપત્રમાં ટીંબાણાના રાજા રણસિંહજી મેરનું નામ લખેલ છે. આ રાજાના વંશજો ખસીયા મહેર કહેવાય છે અને મહુવા પાસેનું મોનપુર ગામ તેની જાગીરનું ગામ ગણાય છે.

ઈ.સ. ૧૨૧૬: હિંબાનક ગામના લેખ અનુસાર મહેર રાજા રતનસિંહના હસ્તે હરીપ્રભા સુરીજીએ ભગવાન મહાવીરની મૂર્તિ પધરાવી હતી.

ઈ.સ. ૧૨૪૦: કચ્છના જાડેજા રજપુતો કાઠિયાવાડમાં આવીને સ્થાયી થયા જેના વંશજો જાડેજા મહેર તરીકે કાઠિયાવાડના ઘેડ પંથકમાં આજે પણ નિવાસ કરે છે.



માલદેવજી ઓડેદરા

ઈ.સ. ૧૨૪૫: વિસાવાડા ગામના વિંઝાત ભગતના પ્રતાપી પુત્ર વિર વિંઝરાના સમય ગાળામાં મૂળ દ્વારકાની યાત્રાધામ તરીકે ખુબ પ્રસિધ્ધિ થઇ હતી.

ઈ.સ. ૧૨૫૦: સીસોદીયા વંશ સેજકજી ગોહિલ સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવ્યો.

ઈ.સ. ૧૨૬૫: સિંધમાંથી સ્થળાંતર કરીને સુમરા રજપુતો કાઠિયાવાડમાં આવ્યા અને તેમણે ઓડદર ગામ વસાવ્યું હતું. તેના વંશજો ઓડેદરા મહેર તરીકે ઓળખાય છે.

ઈ.સ. ૧૨૭૨: ઢાંઢલમેરે ધંધુકાનું રાજ્ય જીતી લીધું હતું. આ ઢાંઢલમેરની દીકરીને પરણીને વીસોજી ગોહિલ મહેરમાં ભળ્યો હતો જેના વંશજો ખાસ કે ખસીયા ગામમાં વસ્યા હોવાથી ખસીયા મહેર તરીકે ઓળખાય છે.

ઈ.સ. ૧૨૯૬: મેવાડમાંથી દેશવટો મળવાથી કાટવો, ગોઢો, મનજી તથા હઠીસંગ નામના સીસોદીયા રજપુતો બરડા પંથકમાં ઘુમલીના રાજા ભાણ જેઠવાના સમયમાં આવ્યા હતા. કાટવો અને ગોઢો મહેરમાં ભળ્યા હતા જેના વંશજો સીસોદીયા મહેર તરીકે આજે પણ બરડામાં વસવાટ કરે છે.

ઈ.સ. ૧૩૩૦: ભટ્ટીવંશ મહારાજ જેસંગે જૂનાગઢનું રાજ્ય જીતી લીધું હતું. તેના વંશજો ભટ્ટી કે ભુતિયા મહેર તરીકે ઓળખાય છે.



મહંત વીજયદાસજી

ઈ.સ. ૧૩૩૦: હાથસણીના લેખમાં ઠેપકજી નામના મહેર રાજાનો ઉલ્લેખ જોવા મળે છે.

ઈ.સ. ૧૪૨૫: ચૌહાણ રજપુતોએ ગરેજ ગામમાં વસવાટ કર્યો અને મહેરમાં ભળ્યા હોવાથી તેના વંશજો ગરેજા કે ચૌહાણ મહેર તરીકે ઓળખાય છે.

ઈ.સ. ૧૪૬૦: આજક ગામના શિલાલેખ મુજબ ઘેડ પંથકમાં પણ જેઠવાની સતા હતી.

ઈ.સ. ૧૫૭૯: મોઢવાડા ગામના મહેર દુદા ધ્રાંગડ મોઢવાડીયાએ ગામનો ગઢ બંધાવ્યો હતો.

ઈ.સ. ૧૬૦૨: બોખીરા ગામના રાજશાખા મહેર વીર ધરણાંતે બરડાના મહેરો સાથે મળીને જામના લશ્કર સાથે ભયંકર યુધ્ધ કરી તેને હરાવીને ભગાડી મુક્યા હતા.

ઈ.સ. ૧૬૦૪: ઘુમલીના રાણા ભાણજીના દરબારમાં કાંધલજી ઓડેદરા નામનો મહેર વજીર હતો.

ઈ.સ. ૧૬૪૪: જેઠવા રાણા રામદેવજીનો જામનગરમાં ઘાત થતાં બરડાની જેઠવા સતા પડી ભાંગી.

ઈ.સ. ૧૬૪૪: ઓડદર ગામના ઓડેદરા મહેરોએ રાજમાતા કલાબાઇ, કુંવર ભાણજી તથા તેના ભાયાતોને આશરો આપી તેમનું રક્ષણ કર્યું હતું. છાંયા ગામમાં રાજમાતાને નવી રાજધાની મહેરોએ સ્થાપી દીધી હતી.



શહિદવીર નાગાર્જુન

ઈ.સ. ૧૬૬૧: પોરબંદરનું શિંગડા ગામ મહેરોએ નંદરામજી મહારાજને ધર્માદામાં આપ્યું હતું.

ઈ.સ. ૧૬૬૩: ઉપલેટા તાલુકાના મહેરવદર ગામના મહેરોએ નીલ પરણાવી મહેરની નાત જમાડી હતી અને આ ગામ ભૂદેવ જોષી ગોરને દાનમાં આપ્યું હતું.

ઈ.સ. ૧૬૬૩: વિ.સં. ૧૭૨૧ના લેખમાં મહેરકોમમાં ગામોની વહેંચણી થઇ તેની નોંધ બતાવેલ છે. કેશવાલા મહેર બુડાઆતા પાસે ૨૪ ગામ ગરાસનાં હતાં.

ઈ.સ. ૧૬૮૭: ખેંગાર મહેરના દીકરા દુદાએ બીલખાની ગાદી ધારણ કરી હતી.

ઈ.સ. ૧૬૯૩: ઉજૈન નગરી છોડી પરમાર શાખનાં અમુક કુટુંબો જૂનાગઢના રાજ્યાશ્રયે સ્થાયી થયાં હતાં.

ઇ.સ. ૧૭૦૭: ભગત, દાતાર અને શૂરવીર નાથો મોઢવાયીયો સત્ય માટે જામના રાજ સામે ધિંગાણે ચડ્યો હતો અને જામને નમાવ્યો હતો.

ઇ.સ. ૧૭૨૦: રાણા સરતાનજીના સમયમાં મુરુ મેણંદ મોઢવાડીયાએ પોરબંદરની સરહદનું રક્ષણ કરતાં ભેટારીના કિલ્લામાંથી જામની બળવાન સેના સામે અણનમ યુધ્ધ ખેલ્યું હતું. એક મહિનો અને આઠ દિવસ ચાલેલા આ યુધ્ધમાં જામની સેનાનો કારમો પરાજય થયો હતો.



ડો. વિરમભાઇ ગોઢાણીયા

ઇ.સ. ૧૮૧૭: સોઢાણા ગામના અરભમ કારાવદરાને તેની બહાદુરી તથા આવડત માટે બ્રિટીશ સરકારે કર્નલનો ખિતાબ તથા સોનાનો ચાંદ અને શમસેર આપ્યાં હતાં.

ઇ.સ. ૧૮૩૨: પોરબંદર તાબાના ઓડદર ગામનો મહેર જવાંમર્દ કાળવો ઓડેદરો નવાબની સેના સાથે લડતાં શહિદ થયો હતો.

ઇ.સ. ૧૮૩૩: કાઠીયાવાડ સારસંગ્રહના એક સંશોધન મુજબ જૂનાગઢની બાજુમાં આવેલ ધંધુસર ગામ ધુંધરીમલ નામના મહેરે વસાવ્યું હતું.

ઇ.સ. ૧૮૮૦: મહેર સમાજનાં પરમ પૂજ્ય શ્રી લીરબાઇ સતીએ રાણા કંડોરણા ગામે સમાધિ લીધી હતી.

ઇ.સ. ૧૮૮૪: મહેર સમાજ ઉધ્ધારક, જ્ઞાતિ શિરોમણી પૂ. માલદેવ રાણા કેશવાલાનો બખરલા ગામે જન્મ થયો હતો.


ઇ.સ. ૧૮૮૬: પોરબંદરના અંગ્રેજ હાકેમ લેલી સાહેબે મોઢવાડા ગામનો ઘેડ રાજ્ય હસ્તક લેવાનો પ્રયાસ કરેલો જેને ભુરા માલાણીની આગેવાનીમાં મહેરોની સંગઠિત તાકાતે નાકામ બનાવ્યો હતો.

ઇ.સ. ૧૮૯૧: સૌરાષ્ટ્ર વિસ્તારમાં મહેર સમાજની અંદાજિત વસ્તી ૨૫ હજારની હતી.

ઇ.સ. ૧૯૧૮: મૈયારી ગામના પરમાર શાખના મહેર મેરુ ભગતે જુનાગઢ શિવરાત્રીના મેળામાં અન્નક્ષેત્ર ચાલુ કર્યું હતું.

ઇ.સ. ૧૯૩૩: મહેર જ્ઞાતિ શિરોમણી પૂ. માલદેવ રાણા કેશવાલાએ મહેર ભાઇઓના સહયોગથી મહેર સમાજની સર્વ પ્રથમ સંસ્થા શ્રી મહેર જ્ઞાતિભવનની ઝુંડાળા, પોરબંદર ખાતે સ્થાપના કરી હતી.

ઇ.સ. ૧૯૪૭: મહેર નરબંકા અને વિરાંગનાઓએ આરઝી હકૂમતમાં અનોખું શૌર્ય દાખવી જૂનાગઢને પાકિસ્તાનમાં ભેળવવાની નવાબની મુરાદને અસફળ બનાવવામાં ભવ્ય યોગદાન આપી ઇતિહાસ રચ્યો હતો. પૂ. મહંત બાપુ તથા પૂ. માલદેવ બાપુએ અગ્રિમ ભુમિકા ભજવી હતી.



બાબુભાઇ બોખિરીયા

ઇ.સ. ૧૯૫૧: મહેર સમાજના રાજકિય ભિષ્મ પિતામહ શ્રી માલદેવજી ઓડેદરા મહેર સમાજના પ્રથમ ધારાસભ્ય બન્યા હતા. તેઓ સતત ત્રણ ટર્મ માટે ધારાસભ્ય બનવા ઉપરાંત મહેર સમાજના પ્રથમ સાંસદ પણ બન્યા હતા. ગુજરાત સરકારમાં નાણાંમંત્રીનું પદ ભોગવનાર તેમણે ગુજરાત કોંગ્રેસ પ્રમુખનો હોદો પણ ભોગવ્યો હતો.

ઇ.સ. ૧૯૫૨: મહેર સમાજના જાજરમાન ચિત્રકાર, કલાગુરુ શ્રી અરિસિંહ રાણા કેશવાલાને તેના ચિત્ર પનિહારી માટે સુવર્ણ ચંદ્રક મળ્યો હતો.

ઇ.સ. ૧૯૬૨: સ્વાતંત્ર પર્વ સમારોહમાં પોતાની કલા રજુ કરવા ગયેલી કુછડી ગામની મહેર દાંડીયા રાસ મંડળીને વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ તથા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર બાબુએ મેડલ એનાયત કર્યા હતા.

ઇ.સ. ૧૯૭૧: પોરબંદરના મોઢવાડા ગામનો મુળ વતની તથા ભારતિય સેનામાં સેકન્ડ લેફ્ટેનન્ટ તરીકે જમ્મુના છાંબ સેક્ટરમાં ફરજ બજાવતો નાગાજણ કરશન સીસોદીયા ૨૧ વર્ષની વયે ભારત-પાક યુધ્ધમાં શહિદીને વર્યો હતો.

ઇ.સ. ૧૯૮૦: મહેર સમાજના સર્વ પ્રથમ શૈક્ષણિક ટ્રસ્ટ શ્રી માલદેવ રાણા મહેર એજ્યુકેશન એન્ડ ચેરીટિબલ ટ્રસ્ટની મહેર સમાજના વિદ્યાર્થી ભાઇ બહેનોને આર્થિક સહયોગ આપવાના હેતુસર સ્થાપના કરવામાં આવી.

ઇ.સ. ૧૯૮૦: મહેર સમાજના દિગ્ગજ આધ્યાત્મિક અને રાજકિય નેતા મહંત વિજયદાસજીએ ગુજરાત સરકારમાં કૃષિમંત્રીનો મહત્વનો કેબીનેટ કક્ષાનો હોદો મેળવ્યો હતો અને તેઓ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ પણ બન્યા હતા.



અર્જુનભાઇ મોઢવાડીયા

ઇ.સ. ૧૯૯૨: શ્રીમતી સંતોકબેન સરમણભાઇ જાડેજાએ કુતિયાણા વિસ્તારની બેઠક જીતી મહેર સમાજના સર્વ પ્રથમ

મહિલા ધારાસભ્ય બનવાનું ગૌરવ મેળવ્યું.

ઈ.સ. ૧૯૯૬ઃ યુ.કે.માં મહેર સમાજના કોમ્યુનીટી સેંટર(મહેર સમાજ)ની લેસ્ટર ખાતે સ્થાપના કરવામાં આવી હતી.

ઈ.સ. ૧૯૯૯ઃ પોરબંદર શહેરના દિલિપ ગ્રાઉન્ડમાં સર્વ પ્રથમ આંતર રાષ્ટ્રિય મહેર મહા સંમેલન યોજાયું હતું જેમાં સમસ્ત મહેર સમાજની સર્વાનુમતિથી મહેર સમાજની સર્વોચ્ચ સંસ્થા શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી. ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાને કાઉન્સિલના પ્રમુખ તરીકે સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મહેર સમાજના મુખપત્ર સુકલ્પની ‘સંકલ્પ’ નામે શરૂઆત થઇ હતી.

ઈ.સ. ૨૦૦૧ઃ પોરબંદરના ધારાસભ્ય શ્રી બાબુભાઇ બોખીરીયા ગુજરાત સરકાર કેબીનેટમાં સિંચાઇ મંત્રી તરીકે નિયુક્ત થયા હતા.

ઈ.સ. ૨૦૦૨ઃ પોરબંદર વિસ્તારના ધારાસભ્ય શ્રી અર્જુનભાઇ મોઢવાડીયાની ગુજરાત રાજ્ય વિરોધપક્ષના નેતા તરીકે વરણી કરવામાં આવી હતી. તે પછી તેઓને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ઈ.સ. ૨૦૦૭ઃ શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખશ્રી ડો. વિરમભાઇ રાજાભાઇ ગોઢાણીયાને તેમની સામાજિક, શૈક્ષણિક તથા અન્ય રચનાત્મક પ્રવૃતિઓ માટે ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલના હસ્તે પ્રતિષ્ઠિત રાજર્ષિ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

ઈ.સ. ૨૦૧૨ઃ પોરબંદર વિસ્તારના ધારાસભ્ય શ્રી બાબુભાઇ બોખીરીયાની ગુજરાત રાજય સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે પુનઃ વરણી કરવામાં આવી. એક સાથે કેબીનેટ સ્તરનાં સાત ખાતાંનો કાર્યભાર મેળવી તેમણે એક અનોખો રાજકીય ઇતિહાસ સર્જ્યો.

# લગ્નોત્સવ : પોરબંદર ખાતે યોજાયલ મહેર સમુહ લગ્નોત્સવ

આજના સમયમાં ધન સંપન્ન માણસો સગાઇ કે લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં દેખાદેખી અથવા અન્યથી વધારે ભવ્ય કરવાની હોડમાં લખલૂંટ ખર્ચા કરતા થયા છે ત્યારે બીજી બાજુ આપણા સમાજના એવા ઘણા પરીવારો પણ છે કે જેને આર્થિક સ્થિતિને કારણે યુવાન દીકરી કે દીકરાને પરણાવવાનો પ્રશ્ન સતાવતો હોય છે. એ ખુબ જ કપરો પ્રશ્ન બની જતો હોય છે. ગરીબ ઘરના દીકરા-દીકરીઓના માવતરને સહાયરૂપ થવા તથા બીન જરૂરી ખર્ચા નિવારવાના શુભ આશયથી શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ દર વર્ષે સમસ્ત મહેર સમાજના સમુહ લગ્નોત્સવનું આયોજન કરે છે. મહેર સમાજનો લગ્નોત્સવ સમાજના નાના તથા આર્થિક રીતે મુંઝવણ અનુભવતા અનેક પરીવારો માટે આશીર્વાદ સાબીત થયો છે. આ વર્ષનો સમુહ લગ્નોત્સવ પોરબંદરના ચોપાટી મેદાન ખાતે તા. ૭ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. પોરબંદરનું ચોપાટી મેદાન વહેલી સવારથી જ મંગલ ધ્વનિની સુરાવલીઓથી ગુંજી ઉઠયું હતું. ચોપાટીના વિશાળ મેદાનમાં યોજાયેલા આ લગ્નોત્સવની વહેલી સવારના મનોહારી મંગલ વાતાવરણમાં ગણપતિના સ્થાપનથી શુભ શરૂઆત થઇ હતી. લગ્નોત્સવમાં સામેલ તમામ નવદંપતિઓ વતી ગણપતિ પૂજન શ્રી દેવાભાઇ ભુતિયા તથા શ્રીમતી દેવીબેન ભુતિયાએ કર્યું હતું. તેરમા સમુહ લગ્નોત્સવમાં આપણા સમાજનાં ૪૬ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડી ગૃહજીવનની શુભ શરૂઆત કરી હતી. પોરબંદર સાંદિપની વિદ્યાનિકેતનના ઋષિ કુમારોના શુધ્ધ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારથી લગ્નોત્સવનું વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ભારતિય લગ્ન પરંપરાની તમામ શાસ્ત્રોક્ત વિધિ દરેક લગ્ન મંડપમાં નીહાળવા મળી હતી. વચ્ચે વચ્ચે પ્રસંગને અનુરૂપ મહેર મહિલા મંડળની બહેનો તથા ગોઢાણીયા કોલેજની વિદ્યાર્થીનીઓએ સમા સમાનાં પરંપરાગત લગ્નગીતોનો મધુર આલાપ છેડી વાતાવરણને વધારે મોહક બનાવ્યું હતું. યુ.કે.થી પધારેલાં સાવન મ્યુઝીક્નાં સાજણબેન ઓડેદરાના મધુર કંઠે પરંપરાગત લગ્નગીતોની વિશેષ સુમધુર સરવાણી સાંભળવા મળી હતી.

લગ્નોત્સવમાં લગભગ સાડા ચાર હજાર કરતાં પણ વધુ સંખ્યામાં માનવ મહેરામણ એકઠો થયો હતો જેની સુચારુ વ્યવસ્થા સુપ્રિમ કાઉન્સિલના સભ્યો, જ્ઞાતિના સ્વયંસેવકો તથા કાર્યકરોએ કુશળતાથી નિભાવી હતી. આ પ્રસંગે લગ્નોત્સવમાં સામેલ થનાર નવદંપતિઓને આશિર્વચન પાઠવતાં ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાએ તમામ યુગલોને સુખમય ગૃહજીવનનાં અંતઃકરણથી આશીર્વાદ આપ્યાં હતાં. તેમણે આવા મોટા પ્રસંગની ધરોહર સમાન દેશ વિદેશના તમામ દાતાઓનો આભાર માન્યો હતો. આજના જમાનામાં બીનજરૂરી ખર્ચા ઘટાડી સમૂહ લગ્નોત્સવ કઇ રીતે સમાજના ગરીબ વર્ગ માટે આશીર્વાદરૂપ સાબીત થયો છે તેની આછી સમજ આપતાં તેમણે વધુને વધુ સંખ્યામાં સમાજને આવા ક્રાંતિકારી પ્રસંગોમાં જોડાવાની અપીલ કરી હતી. તેમણે સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે શિક્ષણ પર ખાસ ભાર મુક્તાં મહેર સમાજના સાંદીપની નજીક સાકાર થઇ રહેલ ભવ્ય શૈક્ષણિક સંકુલની વિગતે માહિતી આપી હતી. સમાજ ઉત્કર્ષના આ આયોજનથી સંતોષની લાગણી વ્યક્ત કરતાં તમામ આગેવાનો અને કાર્યકરોનો તેમણે આભાર માન્યો હતો. સમાજનાં કાર્યો કરવા માટે આપસી તાલમેલ તથા સંગઠનની આવશ્યક્તા હોય છે જેનું સુંદર ઉદાહરણ પુરું પાડનાર મહેર સમાજના તમામ કાર્યકરોનો તેમણે હાર્દિક આભાર માન્યો હતો.

લગ્નોત્સવમાં ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયા, શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરા, ડો. શ્રી દેવશીભાઇ ખુંટી, શ્રી હરભમભાઇ કેશવાલા, શ્રી સુકાભાઇ આંત્રોલીયા, શ્રી ભીમભાઇ ઓડેદરા, શ્રી રાજશીભાઇ પરમાર, શ્રી રામસિંગભાઇ સુંડાવદરા, શ્રીમતી જયોતિબેન બોખિરીયા, શ્રીમતી જયશ્રીબેન ગોઢાણીયા, શ્રીમતી રાણીબેન કેશવાલા, શ્રી મેરામણભાઇ મોઢ વાડીયા, શ્રી અરજનભાઇ બાપોદરા, શ્રી કેશુભાઇ સીડા, શ્રી પરબતભાઇ ઓડેદરા, શ્રી રાજદેભાઇ જાડેજા, ડો. શ્રી દેવશીભાઇ દાસા, શ્રી ભીમભાઇ ચૌહાણ, શ્રી સામતભાઇ ઓડેદરા, શ્રી કાનાભાઇ ઓડેદરા, શ્રી જીવાભાઇ ગરેજા, શ્રી ભીમભાઇ ગોરસિયા, શ્રી જીવાભાઇ નાગાભાઇ ઓડેદરા, શ્રી આલાભાઇ ઓડેદરા, શ્રી ગીગાભાઇ ગોરાણીયા, શ્રી વિક્રમભાઇ ઓડેદરા, શ્રી જેઠાભાઇ ઓડેદરા, શ્રી વિજયભાઇ સુંડાવદરા, શ્રી રાજુભાઇ ઓડેદરા, શ્રી ભીમભાઇ સુંડાવદરા, શ્રી ધીરુભાઇ ઓડેદરા સહિત અનેક જ્ઞાતિ અગ્રણીઓએ હાજરી આપી હતી. વિદેશથી પધારેલા મહેમાનો શ્રી અરજનભાઇ તથા શાંતાબેન ગોઢાણીયા, શ્રી જયાબેન માલદેભાઇ ઓડેદરા, શ્રી કેશુભાઇ રામાભાઇ ઓડેદરા, શ્રી આત્યાભાઇ ગોઢાણીયા, શ્રી કારૂભાઇ તથા જયાબેન કારૂભાઇ ઓડેદરા, શ્રી કરશનજીભાઇ ઓડેદરા, શ્રી અરભમભાઇ ડોસાભાઇ કારાવદરા, શ્રી નાથાભાઇ ઓડેદરા, શ્રી મુરૂભાઇ દુદાભાઇ, શ્રી રાજાભાઇ તથા સાજણબેન રાજાભાઇ ઓડેદરા વગેરેએ પણ હાજરી આપી હતી. ઉપરાંત શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના હોદેદારો, તમામ સભ્યો, અન્ય સમિતિઓના સભ્યો અને કાર્યકરોએ તથા જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ લગ્નોત્સમાં માનવ જીવનને મહેકાવતા રક્ત માટે રક્તદાન કેમ્પનું આયોજન શ્રી મહેર યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. થેલેસેમિયાના બાળદર્દીઓ માટે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં યુવાનોએ હોશભેર ભાગ લીધો હતો. બારમા સમૂહ

લગ્નોત્સવના આયોજનથી લઈને સફળ સંપન્નતા સુધી વડીલો ડો. શ્રી દેવશીભાઇ ખુંટી તથા શ્રી મેરામણભાઇ મોઢવાડીયાના માર્ગદર્શન હેઠળ શ્રી સામતભાઇ સુંડાવદરા, શ્રી પુંજાભાઇ મોઢવાડીયા, શ્રી રાયદેભાઇ મોઢવાડીયા, શ્રી દેવાભાઇ ઓડેદરા, શ્રી પરબતભાઇ ઓડેદરા, શ્રી દેવાભાઇ ભુતિયા, શ્રી ખીમાભાઇ રાણાવાયા, શ્રી વિરમભાઇ ઓડેદરા, શ્રી અરજનભાઇ બાપોદરા, શ્રી રાજશીભાઇ ઓડેદરા, શ્રી રામભાઇ કેશવાલા, શ્રી પૃથ્વીપાલ વિસાણા, શ્રી નોઘણભાઇ મોઢવાડીયા, શ્રી સાજણભાઇ ઓડેદરા, શ્રી માલદેભાઇ ઓડેદરા, શ્રીમતી જયાબેન કારાવદરા, શ્રીમતી રમાબેન ભુતિયા, શ્રીમતી ગીતાબેન વિસાણા, શ્રીમતી જયાબેન સુંડાવદરા, શ્રીમતી રેખાબેન મોઢવાડીયા, શ્રીમતી દેવીબેન ભુતિયા તથા મહિલા મંડળના અન્ય સભ્યો અને સોશ્યલ ગૃપના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આપણા સમાજના આ મહા પ્રસંગમાં સીસલી, સોઢાણા, રાતિયા તથા ચાંદીગઢના સ્વયં સેવક ભાઇઓએ ખુબ જ ઉત્સાહભેર વિવિધ વિભાગોમાં પોતાની ઉમદા સેવાઓ આપી હતી. વિવિધ સામાજિક સેવાઓમાં કાર્યરત શ્રી રોકડીયા હનુમાન મિત્રમંડળ તથા શ્રી મહેર વિદ્યાર્થી ભવનના વિદ્યાર્થી ભાઇઓ અને શ્રી મહેર યુવક મંડળના સભ્યોએ પણ લગ્નોત્સવમાં સરાહનિય સેવાઓ આપી હતી. છેલ્લા ત્રણ વર્ષથી સમુહ લગ્નોત્સવમાં ભોજનખર્ચના મુખ્ય દાતા બનનાર યુ.કે.ના શ્રી લક્ષ્મણભાઇ અરભમભાઇ મોઢવાડીયા તથા મોઢવાડીયા પરીવાર રૂા. ૧,૫૧,૦૦૦ નું અનુદાન આપીને આ વર્ષે પણ લગ્નોત્સવના મુખ્ય દાતા બનેલ છે. આપણા સમાજની દીકરીઓના ઉત્કર્ષ માટે યોજાતો મહાપર્વ સમાન આ લગ્નોત્સવ ખુબ જ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં અનોખી સફળતા સહ સંપન્ન થયો હતો. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા તન, મન તથા ધનથી સહયોગી બનનાર દેશ વિદેશના તમામ જ્ઞાતિજનોનો શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ અંતઃકરણથી હાર્દિક આભાર માને છે.

**સમુહ લગ્નોત્સવ ૨૦૧૩ ના દાતાશ્રીઓની યાદી :**

| | | |
|---|---|---|
| શ્રી લક્ષ્મણભાઇ અરભમભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧,૫૧૦૦૦ |
| શ્રી મેરૂભાઇ ગાંગભાઇ ચૌહાણ | વડોદરા | ૪૦૦૦૦ |
| ડો. શ્રી ભીમાભાઇ અરજણભાઇ ઓડેદરા | યુ.કે. | ૨૧૦૦૦ |
| શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા | બોખીરા | ૨૧૦૦૦ |
| શ્રી કેશુભાઇ મુળુભાઇ ગરેજા | છાંયા | ૧૮૦૦૦ |
| ડો. શ્રી વિરમભાઇ રાજાભાઇ ગોઢાણીયા | લંડન | ૧૬૦૦૦ |
| શ્રી બાબુભાઇ ભીમાભાઇ બોખીરીયા | પોરબંદર | ૧૬૦૦૦ |
| શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા | પોરબંદર | ૧૬૦૦૦ |
| શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરા | રાણાવાવ | ૧૬૦૦૦ |
| શ્રી સરમણભાઇ સવદાસભાઇ સુત્રેજા | જૂનાગઢ | ૧૬૦૦૦ |
| સ્વ. શ્રી ચનાભાઇ વિરમભાઇ રાતિયા | રાણાકંડોરણા | ૧૧૧૧૧ |
| શ્રી આનંદભાઇ રામભાઇ જાડેજા | પોરબંદર | ૧૦૦૦૦ |
| શ્રીમતી શાંતાબેન ભરતભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી બાબુભાઇ સુકાભાઇ કેશવાલા-યુ.કે. | ખાપટ | ૮૦૦૦ |
| શ્રી ખીમાભાઇ જીવાભાઇ ગોરાણીયા | જામનગર | ૮૦૦૦ |
| શ્રી નાગેશભાઇ આર. ઓડેદરા | રાજકોટ | ૮૦૦૦ |
| શ્રી કાળુભાઇ રામદેભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રીમતી રૂપાબેન માલદેભાઇ ગોરાણીયા | અમદાવાદ | ૮૦૦૦ |
| શ્રી રાજદેભાઇ દુદાભાઇ જાડેજા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી કાનાભાઇ એભાભાઇ મોઢવાડીયા | અમેરીકા | ૮૦૦૦ |
| શ્રી દેવશીભાઇ હાદાભાઇ ખુંટી | બખરલા | ૮૦૦૦ |
| શ્રી દેવશીભાઇ મસરીભાઇ ઓડેદરા | રાણાવાવ | ૮૦૦૦ |
| શ્રી દેવાભાઇ કારાભાઇ ભુતિયા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી નવઘણભાઇ ભુરાભાઇ મોઢવાડીયા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી સુકાભાઇ રામભાઇ આંત્રોલીયા | માણાવદર | ૮૦૦૦ |
| શ્રી કાળુભાઇ એ. ઓડેદરા | જૂનાગઢ | ૮૦૦૦ |
| શ્રીમતી સાજણબેન રાજાભાઇ ઓડેદરા | યુ.કે. | ૮૦૦૦ |
| શ્રી રમેશભાઇ ભનુભાઇ ઓડેદરા | કુતિયાણા | ૮૦૦૦ |
| શ્રી સાજણભાઇ રામભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |



ગણપતિ પૂજન



પારંપરિક લગ્નગીતો



લગ્નોત્સવનું ઉદ્‌ઘાટન

| | | |
|---|---|---|
| સ્વ. શ્રી આવડાભાઇ લગધીરભાઇ ગોઢાણીયા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી અરજણજી પરબતજી ઓડેદરા | લ્યુટન | ૮૦૦૦ |
| શ્રી દીલીપભાઇ કેશવભાઇ ભુતિયા | રાણાકંડોરણા | ૮૦૦૦ |
| શ્રી સમસ્ત મહેર સમાજ, અડવાણા | અડવાણા | ૮૦૦૦ |
| શ્રી મુળુભાઇ ભીમાભાઇ કારાવદરા | કેનેડા | ૮૦૦૦ |
| શ્રી નાથાભાઇ રામભાઇ ઓડેદરા | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રી રામભાઇ નાગાજણભાઇ તરખાલા | ઉના | ૮૦૦૦ |
| શ્રી મેરૂભાઇ પરબતભાઇ આગઠ | રાજકોટ | ૮૦૦૦ |
| શ્રી વિક્રમભાઇ વેજાભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી પરબતભાઇ રામભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી જયેશભાઇ નાથાભાઇ કારાવદરા | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રી રામ ભરોસે | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી રાજશીભાઇ કરણાભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી પુંજાભાઇ મુરૂભાઇ ઓડેદરા | રાજકોટ | ૮૦૦૦ |
| શ્રી રામભાઇ ભુરાભાઇ ઓડેદરા | રાજકોટ | ૮૦૦૦ |
| શ્રી હરભમજી જેસાજી ઓડેદરા-યુ.કે. | ફટાણા | ૮૦૦૦ |
| લુણા એન્ડ પ્રોપર્ટીઝ લી. | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રીમતી લાખીબેન માલદેભાઇ લુણા મોઢવાડીયા | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રી ભીમભાઇ માલદેભાઇ મોઢવાડીયા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી જીવાભાઇ નાગાભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી મુળુભાઇ દુદાભાઇ ઓડેદરા | લંડન | ૮૦૦૦ |
| શ્રી હરભમભાઇ ભારાભાઇ કેશવાલા | રાણાવાવ | ૮૦૦૦ |
| શ્રી ભીમભાઇ અરજણભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી સામતભાઇ રાજશીભાઇ બાપોદરા | રાણાવાવ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી મુળુભાઇ ગીગાભાઇ મોઢવાડીયા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી હરીશભાઇ જીવાભાઇ કેશવાલા | પોરબંદર | ૮૦૦૦ |
| ગંગોત્રી ડેરી પ્રોડક્ટસ પ્રા. લી. | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી અરજણભાઇ ગીગાભાઇ ખીસ્તરીયા | પોરબંદર | ૮૦૦૦ |
| સ્વ. શ્રી લીલાભાઇ સીદીભાઇ ખુંટી | જૂનાગઢ | ૮૦૦૦ |
| શ્રી દુદાભાઇ હરદાસભાઇ ગરેજા | કુતિયાણા | ૮૦૦૦ |
| શ્રી નાગાજણભાઇ એલ. મોઢવાડીયા | પોરબંદર | ૮૦૦૦ |
| નર્મદા મીલ્ક પ્રા.લી. શ્રી કાનાભાઇ તથા મહેશભાઇ | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી આલાભાઇ વિરમભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી આતિયાભાઇ ભીમાભાઇ કેશવાલા | રાણાવાવ | ૮૦૦૦ |
| શ્રી કરશનભાઇ પરબતભાઇ ભારવાડીયા | રાણાવાવ | ૮૦૦૦ |
| શ્રી ખીમાભાઇ ભીમાભાઇ સીસોદીયા | વેરાવળ | ૮૦૦૦ |
| શ્રી દેવશીભાઇ મુળુભાઇ કારાવદરા | રાણાકંડોરણા | ૮૦૦૦ |
| શ્રી ભનુભાઇ જીવાભાઇ ઓડેદરા | જૂનાગઢ | ૮૦૦૦ |
| શ્રી પરબતભાઇ ટપુભાઇ ઓડેદરા | રાજકોટ | ૮૦૦૦ |
| શ્રી વિંઝાભાઇ અરજણભાઇ ઓડેદરા | પોરબંદર | ૮૦૦૦ |
| શ્રી હરદાસભાઇ માંડણભાઇ બાપોદરા | રાણાવાવ | ૮૦૦૦ |
| શ્રી અરભમભાઇ ડોસાભાઇ કારાવદરા | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રી નાગાજણભાઇ વેજાણંદભાઇ ઓડેદરા | લેસ્ટર | ૮૦૦૦ |
| શ્રી લીરબાઇ કૃપા ફર્નિચર, મુળુભાઇ કડેગિયા | બોખીરા | ૮૦૦૦ |
| શ્રી ભાણવડ મહેર સમાજ | ભાણવડ | ૮૦૦૦ |
| શ્રી સામતભાઇ લીલાભાઇ મોઢવાડીયા | પોરબંદર | ૫૦૦૦ |



મહેમાનોનું સન્માન



કાર્યકરોનું સન્માન




નવ પરીણિત નવ દંપતિ

| | | |
|---|---|---|
| શ્રી લક્ષ્મણભાઇ કરશનભાઇ કારાવદરા | બરોડા | ૫૦૦૦ |
| શ્રી લાખાભાઇ પરબતભાઇ ઓડેદરા | રાણાવાવ | ૫૦૦૦ |
| શ્રી રાજશીભાઇ રીણાભાઇ દિવરાણિયા | ધંધુસર | ૨,૨૨૨ |
| શ્રી ભીમાભાઇ પરબતભાઇ ઓડેદરા | ધોરાજી | ૧૧૦૦ |

**સમુહ લગ્નોત્સવ ૨૦૧૩ ઘેડ વિસ્તારના દાતાશ્રીઓની યાદી :**

| | | |
|---|---|---|
| શ્રી ભગતભાઇ રાજાભાઇ કડછા | આંત્રોલી | ૧૬૦૦૦ |
| શ્રી રામભાઇ ટીંબા, ક્રિષ્નાભાઇ તથા ભીમાભાઇ | માધવપુર | ૮૦૦૦ |
| સ્વ. શ્રી મેરખીભાઇ ઘેલાભાઇ પરમાર | માધવપુર | ૮૦૦૦ |
| શ્રી હરદાસભાઇ માલદેભાઇ કડછા | માધવપુર | ૮૦૦૦ |
| શ્રી રામભાઇ સવદાસભાઇ પરમાર | માધવપુર | ૮૦૦૦ |
| ડો. શ્રી દેવશીભાઇ દાસા, વિરમભાઇ દાસા | માધવપુર | ૮૦૦૦ |
| શ્રી વિનુભાઇ કાંધલભાઇ ખુંટી | માધવપુર | ૮૦૦૦ |
| શ્રી પુંજાભાઇ ઘેલાભાઇ જાડેજા | માધવપુર | ૮૦૦૦ |
| આવળ વે બ્રિજ | બળેજ | ૮૦૦૦ |
| શ્રી લખમણભાઇ ગાંગાભાઇ પરમાર | બળેજ | ૮૦૦૦ |
| અમર કૃપા પથ્થર સપ્લાયર્સ | બળેજ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી હરદાસભાઇ રણમલભાઇ પરમાર | બળેજ | ૮૦૦૦ |
| શ્રી નાથાભાઇ જેતસીભાઇ પરમાર | બળેજ | ૮૦૦૦ |
| શ્રી નાગાજણભાઇ ગાંગાભાઇ ટીંબા | મેખડી | ૮૦૦૦ |
| શ્રી ભુરાભાઇ જીવાભાઇ મંડેરા | મેખડી | ૮૦૦૦ |
| શ્રી ભરતભાઇ પુંજાભાઇ પરમાર | મોચા | ૮૦૦૦ |
| શ્રી નેભાભાઇ રણમલભાઇ પાતા | પાતા | ૮૦૦૦ |
| શ્રી માલદેભાઇ નાગાભાઇ કડછા | પાતા | ૮૦૦૦ |



લગ્નવિધિ



| | | |
|---|---|---|
| શ્રી રામદેભાઇ નાગાભાઇ ઓડેદરા | માંગરોળ | ૮૦૦૦ |
| શ્રી હરદાસભાઇ ગાંગાભાઇ મંડેરા | મંડેર | ૮૦૦૦ |
| શ્રી જીવાભાઇ સીદીભાઇ મંડેરા | મંડેર | ૮૦૦૦ |
| શ્રી હાજાભાઇ ભીમાભાઇ દાસા | ગોરસર | ૮૦૦૦ |
| શ્રી હરદાસભાઇ આલાભાઇ ઓડેદરા | મૈયારી | ૮૦૦૦ |
| શ્રી વિવેકાનંદ વિનય મંદિર સ્કુલ સ્ટાફ | રાતિયા | ૮૦૦૦ |
| શ્રી પરબતભાઇ તથા વિરમભાઇ ભુરાભાઇ ટીંબા | બગસરા | ૮૦૦૦ |
| શ્રી હરદાસભાઇ ઘેલાભાઇ કડછા | હંટરપુર | ૮૦૦૦ |
| શ્રી રાજાભાઇ મેરુભાઇ કડછા | મિતી | ૮૦૦૦ |
| શ્રી રાણાભાઇ માંડાભાઇ પરમાર | ચાંદીગઢ | ૮૦૦૦ |
| શ્રી લખમણભાઇ તથા દુલાભાઇ ભીમા કેશવાલા | ચાંદીગઢ | ૮૦૦૦ |
| શ્રી લખમણભાઇ માલદેભાઇ મોઢા | ચાંદીગઢ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી ચિનાભાઇ મુળુભાઇ દાસા પરીવાર | ચાંદીગઢ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી રામદેભાઇ નાથાભાઇ કડછા પરીવાર | ચાંદીગઢ | ૮૦૦૦ |
| શ્રી માલદેભાઇ નાથાભાઇ કડછા | ચાંદીગઢ | ૮૦૦૦ |
| શ્રી નાગાજણભાઇ તથા ભુરાભાઇ ઓડેદરા | કેશોદ | ૮૦૦૦ |
| શ્રી નેભાભાઇ સુત્રેજા તથા ચિરાગ સુત્રેજા | કેશોદ | ૮૦૦૦ |
| શ્રી મુકેશભાઇ ભીમાભાઇ સુત્રેજા | કેશોદ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી જીવાભાઇ ટીડાભાઇ ઓડેદરા | કેશોદ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી રણમલભાઇ જેસાભાઇ વાઘ | કડછ | ૮૦૦૦ |
| શ્રી નેભાભાઇ પુંજાભાઇ કડછા | કડછ | ૮૦૦૦ |
| શ્રી લખમણભાઇ ગીગાભાઇ કડછા | કડછ | ૮૦૦૦ |
| શ્રી નાગાભાઇ તથા રાજુભાઇ કાળાભાઇ મોઢા | બગસરા | ૮૦૦૦ |
| શ્રી સવદાસભાઇ માલદેભાઇ ઓડેદરા | દુબઇ | ૮૦૦૦ |
| સ્વ. શ્રી જીવીબેન રામાભાઇ કારાવદરા | ઇશ્વરીયા | ૮૦૦૦ |
| શ્રી બાપોદર સીતારામ પરીવાર | બાપોદર | ૮૦૦૦ |
| શ્રી વેજાભાઇ નાથાભાઇ કેશવાલા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી મુળુભાઇ એભાભાઇ તરખાલા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી ગોગનભાઇ બોઘાભાઇ જાડેજા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી ગગુભાઇ બચુભાઇ જાડેજા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી ગોગનભાઇ ઘેલાભાઇ કડછા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી દાસભાઇ પુંજાભાઇ ભોગેસરા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી ગીરીશભાઇ સામતભાઇ જાડેજા | મુંબઇ | ૮૦૦૦ |
| શ્રી ગાંગાભાઇ માલદેભાઇ ઓડેદરા | મુંબઇ | ૮૦૦૦ |

**લેસ્ટરથી આવેલ અનુદાન હસ્તે શ્રી લક્ષ્મણભાઇ ઓડેદરા (પાઉન્ડ)**


| | | |
|---|---|---|
| શ્રી લેસ્ટર મહેર કોમ્યુનિટી એસોસિએશન | લેસ્ટર | ૫૦૧ |
| શ્રી આવડાભાઇ લીલાભાઇ કારાવદરા | લેસ્ટર | ૫૦૧ |
| શ્રી કેશુભાઇ સવદાસભાઇ ખીસ્તરીયા | વિઘન | ૪૦૧ |
| શ્રી રાજશીભાઇ માલદેભાઇ ઓડેદરા | પીટરબરો | ૩૦૧ |
| શ્રી મુરૂભાઇ દેવાભાઇ કેશવાલા | માંચેસ્ટર | ૩૦૧ |
| શ્રી દિલીપભાઇ રાજશીભાઇ ઓડેદરા | લંડન | ૨૦૧ |
| શ્રી અજયભાઇ કાનાભાઇ મોઢવાડીયા | લંડન | ૨૦૧ |
| શ્રી હમીરભાઇ નાથાભાઇ ખુંટી | લેસ્ટર | ૨૦૧ |
| શ્રી રામદૂત | લેસ્ટર | ૧૧૧ |



લગનવિધિ દ્રશ્ય



લગનવિધિ દ્રશ્ય



લગનવિધિ દ્રશ્ય


| | | |
|---|---|---|
| શ્રી રાજશીભાઇ રામાભાઇ કારાવદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી લખુભાઇ હરભમભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી રામભાઇ હરભમભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી હરભમભાઇ નાગાભાઇ કારાવદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી મસરીભાઇ દેવાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી સવદાસભાઇ હમીરભાઇ સીસોદીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી રાજુભાઇ પરબતભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી માલદેભાઇ સાંગણભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી ભરતભાઇ રાજશીભાઇ કારાવદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી રમેશભાઇ રાજશીભાઇ કારાવદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી બાબુભાઇ દેવાભાઇ શીડા | બર્મીંહામ | ૧૦૧ |
| શ્રી લખમણભાઇ રાજાભાઇ-અમદાવાદ | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી હીરાંબેન નાગાજણભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી મુંજાભાઇ રાણાભાઇ કુછડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી માંડણભાઇ ભોજાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી કેશુભાઇ આલાભાઇ ઓડેદરા | લંડન | ૧૦૧ |
| શ્રી માલદેભાઇ પરબતભાઇ મોઢવાડીયા | બેડફોર્ડ | ૧૦૧ |
| શ્રી લીનાબેન લખુભાઇ ઓડેદરા | ક્રોવલીન | ૧૦૧ |
| શ્રી નાથાભાઇ જીવાભાઇ કુછડીયા | કેટરીંગ | ૧૦૧ |
| શ્રી પ્રતાપભાઇ કાનાભાઇ સીસોદીયા | પીટરબરો | ૧૦૧ |
| શ્રી અરશીભાઇ રણમલભાઇ ગોઢાણીયા | પીટરબરો | ૧૦૧ |
| શ્રી રીનાબેન અમીતભાઇ ઓડેદરા | પીટરબરો | ૧૦૧ |
| શ્રી લખમણભાઇ વેજાણંદભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી રામભાઇ માલદેભાઇ સીસોદીયા | લેસ્ટર | ૧૦૧ |
| મીસ ડીઝાઇન લી. શાંતિબેન ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી કેશુભાઇ હરભમભાઇ ગોઢાણીયા | લફબરો | ૧૦૧ |
| શ્રી નાગાજણભાઇ લક્ષ્મણભાઇ બાપોદરા | ડનસ્ટેબલ | ૧૦૧ |
| શ્રી સિધ્ધરાજજી ભીમાજી ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી બાલુભાઇ સાંગણભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| મારવુડ કોનવેન્સ સ્ટોર, દેવાભાઇ તથા રણમલભાઇ | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી ખીમાભાઇ ઘેલાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી ભુરાભાઇ દેવાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી રાજશીભાઇ હરભમભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી લાખાભાઇ દેવાભાઇ મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી માલદેભાઇ ખીમાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી જીવાભાઇ ખીમાભાઇ રાણાવાયા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી પ્રતાપભાઇ પુંજાભાઇ ખુંટી, સ્વસ્તિક ટ્રેડર્સ | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી ચનાભાઇ મેરુભાઇ રાજશાખા | ટામવર્થ | ૧૦૧ |
| સ્વ. શ્રી કરશનભાઇ(નથુભાઇ)હાવકા મોઢવાડીયા | લેસ્ટર | ૧૦૧ |
| સ્વ. શ્રી મુરૂભાઇ આવડાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી દીવાળીબેન ખીમાભાઇ ઓડેદરા | લેસ્ટર | ૧૦૧ |
| શ્રી મંજુલાબેન ભટ્ટી | લેસ્ટર | ૧૦૦ |
| શ્રી મણીબેન નાથાભાઇ કારાવદરા | પીટરબરો | ૧૦૦ |

**લ્યુટન, યુ.કે.ના દાતાઓ હસ્તે શ્રી અરજનજી ઓડેદરા(પાઉન્ડ)**

| | |
|---|---|
| શ્રી કેશુભાઇ વેજાભાઇ ઓડેદરા | ૧૦૧ |




આમંત્રિત મહેમાનો



આમંત્રિત મહેમાનો



લગ્નવિધિમાં જવતલ હોમ




કન્યા વિદાયની વસમી ઘડી

| | |
|---|---|
| શ્રી બાબુભાઇ વેજાભાઇ ઓડેદરા | ૧૦૧ |
| શ્રી દિલીપભાઇ પરબતભાઇ ઓડેદરા | ૧૦૧ |
| શ્રી જેઠાભાઇ પરબતભાઇ ઓડેદરા | ૧૦૧ |
| શ્રી હાજાભાઇ માલદેભાઇ વાઘ | ૧૦૧ |
| શ્રી જીતુભાઇ અને રૂપાબેન તન્ના | ૧૦૧ |
| શ્રી પોલાભાઇ ખીમાભાઇ વિસાણા | ૧૦૧ |
| શ્રી વનરાજભાઇ ભીખુભાઇ ઓડેદરા | ૧૦૧ |
| શ્રી નાથાભાઇ લાખાભાઇ મોઢવાડીયા | ૧૦૧ |
| શ્રી ભોજાભાઇ કારાભાઇ કારાવદરા | ૧૦૧ |
| શ્રી મહેર કોમ્યુનીટી લ્યુટન તથા ડનસ્ટેબલ | ૧૦૧ |

**લફબરોના દાતાઓ હસ્તે શ્રી કરશનજી ઓડેદરા(પાઉન્ડ)**

| | |
|---|---|
| શ્રી લફબરો મહેર કોમ્યુનીટી | ૨૦૦ |
| શ્રી લગધીરભાઇ વેજાણંદભાઇ ઓડેદરા | ૧૫૦ |
| શ્રી કારૂભાઇ અરશીભાઇ ઓડેદરા | ૧૧૦ |
| શ્રી રૂપેશભાઇ માલદેભાઇ ઓડેદરા | ૧૦૧ |
| શ્રી રામ ભરોસે | ૧૦૦ |
| શ્રી કરશનજીભાઇ કે. ઓડેદરા | ૧૦૦ |
| શ્રી ભોજાભાઇ રામાભાઇ ઓડેદરા | ૧૦૦ |
| શ્રી અશોકભાઇ લીલાભાઇ જેઠવા | ૧૦૦ |



લગનોત્સવમાં મહામૂલું રક્તદાન



લગ્નોત્સવ ભોજન સમારંભ

# શ્રી માલદેવ રાણા મહેર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

**શ્રી માલદેવ રાણા મહેર જ્ઞાતિ ભવન, ઝુંડાળા, પોરબંદર-૩૬૦ ૫૭૫.**
**ફોન નં. : ૦૨૮૬ - ૨૨૪૭૭૫૨.**

## જાહેર નમ્ર અપીલ

શ્રી માલદેવ રાણા મહેર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પોરબંદરની સ્થાપના જ્ઞાતિના શૈક્ષણિક વિકાસ માટે ઇ.સ. ૧૯૮૦ માં શ્રી માલદેવજીભાઇ ઓડેદરા અને જ્ઞાતિના આગેવાનો તથા મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ છે.

આ ટ્રસ્ટનો મુખ્ય હેતુ આર્થિક રીતે જરૂરીયાતમંદ મહેર જ્ઞાતિના વિદ્યાર્થીઓ એવં વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે લોન રૂપે આર્થિક સહાય આપવાનો છે. વર્તમાનમાં આપણા આ ટ્રસ્ટ પાસે રૂા. ૨૦,૦૦,૦૦૦ (રૂપિયા વીસ લાખ પુરા)નું આર્થિક ભંડોળ છે. આ રકમ બેંક ફીક્સ ડીપોઝીટના રૂપમાં રહેલી છે અને આ રકમના વ્યાજમાંથી આપણે વિદ્યાર્થીઓને તેમજ વિદ્યાર્થીનીઓને લોન રૂપે આર્થિક સહાય આપીએ છીએ.

વર્તમાન સમયના શૈક્ષણિક ખર્ચને ધ્યાન ઉપર લઇએ તો વિદ્યાર્થીઓને મદદ માટે ટ્રસ્ટને વધારે આર્થિક ભંડોળની જરૂરીયાત રહે છે. તદુપરાંત જ્ઞાતિના છેવાડાના વિદ્યાર્થી સુધી આ મદદ પહોંચાડવાનો ટ્રસ્ટનો ઉમદા હેતુ છે. આ માટે સર્વે ટ્રસ્ટીઓ દ્વારા વધારેમાં વધારે શૈક્ષણિક ભંડોળ ઉભું કરવા માટે ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે.

શૈક્ષણિક કાર્યો માટે સર્વે જ્ઞાતિજનોએ હંમેશાં ઉદાર હાથે દાન આપેલ છે. આથી મહેર સમાજમાં તમામ ભાઇઓ અને બહેનોને ટ્રસ્ટ વતી નમ્ર ભાવે અપીલ કરીએ છીએ કે આપના પરીવાર દ્વારા વર્ષમાં માત્ર એક વખત ૧ જાન્યુઆરીથી ૩૧ ડીસેમ્બર સુધીમાં રૂા. ૧૦૦૦(રૂપિયા એક હજાર પુરા)નું અનુદાન ટ્રસ્ટને આપવામાં આવે. જ્ઞાતિજનો આથી વધારે રકમ આપવા ઇચ્છતાં હશે તો સહર્ષ સ્વીકારવામાં આવશે.

મહેર સમાજ ભવન પોરબંદર ખાતે રૂબરૂ અનુદાન જમા કરાવી રસીદ મેળવી શકાય છે. આપ રૂબરૂ અથવા પ્રતિનિધિ દ્વારા અને અનિવાર્ય સંજોગોમાં આ સાથે જણાવેલ ફોન નંબર ઉપર સંપર્ક કરી અમોને જણાવવામાં આવ્યે સંસ્થાના પ્રતિનિધિ રૂબરૂ આવી અને અનુદાનની રકમ સ્વીકારી રસીદ આપશે.

આપના પરીવાર તરફથી મળતી નાની એવી સેવા સહાય મહેર સમાજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનું જીવન બદલી શકે છે. આપણે સૌ જાણીએ છીએ કે અનેક સમસ્યાઓનું સમાધાન શિક્ષણના પ્રચાર-પ્રસાર દ્વારા જ થઇ શકે છે.

અમો આશાન્વિત છીએ કે આ પુનિત કાર્યમાં સર્વે જ્ઞાતિજનો ઉદાર હાથે દાન આપી જ્ઞાતિના સર્વાંગી વિકાસમાં પોતાનો ફાળો આપશે.

**ભવદીય,**
**પ્રમુખશ્રી ભરતભાઇ ઓડેદરા**
**અને ટ્રસ્ટીશ્રીઓ,**
**પોરબંદર.**

**: સંપર્ક :**

**ટ્રસ્ટીશ્રી ભીમભાઇ ગોરસીયા**
**મો. ૦૯૮૨૫૩ ૯૧૬૯૩**

**મેનેજરશ્રી હાજાભાઇ ઓડેદરા**
**મો. ૦૯૮૨૫૬ ૫૦૫૮૦**

**એકાઉન્ટન્ટશ્રી હસમુખ દત્તા**
**મો. ૦૯૪૨૭૭ ૩૭૨૭૪**

# LMCA UPDATES

## The Debater

I am a final year student at the School of Oriental and African Studies in London.
Whilst studying for the International Baccalaureate, I completed a work placement at MP Patricia Hewitt's constituency office in Leicester, which spurred my interest in Politics. I also enjoyed writing so later I began to write articles for the Leicester Mercury newspaper; for instance about Indian politics and Mahatma Gandhi. Whilst studying at university, I became involved with the SOAS Conservative society.
I have been a member of the Conservative Party for five years and of the local association in Leicester. In 2011, I was nominated by the association to stand as Conservative Party candidate for Abbey ward, Leicester in the local council elections. Last year, I interned at the European Parliament in Brussels in MEP Emma McClarkin's office, where I was given the opportunity to attend ECR (European Conservatives and Reformists Group) meetings and meet ambassadors from around the world. I also represented the team at an Ebay networking event and learnt about 21st century trade legislation.

Later that year, I went on to intern at the UK Parliament, working with Greg Hands, MP for Chelsea and Fulham. Following that, I completed an internship at the Sunday Times newspaper in London which is when I decided I wanted to create a new website - an online debating platform. This year, I created and designed it; www.debater.org.uk with a small, dedicated team behind me. We have received extensive support from colleges and universities around the country. Our aim is to increase awareness of local politics amongst young people, whilst simultaneously providing a broad platform for debate.

2013 is an exciting year to be involved in Politics; so join the debate on current affairs. If you are interested in writing for the website, please contact us: info@debater.org.uk. We would love to hear from you.

By Laxmi-Raj Modhwadia

# સંભારણાં : પૂ. બાપુ સાથેનાં સંસ્મરણો

રાણાભાઇ કડછા, બખરલા



અગાઉના અંકમાં આપણે જોઇ ગયાં કે એ વખતના જ્ઞાતિ આગેવાનોએ પૂજ્ય બાપુને મનાવવા ખૂબ મહેનત કરી પણ બાપુનું મન માન્યું નહિ. તેમણે આગેવાનોને કહેલું : ''હું તો મારા રામના હાથનું રમકડું છું એ રમાડે એક રમું છું. તે કરાવે એમ કરું છું. હવે મારો અંતરાત્મા મને ના પાડે છે. મારો રામ કહે છે કે હવે નિવૃતિ લે.'' પૂ. બાપુ ભગવાન રામના પરમ ઉપાસક હતા અને તેઓ પોતાની પાસે કાયમ શ્રી રામ પંચાયતનની છબી રાખતા. છબીમાં શ્રી રામ, સીતા, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને હનુમાન હોય.

બોર્ડીંગમાંથી નિવૃત થયા પછી પૂ. બાપુ એ વખતના નવા બંધાયેલા કબીર આશ્રમ કે જેનું નામ શાંતિ આશ્રમ હતું ત્યાં ગયા અને કબીર આશ્રમના મહંત શ્રી રામ સ્વરૂપ દાસને ગુરૂ ધારણ કરી કબીરની કંઠી બાંધી. પૂ. બાપુએ કબીર પંથ સ્વીકાર્યો અને કાયમ કબીર આશ્રમમાં નિવાસ કર્યો. પોરબંદરના ધર્માનુરાગી અને સત્સંગ પ્રેમીઓની સંખ્યા એટલી બધી વધી ગઇ કે ન પૂછો વાત ! અગિયારસ અને પૂનમ જેવા પવિત્ર દિવસોએ તો સત્સંગીઓનો મેળો ભરાવા લાગ્યો. ક્યારેક તો જામનગરથી મોટા કબીર સાહેબ શ્રી શાંતિદાસ બાપુ અને એમના અનુયાયીઓ સાથે સ્વ.પૂ. જેઠાબાપા કેશવાલા પણ આવતા. વિસાવાડાના જેઠા માલદે, હરદાસ જેઠા, રામ આતા ગરાસીયા વગેરે ગામડાના આગેવાનો તથા સતસંગીઓ પણ ખૂબ આવતા. એ વખતના ગુજરાતના ખ્યાતનામ ભજનિકો, લોક સાહિત્યકારો, આખ્યાન કર્તાઓના કાર્યક્રમો પણ અવાર નવાર રાખવામાં આવતા હતા. આ બધા મહેમાનોના ઉતારો વગેરે આપણી મહેર બોર્ડીંગમાં રાખવામાં આવતા હોવાથી તેઓની સેવા કરવાનો સૌથી વધારે મોકો મને મળતો હતો. આ રીતે મને લોક સાહિત્ય, ઇતિહાસ અને સતસંગનો કુદરતી લાભ મળતો અને હું મારી જાતને ભાગ્યશાળી માનતો. એ વખતના લોક સાહિત્યકારોમાં મોરબીના કાલિદાસ મહારાજ ઉર્ફે કાલિદાસ કિર્તનાચાર્યનું નામ બહુ મોટું હતું. તેઓ પૂ. માલદેવ બાપુને કહેતા કે જીવનમાં જે માણસ ક્યારેય ન હસ્યો હોય એને હસાવી દેવાનો અને જે માણસ ગમે તેવો કઠોર હોય, ક્યારેય ન રડ્યો હોય એને રડાવી દેવાનો. તેઓ પોતાના આખ્યાનમાં હાસ્યરસ એવો પીરસતા કે લોકો પેટ પકડીને હસતા અને કરૂણરસ પીરસે ત્યારે ભલભલાની આંખો ભીની થઇ જતી.

તેઓ ક્યારેક પોતાના આખ્યાનમાં ઇતિહાસની વાતો પણ વણી લેતા અને કહેતા કે ભારતમાં મહાભારત કેમ થયું ? તેના કારણમાં તેઓ કહેતા કે જૂથબળ અને સમજણ વગરની લાયકાત સાથે પાપ કે અન્યાયનો પૈસો આવી જાય ત્યાં સન્મતિ કે સદ્બુધ્ધિ રહેતી નથી. શાસ્ત્ર પણ કહે છે કે આવી રીતે મળેલાં ધન, યૌવન, સતા અને અવિવેક્તા અનર્થનાં કારણ છે. આ બધું કૌરવો પાસે આવ્યું અને એનું પતન થયું. ૧૮ દિવસમાં ૯૦ લાખ યોધ્ધા મરાયા. અને કૌરવોની જેમ આ જ વસ્તુ યાદવોમાં પણ આવી. યાદવોમાં એવી તો ફાટ્ય આવી કે જાણે યાદવોની મૂછે લીંબુ લટકે ! ભગવાન શ્રી કૃષ્ણે ખૂબ સમજાવ્યા કે આ દારૂ, જુગાર, માંસાહાર, વ્યભિચાર જેવા દુરાચારના રવાડે ન ચડો. હમણાં જ આપણે મહાભારતના યુધ્ધમાં કૌરવોના દુરાચાર, અત્યાચાર, વ્યભિચારના પાપે જે મહા વિનાશ સર્જાયો તે આપણી નજરે જોયો છે પણ **અતિ સર્વત્ર વર્જયતે વિનાશ કાળે વિપરિત બુધ્ધિ.** ભગવાન શ્રી કૃષ્ણે વિચાર્યું કે હવે આ યાદવો બધી મર્યાદાઓ ઓળંગી ગયા છે. હવે એમને કોઇ સમજાવટ કામ લાગે એમ નથી, પણ જેને કોઇ ન પુગે એને એનું પેટ પુગે. **બલિયસી કેવલમ્ ઇશ્વરેચ્છા.** શ્રી કૃષ્ણે વિચાર્યું કે હવે તો ઇશ્વર ઇચ્છા હશે એ જ થશે. **કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન...** મેં તો મારી ફરજ બજાવી કર્તવ્ય નિભાવ્યું છે પણ બધું વ્યર્થ. હવે તો નિયતિ કુદરતને જે કરવું હોય તે કરે.

એ જ વખતે બ્રહ્માજી અને દેવાધિદેવ મહાદેવ ભગવાન શ્રી કૃષ્ણ પાસે આવે છે અને કહે છે કે તમે તમારા વચન પ્રમાણે જયારે જયારે અધર્મ અને પાપ વધી જશે ત્યારે પૃથ્વી પર અવતરવાની નેમ પુરી કરી છે. તમે મામા કંસને માર્યો, પ્રાગ જ્યોતિષના મહા શક્તિશાળી રાજા ભૌમાસુરને મારીને સોળ હજાર એક્સો કન્યાઓને છોડાવી, કૌરવોને માર્યા અને મહાદેવના માનસપુત્ર મહા શક્તિશાળી બાણાસુરને મારીને પૃથ્વીને અત્યાચારી પાપીઓના પંજામાંથી છોડાવી, દ્વારકાની ગાદી પર રાજા રણછોડ અને હસ્તિનાપુરની ગાદી પર મહારાજા યુધિષ્ઠિરને બેસાડીને ધર્મ રાજ્યની સ્થાપના કરી દીધી છે માટે હવે તમે તમારા ગો લોકમાં પુનઃ પધારો. ગો લોકવાસીઓ તમારી કાગડોળે રાહ જોઇ રહ્યા છે કે અમારો ગો લોકપતિ ક્યારે આવે ? ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે પૃથ્વી પરનો પાપનો બોજ હજી ઓછો થયો નથી. મારા યાદવો જયાં સુધી પૃથ્વી પર છે ત્યાં સુધી માતા ધરતી પાપથી મુક્ત નહિ થાય. મારા યાદવો એક પણ જીવાડવા લાયક નથી એટલે મારા યાદવોનો સર્વનાશ કરીને પછી હું મારા ગો લોક(અક્ષરલોક)માં આવીશ. આપણે જાણીએ છીએ કે ૫૬ શાખના ૫૬ કોટી યાદવોને તેઓ પ્રભાષ ક્ષેત્રમાં લઇ

ગયા અને ખૂબ દારૂ પીને અંદરોઅંદર જગડયા અને ભાલકાતિર્થમાં બધા મરી ગયા. આ સ્થળને આપણે યાદવાસ્થળી કહીએ છીએ. કનૈયાલાલ મુન્શીનાં પત્ની લીલાવતી મુન્શીએ આ પ્રકરણે જીવન સંધ્યાએ શ્રી કૃષ્ણ શિર્ષક આપીને લખ્યું છે કે આ બધો સર્વનાશ ભગવાન શ્રી કૃષ્ણની હાજરીમાં અને તેની નજર સામે જ થયો. આ બધો સર્વનાશ જોયા પછી ભગવાન શ્રી કૃષ્ણ અતિશય દુઃખ તથા વ્યથા સાથે પ્રાચીના પિપરાનો આધાર લઇને બેઠા છે ત્યારે માત્ર ત્રણ જ વ્યકિત બચે છે એક શ્રી કૃષ્ણ, બીજા ઉધ્ધવજી અને ત્રીજા સારથિ.

ઉધ્ધવજી આ યાદવોની અંદરો અંદરની મારામારી અને કાપાકાપીને જોઇને અતિશય વ્યથિત અને દુઃખી થઇ જાય છે. આ જોઇને શ્રી કૃષ્ણ કહે છે કે ઉધ્ધવ દેખ મારી દ્વારકા, જે દ્વારકા રાતોરાત કૃષ્ણ માટે વિશ્વકર્માએ તૈયાર કરી આપી હતી તેના ઉપર સુનામી ફરી વળે છે. દ્વારકા દરિયામાં ડૂબે છે અને શ્રી કૃષ્ણની વહાલી એવી ગોપીઓને લઇને અર્જુન દ્વારકાના પાદરમાં પુગે છે ત્યારે દ્વારકાના માણસો(કાબા) અર્જુનને આડા ફરીને કહે છે કે આ તો અમારા દ્વારકાનાં બૈરાં છે એને તું કેમ લઇ જાય છે ? આ બાબતે કાબા તથા અર્જુનનો ઝગડો થાય છે અને અર્જુનનું કાંઇ ઉપજતું નથી. કાબાએ અર્જુનને લૂંટ્યો અને બૈરાંઓને આંચકી લીધાં એ જોઇ ઉધ્ધવ રડવા લાગ્યો. શ્રી કૃષ્ણ હસીને કહે છે કે અરે ! ઉધ્ધવ તું રડે છે ? તું તો જ્ઞાનિ છે અને જ્ઞાનિને સુખ કે દુઃખ સ્પર્શી શક્તાં નથી. જગત મિથ્યા, બ્રહ્મ સત્ય. ઉધ્ધવજી કહે છે કે ભગવાન, યાદવોનો નરસંહાર જોયો, તમારી સોનાની દ્વારકા દરિયામાં ડૂબતી જોઇ અને અર્જુન જેવા અર્જુનને કાબાના હાથે લૂંટાતો જોયો ! શ્રી કૃષ્ણ કહે છે માણસ નહિ બળવાન, સમય છે બળવાન; કાબે અર્જુન લૂંટ્યો વો હી ધનુષ વો હી બાણ ! ઉધ્ધવજી આ દુનિયામાં સમયથી મોટું કોઇ નથી અને જુઓ હવે મારો પણ સમય પુરો થાય છે. ઉધ્ધજી કહે છે કે પ્રભુ ! હું પણ તમારી સાથે આવીશ, તમારા વગર હું નહિ જીવી શકું. ભગવાન કહે છે કે ઉધ્ધવજી હજી તું કાચો છે તારે પૂર્ણ જ્ઞાનિ બનવાનું  છે આથી તું ગોકુલ-મથુરા જા ત્યાં તને વિદુર કાકા મળશે. તું અને વિદુરજી બદ્રિકાશ્રમ જજો ત્યાં મૈત્રેય ઋષિ તમને સંપૂર્ણ જ્ઞાનિ બનાવશે... વાત ચાલતી હતી ત્યાં જ શિકારીનું તીર સનૂન્ કરતું આવે છે અને શ્રી કૃષ્ણનાં ત્રણેય પદ્મો વિંધાય જાય છે અને તેઓ હે ભગવાન ! કહીને ઢળી પડે છે !!


શિકારીને થયું કે આ તો માણસ લાગે છે અને આવીને જુએ તો ભગવાન શ્રી કૃષ્ણને નિહાળે છે ! શિકારી અત્યંત અફસોસ કરે છે કે મારા હાથે મહાપાપ થઇ ગયું. ભગવાન એને પણ કહે છે કે માણસ નહિ બળવાન, સમય બળવાન હોય છે. મારો સમય આજે આ જગ્યાએ પૂર્ણ થતો હતો તું તો માત્ર નિમિત બનેલ છે એટલે અફસોસ કરવો વ્યર્થ છે ! (ક્રમશઃ)

# સંસ્થા : શ્રી રામ ભગત મહેર સમાજ ઓડદર



મહેર સમાજના ગામેગામ સમાજ ભવન અને શૈક્ષણિક સંકુલ બને એવી ભવ્ય ભાવના વર્ષો પહેલાં મહેર સમાજના સમર્થ જ્ઞાતિ શિરોમણી પૂ. માલદેવ બાપુએ સેવી હતી. તેઓની આ ભવ્યત્તમ ભાવનાને સાર્થક કરવા મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાની વર્ષોની તન, મન અને ધનથી સમર્પિત સમાજસેવા તથા સમાજના કદાવર દાતાઓનો સર્વાંગી સહયોગ રંગ લાવ્યો છે. આજે આપણા સમાજના મોટા ભાગનાં ગામડાં સમાજ ભવનો અને શૈક્ષણિક સંસ્થાઓથી શોભી રહ્યાં છે જેના પાયામાં સર્વાંગી સમાજ વિકાસ ઝંખતા અનેક દાતાઓની ગૌરવી જ્ઞાતિભાવના રહેલી છે. સમસ્ત મહેર સમાજ ગૌરવ લઇ શકે એવું એક અતિ સુંદર સમાજ ભવન ઓડદર ગામને આંગણે પણ આકાર પામ્યું છે જેનું લોકાર્પણ ગત તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઓડદર ગામના મુળ વતની તથા હાલમાં પોરબંદર ખાતે સ્થાયી થયેલા અને મહેર સમાજના જાણીતા દાતા શ્રી પરબતભાઇ રામભાઇ ઓડેદરાએ પોતાના દિવંગત પિતાશ્રીની સ્મૃતિમાં 'શ્રી રામ ભગત મહેર સમાજ'નું નિર્માણ કરેલ છે. જોતાં જ નજરમાં વસી જાય તેવું, તમામ આધુનિક સુવિધાઓથી ભરપુર અને વિશાળ જગ્યામાં ફેલાયેલું આ સમાજ ભવન ગુરૂ ગોરખનાથની જગ્યાની નજીક આકાર પામેલ છે. આ સમાજ ભવનની વિશેષતા એ છે તેનો તમામ ખર્ચ દાતા શ્રી પરબતભાઇ ઓડેદરાએ આપેલ છે અને કોઇ પણ પ્રકારનો ફંડ ફાળો કરેલ નથી. ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાએ શ્રી પરબતભાઇ ઓડેદરાના અનુસરણિય અને સરાહનિય એવા આ સમાજ વિકાસના નિર્માણનું રીબીન કાપીને ઉદ્‌ઘાટન કર્યું ત્યારે ઓડદર ગામ તથા સમસ્ત મહેર સમાજના આશરે ચાર હજાર કરતાં પણ વધારે જ્ઞાતિજનોએ તાડીઓના ગડગડાટથી તેને અંતઃકરણના ઉમળકાથી બીરદાવ્યું હતું.

શ્રી રામ ભગત મહેર સમાજના લોકાર્પણ પ્રસંગે પધારેલા મહેર સમાજના અગ્રણી આગેવાનો તથા માનવંતા મહેમાનોનું અંતરના ઉમળકાથી અને ઢોલ શરણાઇના નાદથી ભવ્ય સ્વાગત કરાયું હતું. આ તકે રાણાવાવ નિર્વાણધામ યોગાશ્રમના સ્વામી શ્રી પરમાત્માનંદ ગિરિજી તથા ગોરખનાથ મંદિરના મહંત શ્રી છોટુનાથ બાપુએ ઓડેદરા પરીવારને આશીર્વચન પાઠવ્યાં હતાં. તેઓએ આ શુભ કાર્ય માટે શ્રી પરબતભાઇ ઓડેદરા તથા પરીવારને હાર્દિક અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે સમાજ પ્રત્યે સમર્પણની ભાવનાથી કરવામાં આવતું હરેક કાર્ય દીપી ઉઠતું હોય છે. આ પ્રસંગે પધારેલા ગુજરાત રાજ્ય કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં સમાજ ભવનના દાતા શ્રી પરબતભાઇ ઓડેદરા તથા પરીવારના સાર્થક યત્નને સરાહતાં જણાવ્યું હતું કે વ્યક્તિના આમુલ પરીવર્તનના પાયામાં શિક્ષણ રહેલ છે. જ્ઞાનની સમૃધ્ધિથી જ વિચાર શુધ્ધિ થાય છે અને વ્યક્તિ અન્ય તરફ સમભાવ તથા સમરસ કેળવતાં શીખે છે. તેઓએ ઉમેર્યું હતું કે આ સમાજ ભવન માત્ર લગ્નની વંડી પુરતું સિમિત ન રહેતાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, સાહિત્યિક, રમત ગમત તથા વ્યક્તિના સર્વાંગી વિકાસની અનેકવિધ પ્રવૃતિઓનું ધમધમતું કેન્દ્ર બને. શ્રી રામ ભગત મહેર સમાજના ઉદ્‌ઘાટક તથા સમારોહના અધ્યક્ષ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતું કે આજે ઓડદર ગામને આંગણે દાતાશ્રી પરબતભાઇ ઓડેદરા તથા ભાઇઓની તન, મન અને ધનથી સમર્પિત જ્ઞાતિસેવા એક ભવ્ય સમાજ ભવનના રૂપે સાકાર થઇ છે એ અત્યંત આનંદદાયી સરાહનિય બાબત છે. આપણા ભાઇઓ જો ધારે તો સંગઠન અને સમર્પણથી ગામેગામ આવાં ભવનો નિર્માણ થઇ શકે. તેઓએ દુનિયામાં થઇ રહેલ પરીવર્તનો સાથે કદમ મિલાવવા આવતાં પચાસ વર્ષોનું જ્ઞાતિકક્ષાએ અગાઉથી આયોજન કરવાની વાત કહી હતી. મહેર સમાજ આજે સક્ષમ, સમૃધ્ધ અને સમર્થ બની વિકાસની ગાથા આલેખી રહ્યો છે ત્યારે આપણી અંદરથી જો ઈર્ષ્યા અને અદેખાઇનું ભૂત દૂર થાય તો આપણામાં અશક્યને પણ શક્ય કરવાની ક્ષમતા રહેલી છે. આપણી ઈર્ષ્યા અને અદેખાઇ સમાજના સંગઠનને જડમૂળથી હલાવી નાખી એને નબળું બનાવે છે આથી જ્યાં સુધી






આપણે આ બે દૈત્યોનો સાથ નહિ છોડીએ ત્યાં સુધી આપણો વિકાસ રૂંધાતો રહેશે. સમાજના તમામ જ્ઞાતિજન આપસી મતમતાંતરને ભુલી જઇ સહયોગની ભાવના ચરિતાર્થ કરશે ત્યારે જ સમાજ વિકાસનો ચંદ્રમા સોળેકળાએ ખીલશે !

શ્રી રામ ભગત મહેર સમાજનું નિર્માણ કરનાર મુખ્ય દાતા શ્રી પરબતભાઇ ઓડેદરાએ પોતાના વક્તવ્યમાં ગ્રામજનો પ્રત્યે ઋણાનુબંધના તાંતણાને યાદ કરી પોતાના દિવંગત પિતાશ્રીની સ્મૃતિઓ તાજી કરી હતી. તેમણે કહ્યું હતું કે આ સમાજ ભવન ગામલોકોને અર્પણ કરીને અમે અમારા પિતાશ્રીને અંજલી આપતાં ગામ પ્રત્યેની અમારી ફરજ તથા જવાબદારી નીભાવી છે. દરેક જ્ઞાતિજનનું જ્ઞાતિ તથા સમાજ પ્રત્યે અનેરું ઋણ હોય છે જેને અદા કરવાનો આ એક નાનો સરખો પ્રયાસ માત્ર છે. અમારા દિવંગત પિતાશ્રી રામ ભગત ઓડેદરાએ વર્ષો પહેલાં સેવેલા સંકલ્પને સાર્થક કરવાનો અમને આવો રૂડો અવસર મળ્યો એ બાબતે અમે ધન્યતા અનુભવીએ છીએ. તેમણે સમાજની સામાજિક તથા શૈક્ષણિક પ્રવૃતિઓમાં હંમેશાં યથાશક્તિ યોગદાન આપવાની વાત દોહરાવતાં શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના ભવ્ય એલાઇટ શૈક્ષણિક સંકુલ માટે તેમના ભાઇશ્રી સાજણભાઇ ઓડેદરા સાથે મળી રૂા. ૧૧,૧૧,૧૧૧ ના અનુદાનની જાહેરાત પણ કરી હતી જેને વિશાળ વર્ગે તાડીઓના નાદથી વધાવી હતી. આ સાથે તેમણે શૈક્ષણિક પ્રવૃતિઓ માટે રૂા. ૨,૫૧,૦૦૦ અન્ય અનુદાનની પણ જાહેરાત કરી હતી. આ તકે તેઓએ ઓડદર ગામ તથા મહેર સમાજના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પોતાના ગ્રૂપ તરફથી રૂા. ૧૦ હજારથી માંડી ૫૦ હજાર સુધીની સ્કોલરશીપ આપવાની અને એ માટે વાર્ષિક ૧૦ લાખનું ભંડોળ પોતાની કંપની તરફથી વાપરવાની પણ જાહેરાત કરી હતી. આ તકે લાગણી અને અહોભાવથી ઉપસ્થિત જ્ઞાતિ આગેવાનો, સામાજિક કાર્યકરો તથા અન્ય જ્ઞાતિજનોનો તેમણે અંતઃકરણથી આભાર માન્યો હતો.

શ્રી રામ ભગત મહેર સમાજના દાતા શ્રી પરબતભાઇ ઓડેદરા તથા એમનાં પત્ની શ્રીમતી મંજુબેન ઓડેદરાનું આ પ્રસંગે શાલ ઓઢાડી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ઓડદર ગામ તથા મહેર સમાજના તેજસ્વી તારલાઓને પણ આ તકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉચ્ચ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઇ બહેનોને રૂા. ૧૦ હજારથી માંડી રૂા. ૩૫ હજાર સુધીની રોકડ સ્કોલરશીપ, પ્રાથમિક તથા માધ્યમિકના વિદ્યાર્થીઓને શાળાની એક વર્ષની ફી તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપી શ્રી પરબતભાઇ ઓડેદરા, શ્રી સાજણભાઇ ઓડેદરા, શ્રી દેવશીભાઇ ઓડેદરા, શ્રી મેરામણભાઇ ઓડેદરા, શ્રીમતી મંજુબેન ઓડેદરા તથા શ્રીમતી રાંભીબેન ઓડેદરાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ તમામ સ્કોલરશીપ દર વર્ષે તેજસ્વી તથા જરૂરીયાતમંદ બાળકોને આપવાની શ્રી પરબતભાઇ ઓડેદરાએ જાહેરાત કરી હતી. આ તકે ઓડદર ગામ તથા પધારેલા તમામ જ્ઞાતિજનો માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેર સમાજને આંતર રાષ્ટ્રિય સ્તરે ખ્યાતિ અપાવનાર મણિયારા રાસની દિલધડક રજૂઆત કરી શ્રી રાણાભાઇ સીડાની છાંયા રાસ મંડળીએ પ્રેક્ષકોને આનંદથી ડોલાવ્યા હતા. રાત્રે ગુજરાતના ખ્યાતનામ લોક સાહિત્યકાર શ્રી ભીખુદાન ગઢવીએ પોતાની આગવી શૈલીમાં લોક સાહિત્યના દુર્લભ લોકભોજ્ય પ્રસંગો પીરસી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. ઓડદર ગામને આંગણે આ અનેરો અવસર આગવી પ્રભાથી દીપી ઉઠયો હતો.

આ પ્રસંગે ડો. શ્રી વિરમભાઇ ગોઢાણીયા, ગુજરાત રાજ્ય કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, કુતિયાણાના ધારાસભ્ય શ્રી કાંધલભાઇ જાડેજા, માજી સાંસદ શ્રી ભરતભાઇ ઓડેદરા, સ્વામી શ્રી પરમાત્માનંદ ગિરિજી, મહંત શ્રી છોટુનાથ બાપુ, ભુવાઆતા શ્રી સરમણભાઇ, પૂર્વ ધારાસભ્ય શ્રી ભુરાભાઇ જાડેજા તથા શ્રી લક્ષ્મણભાઇ આગઠ, રાણાવાવના નગરપતિ શ્રી સામતભાઇ ઓડેદરા, શ્રી હરભમભાઇ કેશવાલા, શ્રી ભીમભાઇ ઓડેદરા, શ્રી નાગાજણભાઇ ઓડેદરા, શ્રી એભાભાઇ જાડેજા, શ્રી નાગજણભાઇ ચૌહાણ, શ્રી મુળુભાઇ ઓડેદરા, શ્રી કાળુભાઇ ઓડેદરા, શ્રી બચુભાઇ આંત્રોલીયા, શ્રી એભાભાઇ કડછા, શ્રી રાણાભાઇ કડછા, શ્રી પુંજાભાઇ મોઢવાડીયા, શ્રી નાથાભાઇ કારાવદરા, શ્રી કેશુભાઇ ઓડેદરા, શ્રી લાખાભાઇ કેશવાલા, શ્રી પુંજાભાઇ સુત્રેજા સહિત અનેક જ્ઞાતિ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સુંદર સમારોહનું સફળ સંચાલન શ્રી સામતભાઇ સુંડાવદરા, દેવાભાઇ ઓડેદરા તથા રાજુભાઇ ભટ્ટે કર્યું હતું. આ સમારોહમાં પધારેલ તમામ જ્ઞાતિજનો તથા મહેમાનો અને સમાજ ભવન નિર્માણમાં તન-મનથી સહયોગી બનનાર તમામનો દાતા શ્રી પરબતભાઇ ઓડેદરાએ અંતઃકરણથી હાર્દિક આભાર માન્યો હતો.

# વિચારવૃત્ત : માનવી ! હવે તો માણસ થા !



અલગ અલગ ધર્મના ગુરૂઓ બધા મનુષ્યોને ધર્મના નામે જુદા પાડે છે. જો કે જયારે વિપરીત સંજોગો આવે છે ત્યારે માણસ ધર્મના વાડા ત્યજી એક પણ થઇ જાય છે. થોડા વર્ષો પહેલાં મુંબઇમાં થયેલા બોંબ વિસ્ફોટ સમયે બધાએ જોયું કે માણસ કેટલી જનૂનથી ઘરની બહાર દોડી આવેલો અને એ માણસ હિંદુ, મુસ્લિમ, ખ્રીસ્તી કે શીખ નહોતો પણ માત્ર ભારતિય માણસ હતો !

જયારે પણ વિપતનો સમય આવે છે ત્યારે આપણે બધા થોડા સમય માટે બધું જ ભુલી જઇ એકબીજાની મદદ માટે દોડી જઇએ છીએ. આ તો થઇ બોંબ વિસ્ફોટ કે આતંકી ગતિવિધિની વાત પણ શું તમે કોઇ ગરીબને વિપતમાં જોઇ એની મદદ કરવાની ક્યારેય કોશીશ કરી છે ? શું તમે માત્ર પૈસાથી જ બીજાની મદદ કરી શકો છો ? જો કે આજકાલનો માણસ તો બધાને છોડીને માત્ર ભગવાનની મદદ કરવામાં લાગ્યો હોય એવું લાગે છે. આપણે આપણી રોજિંદી જિંદગીમાં જોઇએ છીએ કે મંગળવારે માતાજીના મંદિરે, ગુરુવારે સાંઇબાબાના મંદિરે, શનિવારે હનુમાનજીના મંદિરે જવાવાળા માણસોની અધધ કતારો લાગે છે...અને હા, આપણા ભોળાદેવ મહાદેવને કેમ ભુલી જવાય ? સામાન્યતઃ શંકર ભગવાનના મંદિરે આપણે મહિનામાં એકાદ વખત જતા હોઇશું પણ એ જ મંદિરે શ્રાવણ માસમાં તો દર્શન કરવાનો વારો પણ ભાગ્યે જ મળે એટલી ભીડ એકત્ર થતી હોય છે. મંદિરે જવું એ સારી અને સંસ્કારીતાની બાબત છે પણ શું ખરેખર ભગવાનનાં દર્શન માત્રથી આપણું કે અન્યનું ભલું થઇ જતું હોય છે ? ભગવાન તો દરિદ્ર નારાયણ છે અને જયાં સુધી દરિદ્રના પેટની આંતરડી કકળતી હોય ત્યાં સુધી ભગવાન ખુશ થઇ શકે ? મને કોઇ ભગવાન કે મંદિરથી કાંઇ વાંધો નથી પણ માનવીના લાગણીહિન અભિગમ સામે વાંધો છે.

ભગવાનને માટે તમારે કોઇ પણ મંદિરમાં ભટકવાની જરૂર નથી. શું ભગવાન માટે રોજ મંદિરમાં જાય એને જ ભગવાન વહાલ કરે કે દર્શન આપે ? જો આવું જ હોય તો તમે ચોકક્સ મને કહો હું પણ રોજ મંદિરે જઇશ. હકીક્તમાં ભગવાન તો તમારી સાથે જ છે, અરે ! તમારી અંદર જ છે. તમારે ભગવાનનાં સાચાં દર્શન કરવાં હોય તો તમારા ભિતરને સાફ અને નેકદિલ બનાવવું પડે. તમારા અભિગમને હકારાત્મક અને સત્વશીલ બનાવવો પડે પછી મંદિરે જાવ કે ન જાવ કાંઇ ફરક પડતો નથી. જો તમારી અંતર આત્મા સાફ હોય અને તમારું મન નિર્મળ હોય તો ભગવાન તમારી અંદર હાજરા હજૂર છે. જો સાફ શબ્દોમાં વાત કરીએ તો તમે તમારા ઘરમાં જ રહેતા વૃધ્ધ વ્યક્તિ સાથે હસીને વાત કરતા નથી કે હસતા મોઢે બોલાવતા નથી અને મંદિરોમાં જઇને ભગવાનની પૂજા કે વ્રત કરો છો તો તે સાર્થક નથી. તમારા વર્તન અને વ્યવહારમાં નાનાં કે ગરીબ માણસો માટે જરાય સદ્‌ભાવ કે આદર નથી અને તમે રોજ બે બે કલાક ભગવાનનાં ગુણગાન કરો તો પણ તે વ્યર્થ છે. બીજાનું કપરું દુઃખ જોઇને પણ તમારા અંતરમાં જરાય કરુણા કે વ્યથા ઉત્પન્ન ન થાય અને તમે એને મદદ માટે તત્પર ન થાવ તો તમારું રોજનું મંદિરે જવાનું વ્યર્થ છે. જયારે તમે કોઇ ગરીબ કે રંકને તિરસ્કારો છો કે તેનું અપમાન કરો છો ત્યારે એનો અંતરાત્મા તલસી ઉઠે છે કે ભગવાન ક્યારેય કોઇને રંક ન બનાવતો; પણ એ જ રંકને ખભે હાથ રાખીને તમે એને ભાઇચારાથી બોલાવશો તો એનો આત્મા રાજીના રેડ થઇ જશે. કોઇને પ્રેમથી કે લાગણીથી બોલાવવામાં જરાય પૈસા બેસતા નથી પણ હકારાત્મક અભિગમ રાખવાથી સામેવાળાને તમે અવશ્ય સહેજ તો સુખ આપી જ શક્શો. જે આનંદ ગરીબના ચહેરા પર ખુશી જોવામાં છે એ મૂર્તિના ભવ્ય સાજ શણગાર જોવામાં ક્યાંથી આવે ?

આજકાલ મંદિરમાં જઇને ભગવાનને પૈસા, સોરી ! રૂપિયા ચડાવવાની પણ ફેશન થઇ ગઇ છે. અમુક મંદિરોમાં તો અમુક રૂપિયા ધરો તો જ ભગવાનજીનાં દર્શન થઇ શકે એવા પાકા નિયમ પણ બનાવી દેવામાં આવ્યા છે. તો શું ગરીબ કે અમુક રકમ ન દઇ શકે એવા રંક જીવો તો ભગવાનનાં દર્શન ક્યારેય કરી જ ન શકે ! માણસને બનાવનાર ભગવાનને આજનો માણસ કેવી રીતે બનાવી રહ્યો છે ! ભગવાનના ઘરે પણ આવા અમીર-ગરીબના ભેદભાવ હશે તો શ્રધ્ધાનું શું થશે ? તમે મંદિરે અવશ્ય જાવ પણ કોઇ આડંબર કે અંધશ્રધ્ધાનો ભોગ ન બનો એ જાગૃતિ કેળવો. મંદિરે પૈસા ચડાવવા કરતાં જેને ખરેખર જરૂર છે એવા ગરીબના પેટનો ખાડો પુરવા પૈસા વાપરો તો એ લેખે લાગશે. જો તમે એક સામાન્ય ઘરના માણસ છો તો પણ તમે મહિને ૪૦ કે ૫૦ રૂપિયા પણ આવા સદ્‌કાર્ય માટે વાપરો તે ઘણું છે. આવા રંકના હાથમાં આ થોડા પૈસા પણ આવશે અને એના ચહેરા પર જે પ્રસન્નતા દેખાશે એ જ ભગવાન છે ! ભગવાન કોઇને વ્યક્તિગત આવીને કાંઇ કહેતો નથી કે તું આમ કર કે

તેમ કર પણ આપણે જરૂરિયાત પારખીને કાંઇક કરી છુટીએ અને સામેવાળાનો આત્મા જે આશીર્વાદ આપે એ જ મોટું પુન્ય છે. અન્યના સુખમાં પોતાનું સુખ સમજનાર વ્યક્તિને ભગવાન માટે ક્યાંય ભટકવાની જરૂર રહેતી નથી.

ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલું કે, 'નિયતીનું લખેલું ક્યારેય મિથ્યા થતું નથી.' જે આપણા નસીબમાં લખેલ છે તેને કોઇ લઇ શક્તું નથી અને જે આપણા ભાગ્યમાં જ નથી એને કોઇ અપાવી શક્તું નથી. તો પછી ભગવાનને માટે આકરી શરતો શા માટે ? ભગવાન તો સહજ રીતે સૌને માટે પ્રાપ્ય હોવો જોઇએ. શું ભગવાન ક્યારેય કોઇ શરતોમાં બંધાય છે ખરો ? આપણે માનવીઓને જ ભગવાનને વિવિધ શરતોમાં બાંધવાની મિથ્યા આદત પડી ગઇ છે. આપણે જ ભગવાનને હોળીનું નાળીયેર કરીએ છીએ ! લાગે છે કે હવે આપણે પણ સમય સાથે બદલાવાની અને થોડી સમજ કેળવવાની જરૂર છે નહિતર એ દિવસ દુર નથી કે ખુદ ભગવાને જ નીચે આવીને કહેવું પડે કે 'હે માનવી ! હવે તો માણસ થા !'

**-મનિષા સુભાષ બાપોદરા, માનપાડા, થાણે મુંબઇ.**

## સ્ત્રી



'સ્ત્રી' શબ્દ પોતાનામાં જ સંપૂર્ણ છે. સ્ત્રી શબ્દમાં સત્વ, રજસ અને તમસ એ ત્રણેય ગુણોનો સંગમ થયેલ છે. સ્ત્રી છે માટે પૃથ્વી ફરે છે. ઋતુઓ બદલાય છે. સૂર્ય ઉગે છે અને જિંદગી ગુજરતી જાય છે પરંતુ ક્યારેક એવું બને કે વ્યક્તિ સમજયા વિના, વિચાર્યા વિના ઘણું બોલતો હોય છે. ઘણી વખત એવું કહેવાય છે કે 'સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ' પણ આવી કહેવત શોધનાર અને તેનું અનુકરણ કરનાર વ્યક્તિઓના આખા શરીરમાં કદાચ બુધ્ધિનો કોઇ ડિપાર્ટમેન્ટ જ નહિ હોય.

સ્ત્રીનું સ્થાન પુરુષના જીવનમાં લંગડા માણસની ઘોડી જેવું છે. સ્ત્રી વિનાનો પુરુષ ઘોડી વિનાના લંગડા માણસ જેવો અસહાય, અપંગ અને નિરાધાર બની જાય છે. જો કે ઘોડી વગર પુરુષ નિરાધાર હોય છે છતાં ઘોડીનું મહત્વ ખાસ વધતું નથી. સ્ત્રીનું મહત્વ પુરુષના જીવનમાં કોઇ પણ રૂપમાં હોઇ શકે. મા, બહેન, પત્ની, દીકરી વગેરે. મા દીકરાને પોતાના પેટમાં નવ માસ સુધી સાચવે છે. જેને પથરીનું દુઃખ હશે તે સમજી શક્શે કે ચણાની દાળ જેટલી નાની પથરી પણ કેટલી પીડા આપતી હોય છે. જયારે બે, ત્રણ કે ચાર કિલોના બાળકને માતા કેટલા આનંદથી, હરખથી અને ખુશીથી પોતાના પેટમાં સાચવે છે ! બહેન ભાઇની કલાઇ પર રાખડી બાંધીને તેનાં તમામ દુઃખ પોતે લઇ લેવાની ભવ્ય ભાવના સેવતી હોય છે. તેના અંતરમાંથી હંમેશાં ભાઇના ક્ષેમકુશળના આશીર્વાદ વરસતા રહે છે. પત્ની પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી થતી હોય છે. લગ્ન સમયે પણ છેલ્લા ફેરામાં પત્ની આગળ આવે છે કે જયારે મૃત્યુ આવે ત્યારે પતિની જગ્યાએ એ સમર્પણની ભાવનાથી પોતાનો ભોગ આપવા તત્પરતા દાખવતી હોય છે. દીકરી જિંદગીભર કાળજાનો કટકો બની બાપને ખુશ રાખે છે. એટલું જ નહિ જીવનમાં એ બાપને એક વખત રડવાનો પણ મોકો આપે છે. દીકરી સાસરે જાય ત્યારે એક વખત રડવાનો અવસર, પેટ ભરીને રડી લેવાનું કિસ્મત ભાગ્યશાળી બાપને જ મળતું હોય છે.

સ્ત્રીને અબળા કહેવામાં આવે છે પણ અબળા કહેનાર એ વાત નથી જાણતા કે સ્ત્રી ધારે તે કરી શકવા સક્ષમ હોય છે. સ્ત્રી ધારે તો પ્રલય પણ લાવી શકે અને એ ધારે તો નિર્માણ પણ કરી શકે. મહાભારતની શરૂઆત પણ સ્ત્રીના શબ્દોને કારણે જ થઇ હતી. દ્રોપદિના શબ્દો હતા કે આંધળાના તો આંધળા જ હોય અને મહાભારત થયું. તો પછી શું સ્ત્રી માટે અબળા શબ્દ વાપરવો યોગ્ય છે ? સ્ત્રી અબળા નહિ પણ સબળા છે એનાં અનેક ઉદાહરણ આપણી સામે છે.

'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમયન્તે તત્ર દેવતાઃ' એવું કહેવાય છે કે જયાં સ્ત્રીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમે છે. પરંતુ ઘણી વખત માણસો આ ભાવના ભુલી જાય છે અને મોટા અનર્થ સર્જાય છે. તાજેતરમાં જ દિલ્હીમાં થયેલ સ્ત્રી ઉત્પીડનની આવી જ એક ઘટનાથી આખો દેશ શર્મિંદા થયેલ છે. આવા બનાવો ન બને તેની કાળજી લેવી જરૂરી છે અને સૌએ સ્ત્રીનું સન્માન કરવું જોઇએ. આપણે હંમેશાં એ યાદ રાખવું જોઇએ કે સ્ત્રીની આબરૂ કાચ જેવી હોય છે જે એક વાર તૂટી જાય પછી પાછી જોડાતી નથી.

વિશ્વમાં ૧૯૬ દેશો છે પણ આપણા ભારત દેશ સિવાય અન્ય કોઇ પણ દેશ એવો નથી કે જેના નામની પાછળ 'મા' શબ્દ લાગતો હોય. જે દેશના નામની પાછળ મા શબ્દ લાગે છે તેવા ભારત દેશમાં તો અંતઃકરણથી નારીનું સન્માન થવું જોઇએ. જે દેશની સ્ત્રી સર્વાંગી કુશળતા ભોગવતી હશે એ દેશની સમૃધ્ધિ અને સુખાકારીને ક્યારેય ઊની આંચ પણ આવી શક્તી નથી. ભારત દેશ નારી પૂજય અને સન્માનનિય બને એવી ભાવના સાથે મા તુલ્ય આ ધન્ય દેશને કોટી કોટી વંદન.

–બોખિરીયા ટમુબેન વી., શ્રી પરશુરામ પ્રા. શાળા, દેગામ.


# રમતોત્સવ : પોરબંદર ખાતે વાર્ષિક રમતોત્સવની ભવ્ય ઉજવણી



મહેર સમાજના રમતવીરો પોતાના કૌશલ્યોના નીખારથી રાજયકક્ષાએ તથા રાષ્ટ્રકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે એ હેતુસર શ્રી મહેર સોશ્યલ ગૃપ પોરબંદર ખાતે દર વર્ષે સમાજકક્ષાના વાર્ષિક રમતોત્સવનું આયોજન કરે છે. સમસ્ત મહેર સમાજનો વાર્ષિક રમતોત્સવ ગત તા. ૩૦ મી ડીસેમ્બર-૧૨ ના રોજ પોરબંદરના દુલિપ ક્રિકેટ મેદાનમાં યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં મહેર સમાજના ચુનંદા રમતવીરો પોતાની શ્રેષ્ઠતા સાબીત કરવા દર વર્ષે અનેરા આનંદથી ભાગ લે છે અને પોરબંદર ઉપરાંત જુનાગઢ, જામનગર, રાજકોટ તથા ગુજરાતભરના અન્ય સ્થળોના રમતવીરો સ્પર્ધક તરીકે પોતાની ઉમેદવારી નોંધાવે છે. આ રમતોત્સવમાં જુનિયર તથા સીનીયર ભાઇઓ અને બહેનોના વિભાગની એથલેટીક્સની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે તથા એક સ્પર્ધક વધુમાં વધુ ત્રણ સ્પર્ધાઓમાં ભાગ લઇ શકે છે. આપણા સમાજના ગ્રામિણ તથા શહેરી વિસ્તારના ૩૫૦ જેટલા રમતવીરોએ આ રમતોત્સવમાં ભાગ લીધો હતો.

રમતોત્સવની શુભ શરૂઆત સવારના નવ વાગ્યે અમેરીકાથી પધારેલા શ્રી કાનાભાઇ મોઢવાડીયા, શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના અગ્રણી હોદેદાર શ્રી હરભમભાઇ કેશવાલા, શ્રી સામતભાઇ ઓડેદરા તથા સમાજના અન્ય આગેવાનોએ પૂ. માલદેવબાપુની છબી સમક્ષ દીપ પ્રગટાવીને કરી હતી. આ પ્રસંગે શ્રી કાનાભાઇ મોઢવાડીયા પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં કુદરતી શરીર સૌષ્ઠવ ધરાવનાર આપણા સમાજના યુવાનોને માનસિક વિકાસની સાથે સાથે શારીરિક વિકાસ સાધી રમત ગમતના ક્ષેત્રે રાજય તથા રાષ્ટ્ર સ્તરે નામ કમાવાની શુભેચ્છાઓ પાઠવી હતી. જીવનમાં રમત ગમતની સાથે ખેલદિલીની અગત્યતા પર ભાર મુક્તાં શ્રી કાનાભાઇ મોઢવાડીયાએ મહેર સમાજની ક્ષમતાને બીરદાવી હતી. જીવનમાં સ્પર્ધા હોવી આવશ્યક છે અને તેને લીધે આગળ વધવાની સતત પ્રેરણા મળતી રહે છે પરંતુ મહેનત બાદ જે પરીણામ મળે તેને સહજ સ્વીકારી લેવાની ખેલભાવના પણ અનિવાર્ય છે. કોઇ પણ ક્ષેત્રમાં પારંગત થવા માટે મહેનત અને લગન ઉપરાંત ધ્યેયને સમજવાની આવડત પણ અનિવાર્ય છે. સ્પર્ધાનો શુભારંભ આગેવાનોના હાથે ફ્લેપ અપાવી કરવામાં આવ્યો હતો. દુલિપ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત તમામ સમુદાયે રમતોત્સવના શુભારંભને તાડીઓના નાદથી વધાવ્યો હતો.

આ રમતોત્સવમાં જુનિયર વિભાગમાં ૧૦૦ મી., ૪૦૦ મી. તથા ૮૦૦ મી. દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, ગોળાફેંક તથા ચક્રફેંકની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી જયારે સીનીયર વિભાગમાં ૧૦૦ મી., ૪૦૦ મી. તથા ૧૫૦૦ મી. દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, ગોળાફેંક તથા બરછીફેંકની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. સ્પર્ધક તમામ ભાઇ બહેનોએ પોતાની ક્ષમતા સિધ્ધ કરવા એડીચોટીનું જોર લગાવી તમામ વિભાગની સ્પર્ધાઓને ખુબ જ રોચક બનાવી દીધી હતી જેને દર્શકોએ મન ભરીને માણી હતી અને આનંદના ઉદ્ગારોથી મુલવી હતી. સવારના નવ વાગ્યે શરૂ થયેલી હરીફાઇઓ અત્યંત રોચક દોરમાં પ્રવેશતી બપોરના દોઢ વાગ્યે પૂર્ણ થઇ હતી. તમામ સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ નંબરે આવેલ સ્પર્ધકોને ઉપસ્થિત મહાનુભાવોના હાથે પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. વિજેતાઓનો ઉત્સાહ વધારવા મોટી સંખ્યામાં આગેવાનો તથા જ્ઞાતિજનો હાજર રહ્યા હતા. અન્ય હાજર મહાનુભાવોમાં સ્વામીશ્રી પરમાત્માનંદ ગિરિજી, ડો. શ્રી દેવશીભાઇ ખુંટી, શ્રી મેરામણભાઇ મોઢવાડીયા, શ્રી પુંજાભાઇ મોઢવાડીયા, શ્રી છગનભાઇ મોઢવાડીયા, શ્રી ભીમભાઇ ચૌહાણ, શ્રી આલાભાઇ ઓડેદરા, શ્રી રામાજીભાઇ ઓડેદરા, શ્રીમતી જયાબેન કારાવદરા, શ્રી અરજનભાઇ ઓડેદરા, શ્રી લીલાભાઇ ઓડેદરા, શ્રી વિરમભાઇ રાજશાખા, શ્રી ભીમભાઇ ગોરસિયા, ડો. કલ્પેશ મોઢવાડીયા, ડો. રાજેન્દ્ર ગોઢાણીયા, ડો. જીતેન વાઢેર, શ્રી મનિષભાઇ બાપોદરા વગેરેએ રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો. રમતોત્સવને સફળ બનાવવા શ્રી મહેર સોશ્યલ ગૃપના પ્રમુખશ્રી ડો. કાનાભાઇ ગરેજા, દેવાભાઇ ઓડેદરા, ભરતભાઇ કારાવદરા,






જેઠાભાઇ મોઢવાડીયા,
દેવાભાઇ ભુતિયા,
મેરૂભાઇ ભુતિયા,
પુંજાભાઇ ઓડેદરા,
રાયદેભાઇ મોઢવાડીયા,
ભીમભાઇ મોઢવાડીયા,
ખીમાભાઇ રાણાવાયા,
રામભાઇ કેશવાલા,
રાજશીભાઇ ઓડેદરા,
હાજાભાઇ ઓડેદરા,
પરબતભાઇ કેશવાલા



વગેરે સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

આપણા સમાજનાં બાળકો માટે આપણો આ રમતોત્સવ એક ઉત્તમ પ્લેટફોર્મ સાબીત થઇ રહેલ છે. સમાજના ચુનંદા સ્પર્ધકો રાજય તથા રાષ્ટ્ર કક્ષાએ જે ઉત્કૃષ્ટ દેખાવ કરે છે તે આ બાબતનું એક સુંદર ઉદાહરણ છે. ટેનિસબોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાજયમાં ત્રીજું સ્થાન મેળવેલ ટીમમાં આપણા સમાજની ત્રણ બાળાઓ સામેલ હતી એટલું જ નહિ રાષ્ટ્રિય સ્પર્ધામાં આ બાળાઓએ સુંદર દેખાવ કરી જમ્મુ કાશ્મીર ખાતે ટીમને બીજું સ્થાન અપાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. ગુજરાતની ટીમનું નેતૃત્વ મોઢવાડા ગામની ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી હીરાં મોઢવાડીયાએ કર્યું હતું. ટીમમાં રાતડી ગામની કેશવાલા ફોતરી, ધો. ૧૨ તથા સોઢાણા ગામની કારાવદરા દીપુ ધો. ૧૨ અન્ય બે ખેલાડી તરીકે રમી હતી. સીસલી ગામની મોઢવાડીયા વંદના રામાભાઇ ધો. ૧૨, છતિસગઢ ખાતે યોજાયેલ રાષ્ટ્રિય ટેનિકોઇટ સ્પર્ધામાં ગુજરાતનું નેતૃત્વ કરેલ છે. એ જ રીતે થાણે, મુંબઇ ખાતે યોજાયેલ ચેસની રાષ્ટ્રિય સ્પર્ધામાં કુછડીની કુછડીયા સોનલ કાનાભાઇ તથા બખરલાની ખુંટી માયા અરભમભાઇએ ગુજરાતનું નેતૃત્વ કરેલ છે. આ ઉપરાંત ખેલ મહાકુંભની સ્પર્ધાઓ અંતર્ગત સીમર હાઇસ્કુલની વિદ્યાર્થીની કડેગિયા કાજલ હાજાભાઇ ૩૦૦૦ મી. દોડમાં રાજયકક્ષાએ તૃતિય તથા ૮૦ મી. વિઘ્ન દોડમાં સમગ્ર રાજયમાં તૃતિય આવેલ છે. સીમર હાઇસ્કુલની જ ઓડેદરા તેજલ જેઠાભાઇ ગોળાફેંક તથા ચક્રફેંકમાં સમગ્ર રાજયમાં ત્રીજા નંબરે આવેલ છે. બાલા હનુમાન સ્કુલના ભુતિયા રાજુ રણમલભાઇ કુસ્તી(રેસ્ટલીંગ)માં રાજયકક્ષાએ પ્રથમ આવી નેશનલ સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. આ તમામ રમતવીરોને તેમના ઉત્કૃષ્ટ દેખાવ બદલ શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન પાઠવે છે.

**વિજેતા સ્પર્ધકો:**

| | | |
|---|---|---|
| | **જુનિયર ભાઇઓ:** | **જુનિયર બહેનો:** |
| ૧૦૦ મી. દોડ | કુછડીયા લાખણશી પરબતભાઇ | કડેગીયા કાજલ હાજાભાઇ |
| ૪૦૦ મી. દોડ | કારાવદરા નિલેષ નાથાભાઇ | કડેગિયા કાજલ હાજાભાઇ |
| ૮૦૦ મી. દોડ | દાસા વિરમ આર. | કડેગિયા કાજલ હાજાભાઇ |
| ઊંચીકૂદ | કુછડીયા લાખણશી પરબતભાઇ | ખુંટી લીલુ પ્રતાપભાઇ |
| લાંબીકૂદ | કારાવદરા નિલેષ નાથાભાઇ | વદર કૃતજ્ઞા હરદાસભાઇ |
| ગોળાફેંક | કારાવદરા નિલેષ નાથાભાઇ | કુછડીયા દેવી છગનભાઇ |
| ચક્રફેંક | મોઢવાડીયા રાહુલ માલદેભાઇ | કારાવદરા રિધ્ધિ બાલુભાઇ |
| ચેંપિયન | કારાવદરા નિલેષ નાથાભાઇ | કડેગિયા કાજલ હાજાભાઇ |
| | **સીનીયર ભાઇઓ:** | **સીનીયર બહેનો:** |
| ૧૦૦ મી. દોડ | ઓડેદરા દેવા ભીમાભાઇ | ઓડેદરા હિમાંશી નાગાભાઇ |
| ૪૦૦ મી. દોડ | ભુતિયા વનરાજ ભકાભાઇ | કારાવદરા મંજુ મેરામણભાઇ |
| ૧૫૦૦ મી. દોડ | ગોઢાણીયા લાખણશી સવદાસભાઇ | કારાવદરા સંતોક એસ. (૮૦૦ મી.) |
| ઊંચીકૂદ | ઓડેદરા માલદે દુલાભાઇ | મોઢવાડીયા તેજલ સાજણભાઇ |
| લાંબીકૂદ | ઓડેદરા દેવા ભીમાભાઇ | ગોરાણીયા રેખા અરભમભાઇ |
| ગોળાફેંક | વદર કેશુ પરબતભાઇ | કારાવદરા મંજુ મેરામણભાઇ |
| બરછીફેંક | વદર કેશુ પરબતભાઇ | ઓડેદરા ધાની કેશુભાઇ |
| ચેંપિયન | ભુતિયા વનરાજ ભકાભાઇ | કારાવદરા મંજુ મેરામણભાઇ |

# શૈક્ષણિક : પ્રાથમિક જૂથ શાળા વાર્ષિકોત્સવ



આજના યુગમાં જેમ શિક્ષણનું મહત્વ વધતું જાય છે ત્યારે ઈત્તરપ્રવૃત્તિ તેમજ વિદ્યાર્થીઓની શારીરિક વિકાસની ઉપેક્ષા થઇ રહી છે. આવા સમયે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ પોરબંદર દ્વારા માર્ગદર્શિત ખાનગી પ્રાથમિક શાળા જૂથનો વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ ૨૦૧૨-૧૩નું આયોજન શ્રીમતિ માલીબેન રાણાભાઇ પબાભાઇ ઓડેદરા પ્રાથમિક શાળા, ફટાણા ખાતે કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક ઉત્સવ કાર્યક્રમમાં રમતોત્સવ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું બે દિવસ માટેનું સફળ આયોજન કરવામાં આવેલું હતું. શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલના માર્ગદર્શન નીચે ચાલતી સાત પ્રાથમિક શાળાઓ ખાંભોદર, ફટાણા, પારાવાડા, સીમર, સોઢાણા, અડવાણા તેમજ ગરેજ શાળાના ૬૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇ બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ વાર્ષિક ઉત્સવની શરૂઆત શ્રીમતિ માલીબેન રાણાભાઇ પબાભાઇ ઓડેદરા પ્રાથમિક શાળાના પટાંગણમાં મા સરસ્વતી તેમજ માલદેવ બાપુની છબી સમક્ષ અતિથિ વિશેષ દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે પ્રાથમિક જૂથ શાળા વચ્ચે સાંસ્કૃતિક કાર્યક્રમની સ્પર્ધા રાખવામાં આવેલ હતી. આ સાંસ્કૃતિક સ્પર્ધામાં ભજન, લોકગીત, લગ્નગીત, સમુહ ગીત, એકપાત્રિય અભિનય, નાટક તેમજ વિદ્યાર્થીની બહેનોના રાસ વિગેરે હરિફાઇ રાખવામાં આવેલ હતી. એક સમયે તો નિર્ણાયક ગણને પણ પોતાનો નિર્ણય આપવો ખુબ જ કપરો બની જાય તેવો અદ્‌ભૂત કાર્યક્રમ માર્ગદર્શિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલો હતો. ગ્રામ્ય વિસ્તારના આ વિદ્યાર્થીઓને તેમના વાલી, શાળા તેમજ ગામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ રાજયકક્ષા સુધીની સ્પર્ધાઓમાં સફળ સ્થાન પામી શકે તેવું અદ્‌ભૂત કૌશલ્ય ધરાવે છે. આ માટે શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ દ્વારા પુરતું માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. પ્રથમ દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમના અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઇનામો તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વાર્ષિક ઉત્સવ કાર્યક્રમના બીજા દિવસે પ્રાથમિક જૂથ શાળાના વિદ્યાર્થીઓ માટે રમતોત્સવ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રમતોત્સવમાં દોડ વિભાગ ૧૦૦મી, ૨૦૦મી. કૂદ વિભાગમાં ઊંચીકુદ, લાબીકુદ. ફેંક વિભાગમાં ગોળા ફેંક, ચક્રફેંક તેમજ નાના વિદ્યાર્થીઓના વિભાગમાં સંગીત ખુરશી, લીબું ચમચી, કોથડા દોડ તેમજ બાળ તંદુરસ્તીની હરિફાઇ યોજવામાં આવી હતી. તેમજ સહ અભ્યાસિક સ્પર્ધાઓમાં નિબંધ લેખન, વકૃતત્વ સ્પર્ધા, ચિત્ર હરિફાઇ, સુલેખન, અંગ્રેજી સ્પેલીંગ વાક્ય હરિફાઇ તેમજ ગણિત-વિજ્ઞાન-સામાજિક વિજ્ઞાન પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ. આ બીજા દિવસના કાર્યક્રમના અંતે પણ વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ બંને દિવસ દરમ્યાન ચાલતી સ્પર્ધાઓમાં ભાગ લેનાર  દરેક સ્પર્ધક, શાળા પરિવાર તેમજ આમંત્રિત મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલના પ્રમુખશ્રી ડો. વિરમભાઇ ગોઢાણીયાએ તેમના વક્તવ્યમાં આ વાર્ષિક ઉત્સવ કાર્યક્રમને ખુબ બીરદાવ્યો તેમજ આવી સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષણની સાથે કલા, સાંસ્કૃતિક ધરોહર જળવાઇ રહેશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ખેલકૂદની સ્પર્ધાથી સ્પર્ધકો વચ્ચે ખેલદિલી વધે, ખેલભાવના દ્વારા સ્વ ની ઓળખ પામી જીવન વિકાસના પથ પર આગળ વધી શકશે અને સમાજનો અને જ્ઞાતિનો વિકાસ સાધી શકશે. આવા કાર્યક્રમોના આયોજનથી શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ દ્વારા શૈક્ષાણિક ગુણવત્તાની સાથોસાથ શારીરિક અને બોધ્ધિક ગુણવત્તાલક્ષી પ્રયત્નો સફળ થઇ રહયા છે. અંતે તેમણે દરેક વિદ્યાર્થીઓને તેમજ દરેક શાળા પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ભવ્ય વાર્ષિક ઉત્સવ કાર્યક્રમમાં શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલના પ્રમુખ શ્રી ડો.વિરમભાઇ ગોઢાણીયા, શ્રી પુંજાભાઇ મોઢવાડિયા, શ્રી સામતભાઇ સંડાવદરા, શ્રી ડો. દેવશીભાઇ ખુંટી, શ્રી મેરામણભાઇ મોઢવાડિયા, શ્રી મહેર મહિલા વિકાસ મંડળના પ્રમુખ શ્રીમતિ જયાબેન કારાવદરા તેમજ મહિલા મંડળના સભ્યો, એજ્યુકેશન સમિતિના શ્રી રાયદેભાઇ મોઢ વાડિયા, શ્રી અરજનભાઇ ઓડેદરા, શ્રી દેવાભાઇ ભુતિયા, શ્રી રણમલભાઇ ઓડેદરા, એલાઇટ એકેડમીના આચાર્ય શ્રી કૌશિકભાઇ ચુડાસમા, ફટાણા શાળા સમિતિના શ્રી દેવાભાઇ ઓડેદરા, શ્રી ભીમાભાઇ મોઢવાડિયા, શ્રી રામાજીભાઇ ઓડેદરા, પોરબંદર જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતિ આશાબેન ઓડેદરાના પ્રતિનિધી શ્રી નિર્મલજીભાઇ ઓડેદરા, વિદેશથી પધારેલ શ્રી વેજાજીભાઇ મેણંદજીભાઇ ઓડેદરા, શ્રી કેશુજીભાઇ મેણંદજીભાઇ ઓડેદરા, શ્રી માલદેભાઇ ઓડેદરા વગેરેએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ દ્વારા યોજવામાં આવેલ વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ ખરા અર્થમાં ખુબ જ આવકાર્ય, પ્રોત્સાહક અને સફળ રહયો હતો. આ વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ ભવિષ્યમાં પણ યોજવામાં આવે તેવી લોક માંગણી ભાગ લેનાર વિદ્યાર્થીઓ, વાલીગણ તેમજ શાળા સંચાલક મંડળ તેમજ શાળા પરીવાર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ફટાણા શાળાના શિક્ષક શ્રી હિતેશભાઇ અપારનાથી દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી રાયદેભાઇ મોઢવાડિયા, શ્રી દેવાભાઇ ભુતિયા, શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલના કેળવણી નિરીક્ષક શ્રી મેહુલભાઇ થાનકી તેમજ શ્રીમતિ માલીબેન રાણાભાઇ પબાભાઇ ઓડેદરા શાળાના આચાર્ય શ્રી સત્યમભાઇ વોરા તેમજ સમગ્ર શાળા શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચતુર્થ ગણિત–વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨–૧૩


વિજ્ઞાન અને ટેક્નોલોજીના આ યુગમાં વિજ્ઞાનક્ષેત્રે દિન પ્રતિદિન નવી નવી ક્રાંતિકારી શોધો થતી જાય છે. જેમાં નવા નિયમો, સિધ્ધાંતો, ધારણાઓ તેમજ પધ્ધતિઓનો વિકાસ થતો રહે છે. આ સમયના મહત્વને સમજી શાળા કક્ષાએથી જ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે અભિરૂચિ કેળવવાના હેતુથી શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ માર્ગદર્શિત ખાનગી પ્રાથમિક શાળા જૂથ દ્વારા ચતુર્થ ગણિત–વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨–૧૩નું શ્રી માલીબેન રાણાભાઇ ઓડેદરા નવચેતન પ્રાથમિક શાળા, સીમર ખાતે આયોજન કરાયુ હતું. જેમાં ખાંભોદર, ફટાણા, સીમર, પારાવાડા, અડવાણા, સોઢાણા તેમજ ગરેજ શાળાઓમાંથી કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ૩૦ જેટલી સ્વપ્રયત્ને બનાવેલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

ચતુર્થ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનની શરૂઆત કરતા સૌ પ્રથમ આમંત્રિત મહેમાનોનું શબ્દોથી તેમજ મયુરપંખથી સ્વાગત ક્ર્યા બાદ મહેમાનોના વરદ હસ્તે મા સરસ્વતી તેમજ મહેર સંત શિરોમણી શ્રી માલદેવબાપુની છબી સમક્ષ દિપ પ્રાગટ્ય કરી ગણિત–વિજ્ઞાન પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવેલ હતુ. આ તકે સીમર હાઇસ્કૂલના આચાર્ય અને શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલની શિક્ષણ સમિતિના સભ્ય શ્રી રાયદેભાઇ મોઢવાડિયાએ કહ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા માટે વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિમાં પણ ભાગ લઇ સ્વ વિકાસ કેળવવો પડશે. ગ્રામ્યકક્ષાએ આવેલ શિક્ષણની જાગૃત્તિ બીરદાવી હાજર રહેલા આગેવાનો, શિક્ષકગણ તેમજ વાલીઓને શાળા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓમાં સહકાર આપવા અનુરોધ કરેલ હતો. જયારે શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ માર્ગદર્શિત એલાઇટ એકેડમી (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા) પોરબંદરના ગણિત–વિજ્ઞાન વિષયના નિષ્ણાત શિક્ષક શ્રી શિયારાસાહેબે સામાજિક જીવનમાં ગણિત અને વિજ્ઞાન વિષયનું મહત્વ સમજાવતા ગ્રામ્યકક્ષાએ બાળ વૈજ્ઞાનિકો દ્વારા યોજાયેલ વિજ્ઞાન કૃતિઓની સરાહના કરી હતી.

''વિજ્ઞાન–ટેક્નોલૉજી અને સમાજ'' આ મુખ્ય વિષય પર આધારિત વિજ્ઞાન પ્રદર્શનને કુલ પાંચ વિભાગોમાં વિભાજીત કરવામાં આવી હતી. જેમાં ઉધોગો, કુદરતી સ્ત્રોતો અને તેનુ સંરક્ષણ, વાહન વ્યવહાર અને પ્રત્યાયન, માહિતી અને શૈક્ષણિક તકનિકી, સામુદાયિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ તેમજ ગાણિતિક નમુના જેવા વિષયો પર બાળ વૈજ્ઞાનિકોએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

વિજ્ઞાન મેળા પ્રદર્શનમાં શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલની શિક્ષણ સમિતિમાંથી શ્રી રાયદેભાઇ મોઢવાડિયા ,શ્રી અરજનભાઇ ઓડેદરા, શ્રી રણમલભાઇ ઓડેદરા, શ્રી શિયારા સાહેબ, સીમર ગામના સરપંચશ્રી પરબતભાઇ ઓડેદરા, શ્રી નવઘણભાઇ મોઢવાડિયા, શ્રી હોથીભાઇ ઓડેદરા, શ્રી આવડાભાઇ મોઢવાડિયા, શ્રી લાખાભાઇ શીડા, શ્રી લખુભાઇ કારાવદરા તેમજ ભાગ લેનાર દરેક શાળાના આચાર્યશ્રી, શાળા ગણિત–વિજ્ઞાન વિષયના શિક્ષક ગણ વગેરેએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ક્ર્યા હતા. જયારે આ સમગ્ર પ્રદર્શનને સફળ બનાવવા માટે શ્રી રાયદેભાઇ મોઢવાડિયા, શ્રી દેવાભાઇ ભુતિયા, શ્રી મેહુલભાઇ થાનકી, શ્રી અરભમભાઇ શીડા, માર્ગદર્શિત જૂથ શાળાના આચાર્ય તેમજ શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન સીમર શાળાના બહેનશ્રી આશાબેન મોઢવાડિયાએ ક્ર્યું હતુ. આ પ્રદર્શનના અંતે ભાગ લેનાર બાળ વૈજ્ઞાનિકોને ઇનામો અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત ક્ર્યા હતાં તેમજ અંતે દરેકે સાથે ભોજન લીધું હતું.

**મેહુલભાઇ થાનકી(કેળવણી નિરીક્ષકશ્રી)**



# કલા : ગ્રામ્ય લોકજીવનના સિદ્ધહસ્ત ચિત્રકાર



-પ્રો. ડૉ. મીતાબેન થાનકી, આર.જી.ટી. કોલેજ,
પોરબંદર.

કલા તવ લોચને પ્રેમ, પવિત્રતા'ને
અંગે બ્રહ્મત્વ ગંધ વહતી
જીવનભર સખી તું રે'જે સાથ નિત્ય
ગીતો ઊર્મિના કૈં ભરંતી;
કદિ જો વિરહ મહીં ડૂબાવી જા એ
પહેલાં એક મને વચન દૈ દે,
ઉછળતા પ્રચંડે જીવનરસ ધોધમાં જ
મુજ જીવન આ તાણી જજે !
-ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા 'રાજન્'

ગુજરાતના શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે આગવું અને અનોખું સ્થાન શોભાવતી રાજ્ય સરકાર સંચાલિત શ્રી રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, પોરબંદરના આદ્ય પ્રાચાર્ય શ્રી પ્રભાશંકર ત્રિવેદી સાહેબે જેમની ચિત્રકલાને સૌ પ્રથમ ઓળખી, પારખી અને કોલેજમાં 'આર્ટ માસ્ટર'ની જગ્યા ઊભી કરાવી જેમને નિમણૂક અપાવી તેવા ભારતના ખ્યાતનામ ચિત્રકાર સ્વ. શ્રી અરિસિંહ રાણા કેશવાલાની યાદગાર ચિત્રકારીથી તો કલાજગત ખૂબ વાકેફ છે. આજે આ અદના ચિત્રકારના યુવા ચિત્રકાર સપૂત શ્રી કેશુભાઇ અરિસિંહ કેશવાલાને પિતા તરફથી સંસ્કાર વારસામાં મળેલ અદ્‌ભુત ચિત્રકારીની કલા વિશે વાત કરવી છે.

આર્ટ માસ્ટરની જગ્યા પર નિમણૂક પામી, આર.જી.ટી. કોલેજના કેમ્પસમાં જ નિવાસ કરતા કલાગુરુ શ્રી અરિસિંહ રાણાની ચિત્રકલાની સાધનાએ બચપણથી જ કેશુભાઇનો નાતો કલમ અને કેનવાસ સાથે બંધાવી આપ્યો. પિતા અરિસિંહ ભાઇને જ પોતાના કલાગુરુ તરીકે સ્થાપી, કલાનું કોઇ પણ જાતનું વૈધિક શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખ્યા વગર કેશુભાઇએ ગ્રામ્ય સંસ્કૃતિને તથા પોતાની મહેર જ્ઞાતિની લોક સંસ્કારિતાને ઉજાગર કરતા કેનવાસ ચિત્રો દોરવાની શરૂઆત બચપણથી જ કરી દીધી હતી. કલા સાથે બચપણથી જ બંધાયેલો નાતો અને વારસામાં મળેલા ચિત્રકલાના સંસ્કારોને લીધે ધીમે ધીમે કેશુભાઇની કલમ એક સિધ્ધ હસ્ત ચિત્રકારને જન્મ આપવા લાગી અને ઇ.સ. ૧૯૮૪ માં માત્ર ૨૧ વર્ષની યુવાન વયે તેમણે 'તોફાની દરિયો' એ શિર્ષક હેઠળ એક યાદગાર ચિત્ર કેનવાસ પર કંડાર્યું જેણે અનેક ચિત્ર સ્પર્ધાઓમાં માતબર ઇનામો અને અકરામો મેળવ્યા.



ચિત્રકલાની આ કદરદાની પ્રાપ્ત થયા પછી તો કેશુભાઇએ ચિત્રકલાના ઊંડા સાગરમાં એટલી ડૂબકીઓ લગાવી કે ન પૂછો વાત ! મહેર સમાજના સામયિક સુકલ્પના મુખપૃષ્ઠ હોય કે જ્ઞાતિના કેલેન્ડર હોય, ખ્યાતનામ સંસ્થાઓની ચિત્ર સ્પર્ધા હોય કે ગ્રામ્ય સંસ્કૃતિને ચિત્રો મારફત ઉજાગર કરવાની હોય, દરેક વખતે શ્રી કેશુભાઇ સેવાકીય ધ્યેયને સામે રાખીને ચિત્રો દોરી આપી પિતા અરિસિંહભાઇના સંસ્કાર વારસાને આજે પણ દીપાવી રહ્યા છે. ઇ.સ. ૧૯૬૩ માં માતા ગીગી બહેન અને પિતા અરિસિંહભાઇના ઘરે મૂળ બરડા પંથકના કેશવ ગામે જન્મેલા કેશુભાઇની વિશેષતા એ રહી છે કે તેમણે પોતાના મોટા ભાગના સ્મૃતિ ચિત્રોમાં સૌરાષ્ટ્રની ગ્રામ્ય સંસ્કૃતિને તથા પોતાની ખમીરવંતી મહેર જ્ઞાતિની લોક પરંપરાઓને જ પોતાના ચિત્રના વિષય તરીકે પસંદ કરી મહેર જ્ઞાતિની ઉજજ્વળ લોક સંસ્કૃતિને સમાજ સમક્ષ મૂકી 'જ્ઞાતિ ગરિમા'ને ઉચ્ચ શિખરે પહોંચાડી છે. એટલું જ નહિ પરંતુ મહેર જ્ઞાતિની પચાસથી પણ વધુ ઐતિહાસિક કથાઓ આલેખતા ભરત બાપોદરા લિખિત 'અમર છે મેર ઇતિહાસમાં' પુસ્તકમાંના સાચુકલા પ્રસંગોને પોતાના રેખાચિત્રો દ્વારા કેશુભાઇએ જીવંત બનાવી આપ્યા છે. પુસ્તકના મુખપૃષ્ઠ પર મુકવામાં

આવેલું સમાજ સુરક્ષા માટે મારતે ઘોડે નીકળી પડેલા મહેર જવાંમર્દનું કેશુભાઇએ દોરેલું તૈલચિત્ર પુસ્તકને જોતાંવેત જ વાંચવા પ્રેરે તેટલું જીવંત છે.



જયારે કોઇ કલાકાર પોતે જીવી ચૂકેલી જ્ઞાતિગત લાક્ષણિક્તાઓને કેનવાસ પર કંડારે છે ત્યારે જે કલાકૃતિ તૈયાર થાય છે તે એટલી સ-જીવ હોય છે કે જોનારને થાય છે કે તેમાંના પાત્રો જાણે હમણાં જ બોલી ઊઠશે ! આવાં શબ્દ ચિત્રો અને સંસ્કૃતિ ચિત્રોના સર્જક શ્રી કેશુભાઇની કલા સાધનાને વેગ આપવા આર.જી.ટી. કોલેજના વર્તમાન પ્રાચાર્ય શ્રી એન.જે. મક્વાણા અને વાઇસ પ્રિન્સિપાલ શ્રી ઇશ્વરભાઇ ભરડાએ કોલેજમાં ખાલી પડેલ સુરક્ષા ગાર્ડની જગ્યા પર આઉટ સોર્સીંગના માધ્યમથી નિમણૂક અપાવી અને કોલેજના એક ખાલી પડેલા ઓરડામાં તેમની કલા સાધનાને વધુ નીખાર મળ્યો. કોલેજના પ્રાંગણમાં આદ્ય પ્રાચાર્ય શ્રી પ્ર. ત્રિવેદીના પીઠબળથી જેમ અરિસિંહભાઇ ચિત્રકાર તરીકે ખૂલ્યા અને ખિલ્યા હતા તેવી જ રીતે ફરી એક વાર વર્ષો પછી તેમના ચિત્રકાર સુપુત્ર શ્રી કેશુભાઇને પણ આ જ કોલેજનો સહયોગ સાંપડતાં તેઓએ પણ કોલેજ પરિસરમાં જ રહી સુંદર મજાના પેઇન્ટિંગ્ઝ બનાવવા પોતાની પીંછીને વેગ આપ્યો જે એક સુંદર કાયમી અન્ડર ગ્રાઉન્ડ મ્યૂઝિયમ તરીકે આજે કોલેજની શોભા વધારી રહ્યું છે.

આ મ્યૂઝિયમમાં કેશુભાઇ દ્વારા કેનવાસ પર તૈયાર કરાયેલા વિશાળ કદના દસ્તાવેજી તૈલ ચિત્રો જેવાં કે તત્કાલીન પોરબંદર રાજયની રાજમુદ્રા, પ્ર. ત્રિવેદી દ્વારા આયોજિત પોરબંદર-દ્વારકા પદયાત્રાની ઝાંખી, કોલેજનો ધ્યેયમંત્ર બાલ દેવો ભવઃ નિરુપતું નિરાવૃત બાળકનું ચિત્ર, જૂનું પોરબંદર અને દિવાદાંડી, હાજી કાસમની ઐતિહાસિક બોટ 'વીજળી'ની જળ સમાધિ તથા મહારાણા નટવરસિંહજી દ્વારા રાજય સરકારને સુપરત કરાઇ રહેલા રાજમહેલના દસ્તાવેજોનું ચિત્ર વગેરે જેવા સ્મૃતિ ચિત્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શ્રી કેશુભાઇનું કન્યા વિદાય નામનું પેઇન્ટિંગ લેસ્ટરમાં ઇ.સ. ૨૦૧૧ માં નવરાત્રિ મહોત્સવ પ્રસંગે રૂા. ૭૮૦૦૦ માં લીલામી પામ્યું હતું.

શ્રી કેશુભાઇનો વતનપ્રેમ પણ ખૂબ ઊંચો છે. પોતાના જન્મ સ્થળ કેશવ ગામમાં આવેલા લીરબાઇ માતાજીના મંદિરમાં માતાજીના ૧૬ પરચાઓને સાંદશ્ય કરતાં તૈલ ચિત્રો કેશુભાઇ હાલ તૈયાર કરી રહ્યા છે. સ્વભાવે ખૂબ જ સાલસ, પરગજુ અને માયાળુ એવા કેશુભાઇએ ભણતર તો માત્ર નવ ધોરણ સુધીનું જ મેળવ્યું છે પરંતુ માતા-પિતા તરફથી વારસામાં મળેલી કોઠાસૂઝ, કલા અને કર્તવ્ય નિષ્ઠાના ત્રિવેણી સંગમ દ્વારા આ કલાકારે પોતાની કલાપ્રિયતાના માધ્યમથી પોતાના વ્યક્તિત્વને આગવો નીખાર આપ્યો છે.

મહેર જ્ઞાતિના આ પનોતા પુત્ર અને ગ્રામ્ય લોક સંસ્કૃતિના સિધ્ધ હસ્ત ચિત્રકાર શ્રી કેશુભાઇની આ કલા દેશના સિમાડાઓ પુરતી સિમિત ન રહેતા વિશ્વકક્ષાએ પ્રસિધ્ધિ પામે એવી અભ્યર્થના. (સંપર્ક મોબાઇલ નં. ૯૮૭૯૪ ૮૭૫૩૯)

**ચિનગારી :**

પૂનમની એકા'દી રાતના ઉજાગરા
ને સાટે જીવતર જીવી જઇશું;
એક પછી એક પાન ખરશે કદંબના
ને વહેળામાં વિખરાતા જઇશું
લીલૂડાં વાંસ-વન વાઢશોના કોઇ
ને મોરપીંછીયું ભેળી કરાવશો !
-માધવ રામાનુજ.

# આપણી આજકાલ



## સર્વરોગ નિદાન કેમ્પ

વિદેશમાં વસતા મહેર સમાજના ભાઇ બહેનોના આર્થિક સહયોગથી આપણા સમાજનાં ગામડાંઓમાં નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું અવાર નવાર આયોજન કરવામાં આવે છે. અનોખા વતનપ્રેમથી દેશના જ્ઞાતિજનો સાથે જોડાયેલા વિદેશવાસી ભાઇ બહેનો આવા પ્રયત્નો દ્વારા ગરીબ અને જરૂરીયાતવાળા ભાઇ બહેનોને મદદરૂપ થવાની તત્પરતા દાખવતા હોય છે. આ પ્રયત્નના અનુસંધાને ગત તા. ૩-૩-૧૩ ના રોજ ઘેડ પંથકના ભડ ગામે એક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું યુ.કે.થી પધારેલા શ્રી કેશવભાઇ રામભાઇ ઓડેદરાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભડ તથા આસપાસના ગામોના સંખ્યાબંધ દર્દીઓએ લાભ લઇ તેમના રોગોનું નિદાન કરાવ્યું હતું. આંખને લગતા રોગો જેવા કે મોતિયો, જામરવેલ, પરવાળા વગેરે રોગોનું વિના મુલ્યે નિદાન કરી દવાઓ આપવામાં આવી હતી અને જરૂરીયાતવાળા દર્દીઓને માટે ઓપરેશનની વ્યવસ્થા પોરબંદર ખાતે કરવામાં આવી હતી. આંખના રોગોના નિદાન માટે પોરબંદરની ઘામેચા હોસ્પિટલના ડો. શ્રી નયનભાઇ જેઠવાએ સેવાઓ આપી હતી. અન્ય રોગોના નિદાન તથા સારવાર માટે પોરબંદરની ઠકરાર હોસ્પિટલના એમ.ડી. ડો. શ્રી જીતેનભાઇ વાઢેરે પોતાની સેવાઓ આપી હતી.

આ કેમ્પમાં યુ.કે.થી પધારેલા મહેમાનો શ્રી કેશવભાઇ ઓડેદરા, શ્રી અરજણભાઇ ગોઢાણીયા, શ્રીમતી વાલીબેન કેશવભાઇ ઓડેદરા, શ્રીમતી શાંતિબેન અરજણભાઇ ગોઢાણીયા, શ્રી સવદાસભાઇ ઓડેદરા, શ્રીમતી પુરીબેન સવદાસભાઇ ઓડેદરા વગેરેએ હાજરી આપી હતી. આ ઉપરાંત શ્રી અરજનભાઇ બાપોદરા, શ્રી રાજાભાઇ ભુતિયા, શ્રી વિરમભાઇ ટીંબા, શ્રી વજશીભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી મહેર મહિલા વિકાસ મંડળના પ્રમુખ જયાબેન કારાવદરા, રાંભીબેન ઓડેદરા, જયાબેન સુંડાવદરા, કિરણબેન ઓડેદરા, દેવીબેન ભુતિયા તથા સ્થાનિક શિક્ષક-શિક્ષિકાઓ અને ગામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કેમ્પના આયોજનમાં શ્રી મહેર મહિલા વિકાસ મંડળની બહેનો તથા ભડ ગામના સ્થાનિક કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી વિસાવાડા સમસ્ત મેર સમાજ

**શ્રી વિસાવાડા સમસ્ત મહેર સમાજની યાદીમાં જણાવવામાં આવે છે કે આ સંસ્થા સંચાલિત વિંઝાત ભગત મહેર સમાજ વાડીના જુના મકાનના રીપેરીંગ કામ માટે વિસાવાડા ગામના રહીશ સ્વ. મેરામણભાઇ ઝીણાભાઇ કેશવાલાના સ્મર્ણાર્થે તેમના વિધવા ગં. સ્વ. વાલીબેન તથા કારીબેન મેરામણભાઇ કેશવાલાએ તેમના હસ્તકની મશ્રણ મુડીમાંથી રૂા. ૫,૦૦,૦૦૧ અંકે રૂપિયા પાંચ લાખ એકનું દાન તા.૧૫-૨-૧૩ ને વસંત પંચમીના રોજ ભાઇ રી કેશવાલા સવદાસભાઇ માંડણભાઇની હાજરીમાં શ્રી વિસાવાડા સમસ્ત મેર સમાજને કરેલ છે. આ ઉપરાંત સંસ્થાની જમીન નિયમિત કરાવવા માટે આ વર્ષે સરકારશ્રી ને જમા કરાવવાની નિયત રકમ રૂા. ૧૫,૮૩,૦૧૫ ભરપાઇ થઇ ગયેલ છે. આ રકમ ભરપાઇ કરવા માટે સંસ્થાની બચત ઉપરાંત ગામના જે આશામીઓએ મદદ કરેલ છે તેમની વિગત આ મુજબ છે. શ્રી કેશવાલા વેજાભાઇ રામભાઇ-રૂા. ૧૦૦૦૦૦, શ્રી કેશવાલા મુળુભાઇ દુદાભાઇ-રૂા. ૧૦૦૦૦૦, શ્રી રાજી સતિ આઇ મંદિર હ. કેશવાલા ભીમભાઇ-રૂા. ૫૦૦૦૦, શ્રી કેશવાલા દુદાભાઇ અરજનભાઇ ૨૫૦૦૦, શ્રી કેશવાલા જેઠાભાઇ રાણાભાઇ-૧૦૦૦ મળીને કુલ રૂા. ૨,૭૬,૦૦૦ અનુદાન પેટે મળેલ છે. આ સાથે જ ગામના જે ભાઇઓએ વગર વ્યાજે લોન પેટે જે રકમ ફાળવી છે તેની વિગત આ મુજબ છે. શ્રી કેશવાલા ગીગાભાઇ લાખાભાઇ-રૂા. ૧૦૦૦૦૦, શ્રી ઓડેદરા મેરામણભાઇ માલદેભાઇ-રૂા. ૧૦૦૦૦૦, શ્રી કેશવાલા મેરામણભાઇ વિરમભાઇ-રૂા. ૧૦૦૦૦૦, શ્રી કેશવાલા માંડણભાઇ દુદાભાઇ-રૂા. ૫૦૦૦૦, શ્રી કેશવાલા દેપાભાઇ દુદાભાઇ-રૂા. ૫૦૦૦૦, શ્રી કેશવાલા હોથીભાઇ સામતભાઇ-રૂા. ૫૦૦૦૦, શ્રી કેશવાલા માલદેભાઇ વિંઝાભાઇ-રૂા. ૨૫૦૦૦ વગેરેએ મળી કુલ રૂા. ૪,૭૫,૦૦૦ રકમ આપેલ છે. આ તમામ જ્ઞાતિજનોનો શ્રી વિસાવાડા સમસ્ત મેર સમાજ હાર્દિક આભાર માને છે.**

**-મેરામણભાઇ મોઢવાડીયા તથા દેવશીભાઇ કેશવાલા.**



## મહેર સમાજ શિરોમણી પૂ. માલદેવ બાપુને પુષ્પાંજલિ

મહેર સમાજના સમાજ સુધારક અને જ્ઞાતિ પરીવર્તક તથા સમાજ શિરોમણીનું બીરૂદ પામેલા સ્વ. પૂ. માલદેવ બાપુને તેઓની ૪૭ મી પુણ્યતિથિ નિમિત્તે સમસ્ત મહેર સમાજે અહોભાવથી નત મસ્તક નમન કરતાં હાર્દિક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પૂ. બાપુના વરદ હસ્તે નિર્માણ પામેલ મહેર સમાજની સર્વ પ્રથમ સંસ્થા શ્રી મહેર સમાજ ભવન, ઝુંડાળા ખાતે પૂ. બાપુને અંજલિ આપવા માટે શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મહેર સમાજના અગ્રણી આગેવાનો, સામાજિક કાર્યકરો તથા વિવિધ સંસ્થાઓના અગ્રણીઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે મહેર સમાજના વક્તાઓ એ આદર અને અહોભાવના સૂરમાં પૂ. બાપુનું જ્ઞાતિ ઉધ્ધારક મહામાનવ તરીકે ગુણગાન કર્યું હતું. મહેર સમાજની આજની પ્રગતિ અને સમૃધ્ધિના પાયામાં પૂ. બાપુનું ભગીરથ યોગદાન રહેલ છે. તેઓએ એ જમાનામાં મહેર સમાજમાં શિક્ષણ અને સમાજ વિકાસની જયોત જલાવી હતી કે જયારે આપણો શૈક્ષણિક અને સામાજિક વિકાસ ન બરાબર હતો. પૂ. બાપુને આ જયોતિ જળહળ કરવામાં કેટલા અંતરાયો અને મુસિબતો આવેલી એ આપણે સૌ જાણીએ છીએ છતાં પણ સમાજ પ્રત્યેના પ્રેમ અને સમર્પણની ભાવનાએ એનો નિર્ધાર અડગ રહ્યો અને તેઓ તેમની મહેચ્છા સાકાર કરવામાં સફળ રહ્યા હતા. આપણે સૌ આજે પૂ. બાપુએ રોપેલા વટવૃક્ષનું ફળ ખાઇ રહ્યા છીએ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ જેવું નથી. પૂ. બાપુના આદર્શો અને સિધ્ધાંતો તથા જ્ઞાતિ ઉત્કર્ષની તમન્નાને અનુસરીએ તો જ આપણે આ મહામાનવને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ આપી ગણાશે. દરેક જ્ઞાતિજને



ઋણાનુબંધે પણ તન, મન તથા ધનથી યથાશક્તિ સમાજ વિકાસનાં કાર્યોમાં યોગદાન આપવું જ જોઇએ. સમાજનો ઉત્કર્ષ એ જ પૂ. બાપુનો જીવનમંત્ર હતો જેના આત્માને રાજી રાખવો એ દરેક જ્ઞાતિજનની ફરજ છે.

ઝુંડાળા ખાતે યોજાયેલ આ સભામાં પૂર્વ સાંસદ શ્રી ભરતભાઇ ઓડેદરા, મહેર સમાજના પ્રમુખ શ્રી ભીમભાઇ ચૌહાણ, શ્રી હરભમભાઇ ભારાભાઇ કેશવાલા, શ્રી લક્ષ્મણભાઇ આગઠ, ડો. શ્રી દેવશીભાઇ ખુંટી, શ્રી ભીમભાઇ ઓડેદરા, શ્રી મેરામણભાઇ મોઢવાડીયા, શ્રી સામતભાઇ ઓડેદરા, શ્રી પરબતભાઇ ઓડેદરા, શ્રી પુંજાભાઇ મોઢવાડીયા, શ્રી મુળુભાઇ વાઢેર, શ્રી લખુબાપુ તથા ગુરુ માં, શ્રી કનુભાઇ ઓડેદરા, શ્રી ખીમાભાઇ રાણાવાયા, શ્રી રામભાઇ કેશવાલા, શ્રી દિલીપભાઇ મોઢવાડીયા, શ્રી કાનાભાઇ ગરેજા, શ્રી અરજનભાઇ ભુતિયા, શ્રીમતી શાંતાબેન ઓડેદરા, શ્રીમતી જયાબેન કારાવદરા, શ્રી સાજણભાઇ ઓડેદરા, શ્રી રાણાભાઇ સીડા વગેરેએ હાજર રહી જ્ઞાતિજનોને પૂ. બાપુના રાહે ચાલવાની શીખ આપતાં પૂ. બાપુને હૃદયાંજલિ આપી હતી. મહેર સમાજના વયોવૃધ્ધ વક્તા શ્રી રાણાભાઇ કડછાએ પૂ. બાપુ સાથેનાં પોતાનાં સંસ્મરણો રજુ કરી એ સમયની પરિસ્થિતિની યાદ તાજી કરતાં રોચક વાતો કહી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી હાજાભાઇ ઓડેદરાએ કર્યું હતું.

## નેત્ર નિદાન કેમ્પ



લ્યુટન તથા ડનસ્ટેબલ મહેર સમાજ યુ.કે. તથા શ્રી મુંજાભાઇ ગોગનભાઇ ઓડેદરા અને શ્રીમતી ગીગીબેન મુંજાભાઇ ઓડેદરાના આર્થિક સહયોગથી બગસરા(ઘેડ) મુકામે તા. ૬-૧-૧૩ ના રોજ નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘેડ વિસ્તારનાં ગામોના ગરીબ તથા જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે આ કેમ્પનું વિના મુલ્યે આયોજન શ્રી મહેર મહિલા વિકાસ મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પને શ્રી મહેર કોમ્યુનિટી એસોસિએશન યુ.કે.ના પૂર્વ પ્રમુખ શ્રી કેશવભાઇ રામભાઇ ઓડેદરા તથા તેમનાં પત્નીના વરદ હસ્તે દીપ પ્રગટાવીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પનો બગસરા તથા આસપાસનાં ગામોના આશરે ૨૭૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. દર્દીઓના વિના મુલ્યે નિદાન કરી દવાઓ આપવામાં આવી હતી તથા ૨૫ દર્દીઓના મોતિયાના ઓપરેશનની વિના મુલ્યે પોરબંદરની ધામેચા

હોસ્પિટલ ખાતે વ્યવસ્થા કરવામાં આવી હતી જેનો આર્થિક સહયોગ લ્યુટન તથા ડનસ્ટેબલ મહેર સમાજ તરફથી આપવામાં આવશે. આ કેમ્પમાં ડો. શ્રી નયનભાઇ જેઠવાએ પોતાની ઉમદા તબીબી સેવાઓ આપી હતી.

આ કેમ્પને સફળ બનાવવા શ્રી મહેર મહિલા વિકાસ મંડળના પ્રમુખ શ્રીમતી જયાબેન કારાવદરા તથા મહિલા મંડળના અન્ય સભ્યો તથા બગસરા ગામના લોકો અને શ્રી અરજનભાઇ બાપોદરાએ વિશેષ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં વિદેશથી પધારેલા મહેમાનો શ્રી અરજણભાઇ ગોઢાણીયા, શ્રી સવદાસભાઇ માલદેભાઇ ઓડેદરા, શ્રી દેવશીભાઇ તથા પુરીબેન, વાલીબેન તથા શાંતિબેન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વેશભૂષા તથા વાનગી સ્પર્ધા



મહેર સમાજની મહિલાઓ તથા બાળકોના સર્વાંગી ઉત્કર્ષ માટે કામ કરતી શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલની પાંખ મહેર મહિલા વિકાસ મંડળ દ્વારા બાળકો તથા બહેનો માટે વેશભૂષા તથા શિયાળાની વિવિધ વાનગી હરિફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મહેર જ્ઞાતિભવન ઝુંડાળા ખાતે તા. ૬-૧-૧૩ ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં સમાજનાં બાળકો તથા બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિવિધ વેશભૂષા ધારણ કરીને પધારેલાં નાનાં નાનાં ફૂલ સમાં ભુલકાંઓએ મનભાવન દ્રષ્ય ખડું કર્યું હતું. તેમની આગવી છટા તથા નયનરમ્ય દિદારને મુક્તમને તાળીઓના નાદથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બહેનોએ શિયાળાની વિવિધ પૌષ્ટિક વાનગીઓની મધુર સુવાસથી વાતાવરણ મીઠું બનાવી દીધું હતું. વિવિધ વાનગીઓ તથા સલાડની સજાવટમાં બહેનોના કૌશલ્યનાં દર્શન થયાં હતાં. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહીને શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલના પ્રમુખશ્રી ડો. વિરમભાઇ ગોઢાણિયાએ સ્પર્ધકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. તેમણે આજના સમાજમાં નારીના કેન્દ્રસ્થ સ્થાનને બીરદાવતાં બહેનોની નિપુણતા અને કૌશલ્યને બીરદાવ્યું હતું. બહેનો દરેક ક્ષેત્રમાં આગળ આવે અને સમાજ ઉત્કર્ષનાં કાર્યોની ધરોહર બને એવી અપેક્ષા સેવતાં તેમણે કહ્યું હતું કે નારીના યોગદાન વિના સમાજનો સમતોલ વિકાસ અસંભવ છે. જીવનના દરેક ક્ષેત્રમાં નારીના અગ્રિમ પ્રદાનને

પણ તેમણે સરાહ્યું હતું. આ તકે તેઓએ મહિલા મંડળને તેમની વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ માટે ખાસ અભિનંદન પાઠવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જયશ્રીબેન અમલાણી તથા ઇલાબેન ગજજરે પોતાની સેવાઓ આપી હતી. તમામ વિજેતા બહેનો તથા બાળકોને ઉપસ્થિત મહેમાનોના હાથે ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ સુંદર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રેખાબેન મોઢવાડીયાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ડો. શ્રી વિરમભાઇ ગોઢાણીયા, બાબુભાઇ કારાવદરા, રમેશભાઇ ઓડેદરા તથા મહિલા મંડળના સભ્યો સાથે મોટી સંખ્યામાં મહેમાનોએ હાજરી આપી હતી. કાર્યક્રમના આયોજનમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયાબેન કારાવદરા, રમાબેન ભુતિયા, કિરણબેન ઓડેદરા, રેખાબેન આગઠ, રસીલાબેન કારાવદરા, હિરાબેન રાણાવાયા, જયાબેન સુંડાવદરા, ટમુબેન કુછડીયા તથા મહિલા મંડળના સભ્યોએ વિશેષ જહેમત ઉઠાવી હતી. મહિલા મંડળના પ્રમુખ જયાબેન કારાવદરાએ આ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ ડો. શ્રી વિરમભાઇ ગોઢાણિયા તથા અન્ય મહેમાનો આભાર માનતાં વિજેતા સ્પર્ધકોને અભિનંદન આપ્યાં હતાં.

## સુકલ્પ લવાજમ

**આપણે સૌ જાણીએ છીએ કે આપણા સમાજના મુખપત્ર સુકલ્પની 'સંકલ્પ' નામે ૧૯૯૯ માં શરૂઆત થઇ હતી ત્યારથી લઇને છેક આજ સુધી આપણે જ્ઞાતિજનોના હિતાર્થે તેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ રાખેલ છે અને તેમાં ક્યારેય વધારો કરેલ નથી. આટલાં વર્ષોમાં મોંઘવારી અસહ્ય વધી છે એ આપણે સૌ જાણીએ છીએ અને આપ સૌ જ્ઞાતિજનોના આગ્રહને ન્યાય આપી સુકલ્પના રંગ રૂપમાં સમય સમયે ફેરફાર કરી આપણે એને ઉચ્ચ ગુણવત્તાવાળું બનાવેલ છે. આપણો સદાય એ આગ્રહ રહ્યો છે કે સુકલ્પ એ કમાણી માટે નહિ પરંતુ આપણા સમાજની વિવિધ ગતિવિધિઓ અને પ્રવૃતિઓને જ્ઞાતિજન સુધી પહોંચાડવાનું માધ્યમ છે. સુકલ્પના માધ્યમથી દેશ વિદેશના જ્ઞાતિજનો એકબીજાની સંપર્ક સાંકળ બની જ્ઞાતિનો ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્ય સાથે અનેકવિધ ઘટમાળને માણતાં થયાં છે એ ખુબ જ આવકાર્ય બાબત છે. આપણા સમાજમાં કેન્દ્રસ્થ બની ગયેલા સુકલ્પ મેગેઝીનને આપણે ક્યારેય કમાણીનું સાધન બનાવેલ નથી પણ હાલના તબકકે એના ખર્ચને પહોંચી વળવા વાર્ષિક લવાજમમાં થોડો વધારો કરવાની અમને ફરજ પડી છે. સુકલ્પની શરૂઆત થઇ ત્યારે એનું કુલ કોસ્ટીંગ પોસ્ટેજ સહિત જે હતું તેનાથી આજે ચાર ગણું વધી ગયું છે જેને કારણે સુકલ્પની આવક અને ખર્ચના છેડા ભેગા કરવા મુશ્કેલ બની જતાં જાન્યુઆરી-૧૩ થી વાર્ષિક લવાજમમાં રૂા. ૫૦ નો વાર્ષિક વધારો કરી રૂા. ૧૫૦ કરવામાં આવેલ છે. આપ સૌ જ્ઞાતિજનોને નમ્ર નિવેદન છે કે આપણા સમાજના મુખપત્રને સુગમ રીતે ચલાવવા કમિટિએ કરેલા આ નિર્ણયને આપ સૌ સ્વીકારશો અને ઉષ્માસભર પ્રતિસાદ આપશો એ જ અપેક્ષા. -તંત્રી.**

## હાર્દિક શ્રધ્ધાંજલિ




ઉદયની સાથે જ જેમ અસ્ત જોડાયેલ છે એમ જન્મની સાથે જ મોત પણ અચૂક રીતે જોડાયેલહોવાથી પંચમહાભૂતના આ દેહનો વિલય એક દિવસ તો નિશ્ચિત જ હોય છે. આપણી વચ્ચેથી ક્યારેક એવા આત્માઓ દેહ રૂપે અનેક વિરલ કાર્યો કરીને વિદાય થાય કે એની લોકોત્તર યાદ આપણી વચ્ચે લાંબા સમય સુધી જીવંત રહેતી હોય છે. મહેર સમાજના આવા જ એક વયોવૃધ્ધ જ્ઞાતિ આગેવાન તથા સામાજિક કાર્યકરે થોડા સમય પહેલાં આપણી સૌની વચ્ચેથી ચિર વિદાય લીધેલ છે. બોખીરા ગામના લોકલાડીલા સમાજ અગ્રણી સ્વ. શ્રી જીવાભાઇ દેવશીભાઇ રાજશાખાનું ગત તા. ૨-૧-૨૦૧૩ ના રોજ દેહાવસાન થયેલ છે. ઇ.સ. ૧૯૨૫ માં જન્મેલા શ્રી જીવાભાઇ રાજશાખા આપણા આખા પંથકમાં એક દૂરંદેશી અને પ્રગતિશીલ ખેડૂત તરીકેની છાપ ધરાવતા હતા. તેઓશ્રીએ એક ટર્મ સુધી બોખીરા ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે પણ યાદગાર સેવાઓ આપી હતી. બોખીરા ગામ તથા મહેર સમાજમાં તેઓ અગ્રિમ પંક્તિના સામાજિક કાર્યકર ગણાતા હતા. સ્વ.શ્રી જીવાભાઇ બોખીરા મહેર સમાજના પ્રમુખ હતા અને બોખીરા ખાતેના મહેર સમાજ ભવન નિર્માણમાં પણ તેઓએ ખુબ જ મહત્વનો ભોગ આપેલ છે. તેઓશ્રી બોખીરા ગૌશાળાનાં કાર્યોમાં સદાય સક્રિય રીતે કાર્યરત રહેલ છે. તેઓએ મહેર સમાજના પ્રતિષ્ઠિત શ્રી માલદેવ રાણા મહેર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે પણ યશસ્વી સેવાઓ આપેલ છે. સ્વ. શ્રી જીવાભાઇ રાજશાખાએ પોતાના મૃત્યુ બાદ ચક્ષુદાન કરવાનો નિર્ણય કરી એક મહામૂલા માનવિય કાર્યની પહેલ પણ કરેલ છે. વૃધ્ધાવસ્થાને કારણે તેઓશ્રીનું અવસાન થતાં મહેર સમાજે જેની ખોટ ક્યારેય ન પુરી શકાય એવા એક સક્રિય અને સેવાભાવી કાર્યકર તથા વડીલ આગેવાન ગુમાવેલ છે. સ્વ. શ્રી જીવાભાઇ રાજશાખાને સમસ્ત મહેર સમાજવતી હાર્દિક શ્રધ્ધાંજલિ આપતાં શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ દિવંગતના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરે છે. સાથે જ સદ્ગતનાં પરીજનોને આ કપરો ઘાવ સહન કરવાની ભગવાન શક્તિ આપે એવી અંતઃકરણથી મનોકામના વ્યક્ત કરે છે. ૐ શાંતિ, શાંતિ, શાંતિ :


એલાઇટ શૈક્ષણિક સંકુલના નવા દાતાઓ

| | |
|---|---|
| રૂા. ૨,૫૧,૦૦૦ | શ્રી કરશનભાઇ દુલાભાઇ ઓડેદરા, પૂર્વ ધારાસભ્યશ્રી, રાણાવાવ. |
| રૂા. ૨,૫૧,૦૦૦ | શ્રી સામતભાઇ ગોગનભાઇ ઓડેદરા, પ્રમુખશ્રી નગરપાલિકા, રાણાવાવ. |
| રૂા. ૨,૫૧,૦૦૦ | શ્રી એભાભાઇ ચનાભાઇ કડછા, પોરબંદર. |
| રૂા. ૨,૫૦,૦૦૦ | શ્રી ભુરાભાઇ મેપાભાઇ મોઢવાડીયા પરીવાર, હ. શ્રી નવઘણભાઇ મોઢવાડીયા, કિંદરખેડા. |
| રૂા. ૨,૫૦,૦૦૦ | શ્રી વજુભાઇ રાણાભાઇ ઓડેદરા, અમેરીકા. |
| રૂા. ૨,૫૦,૦૦૦ | શ્રી ભીમાભાઇ સવદાસભાઇ મોઢવાડીયા, અમેરીકા. |
| રૂા. ૨,૫૦,૦૦૦ | શ્રી અશોકજી મસરીજી ઓડેદરા, અશોકકુમાર એન્ડ કન્સ્ટ્રક્શન કું., પોરબંદર. |

# ગૌરવ



પોરબંદરના વનરાજ જીવાભાઇ મોઢવાડીયાએ મુંબઇના અંધેરી સ્પોર્ટસ કોમ્લેક્ષ ખાતે યોજાયેલ પંદરમી રાષ્ટ્રિય વાડોકાઇ કરાટે ચેમ્પીયનશીપમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવી સમસ્ત મહેર સમાજનું અનેરું ગૌરવ વધારેલ છે. તા. ૧૬-૧૭ નવેમ્બર ૨૦૧૨ ના રોજ યોજાયેલ આ રાષ્ટ્રિય કરાટે ચેમ્પીયનશીપમાં ૧૪-૧૫ વર્ષ આયુવર્ગની વ્યકિતગત ઈવેન્ટમાં સબ કેડેટ વર્ગમાં તેમણે પ્રથમ સ્થાન મેળવેલ છે. આ સાથે તા. ૧૭-૧૮ નવેમ્બર ૨૦૧૨ ના રોજ આ જ મેદાનમાં યોજાયેલ નવમી આંતર રાષ્ટ્રિય વાડોકાઇ કરાટે ચેમ્પીયનશીપમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું ઉત્કૃષ્ટ ગૌરવ પણ મેળવેલ છે. વાડોકાઇ કરાટે ચેમ્પીયનશીપમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવનાર વનરાજ મોઢવાડીયાને તેમની આ અદ્ભૂત સિદ્ધિ બદલ શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવતાં અદકેરા ગૌરવની લાગણી અનુભવે છે.







ગુજરાત રાજય દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં મહેર સમાજની ત્રણ બાળાઓએ રાજય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોરબંદર જીલ્લાને ત્રણ મેડલ અપાવી સમસ્ત મહેર સમાજ તથા પોરબંદર જીલ્લાનું ગૌરવ વધારેલ છે. ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ એથલેટિકસ સ્પર્ધાઓમાં ભાગ લઈને સીમર હાઈસ્કુલની સ્પર્ધક કુ. તેજલ જેઠાભાઇ ઓડેદરાએ ચક્રફેંકમાં રાજયકક્ષાએ બીજો નંબર, સીમર હાઈસ્કુલના જ સ્પર્ધક કુ. કાજલ હાજાભાઇ કડેગીયાએ ૧૫૦૦મી. દોડમાં રાજયકક્ષાએ બીજો નંબર તથા રાણા કંડોરણા હાઈસ્કુલની સ્પર્ધક કુ. શાંતિ અરજનભાઇ રાતડીયાએ બરછીફેંકમાં સમગ્ર રાજયમાં બીજું સ્થાન મેળવી પોરબંદર જીલ્લાને કુલ ત્રણ મેડલ અપાવ્યા છે. ઉપરોકત બાળાઓને રમત ગમતના ક્ષેત્રે તેઓની ગૌરવવંતી સિદ્ધિ બદલ શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવતાં હર્ષની લાગણી વ્યકત કરે છે.



સુત્રેજ ગામના મુળ વતની અને એમ.એમ. એન્ડ કું. કેશોદના માલીક શ્રી સામતભાઇ ભીમાભાઇ સુત્રેજાના સુપુત્ર કરણ સુત્રેજાએ ગત નવેમ્બર માસમાં સી.એ. ફાઇનલ પરીક્ષા પાસ કરીને મહેર સમાજના જુજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની યાદીમાં સામેલ થઇ સમસ્ત મહેર સમાજનું ગૌરવ વધારેલ છે. હાલ અમદાવાદ ખાતે રહી એમ.કોમ. ફાઇનલમાં અભ્યાસ કરતા કરણ સુત્રેજા રાજકોટની રાજકુમાર કોલેજમાંથી ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ ની પરીક્ષા ડીસ્ટીંકશન સાથે તથા બી.કોમ. સ્નાતક પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. કરણ સુત્રેજાને તેમની આ જળહળતી સફળતા માટે શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવતાં ગૌરવની લાગણી અનુભવે છે.



મુંબઇના વિરાર ખાતે રહેતા ભીમાભાઇ કુછડીયાની સુપુત્રી ચિ. હેતલ કુછડીયાએ સંસ્થાકિય સ્પર્ધાઓની ચિત્રકલા સ્પર્ધામાં ભાગ લઇ પ્રથમ સ્થાન મેળવી મહેર સમાજનું ગૌરવ વધારેલ છે. વિરારની બહુજન સમતા વિદ્યાલયમાં અભ્યાસ કરતી હેતલ કુછડીયાએ સંસ્થાના વાર્ષિકોત્સવમાં બાળ વિભાગમાં ભાગ લઇ ઉત્કૃષ્ટ ચિત્રકારીનું સર્જન કરી તમામ સ્પર્ધકોમાં પ્રથમ સ્થાન મેળવતાં મુંબઇ વિદ્યાપીઠના ઉપકુલપતિના હસ્તે પ્રમાણપત્ર તથા ઈનામ મેળવેલ છે. કુ. હેતલ કુછડીયાને તેની આ સિદ્ધિ બદલ શ્રી મહેર સુપ્રિમ કાઉન્સિલ સમસ્ત મહેર સમાજવતી હાર્દિક અભિનંદન પાઠવતાં હર્ષ અનુભવે છે.

## બની શકે

સમયને વહેતો કોણ અટકાવી શકે ?
પણ સમયની સાથે ચાલી તો શકે.
વૃક્ષને જુલતા કોણ અટકાવી શકે ?
પણ વૃક્ષની વિશાળતા અપનાવી તો શકે.
આભની એકલતા કોણ ટાળી શકે ?
પણ ચાંદ તારા બની સાથ આપી તો શકે.
દરિયાની લહેરોને કોણ અટકાવી શકે ?
પણ કિનારો બની એને સ્પર્શી તો શકે.
આ માનવીને ક્યાં કોઇ ઓળખી શકે ?
પણ માનવી પર વિશ્વાસ તો કરી શકે.
જિંદગીની કિંમત ક્યાં કોઇ જાણી શક્યું ?
પણ જીવનમાં ખરો માનવી બની તો શકે.

**-આગઠ તૃપ્તિ માલદેભાઇ, છાંયા.**

## સુખ : એક રંગીન કાવ્ય

શોધ ચલાવી સુખની થાકી ગયાં
આસમાની ઓછાયો આછો
એ બસ જરા
જરાક તો ઝીલી લો.
સંજાટાણે સંધ્યારાણી થાકી સરી પડી
ધૂપ ઝીણેરો સંકેલી
સર્યા કરે
પ્રેમકણીનો ઢગલો.
સુખની ચાહતનો રંગ જેટલો ભરપૂર
ઊમટ્યાં એટલાં દુઃખપૂર
બિંદુથી બાંધું
ફરી નવીન કિલ્લો !!

**-કવિતા મોઢવાડીયા, વડાળા.**




## દોસ્તી

દોસ્તો તલાશ ન કરો મારા સરનામે,
દોસ્તોના દિલમાં હું તો રહું છું.
ના માનશો મને કોઇ પોતાનો શ્વાસ,
હું તો દોસ્તોનો વિશ્વાસ બનીને જીવું છું.
ના તલાશ કરશો મારી દુનિયાના રંગોમાં,
હું તો દોસ્તોનો ગુલાલ બનીને જીવું છું.
ના મુલ્ય કરશો મારી દોલત નું,
હું તો દોસ્તીને જ દોલત માનું છું.
ના તલાશ કરશો મને દુનિયાના રીત રિવાજમાં,
હું તો દોસ્તીની રસમો નિભાવી જાણું છું.
ના તલાશ કરશો મને આ દુનિયામાં,
હું તો સઘળે ઇશ્વરનો પ્રેમ સંદેશ ફેલાવું છું.
ના કરશો મારી દોસ્તીની પરીક્ષા કદી,
હું તો દોસ્તીમાં જાન પણ લુંટાવી જાણું છું.
દોસ્તી જો કરો કદી તો દિલથી નિભાવજો,
હું તો દોસ્તીનો જ ઓકિસજન લઇને જીવું છું.
નથી હું કોઇ કવિયત્રી કે નથી લેખિકા,
હું તો બસ દોસ્તીના નામે થોડું લખી નાખું છું.

**-મોઢવાડીયા ભારતી કે., પોરબંદર.**

## એ કિન્તા ક્યારે આવશે ?

વેર તણા વાદળ વિખારો, વિતેલી વાતુને ભુલારો
ખુમારીનાં ખાતાં ખુલશે, ભાવના ભાતા ભરાશે
ઘેર ઘેર માલદેવ રાણાની મહેરમાં તસ્વીરો મુકાશે;
ત્યારે મહેર કુળમાં ભાવ ભરેલી એ કિન્તા આવશે.


કુરિવાજો દલથી કાઢશે, ભાવિ પેઢીને ભણાવશે
હિતમાં હિત સૌનું ધનવાન મહેર જુવાનો ધરશે
વિદ્યા દાતા વિરમ જેવા જ્ઞાતિમાં વિદ્યા વિસ્તારશે;
ત્યારે મહેર કુળમાં ભાવ ભરેલી એ કિન્તા આવશે.

આદ્યા શક્તિ ચામુંડા દેવી આવીને આશિષ આપશે
ગામડે ગામડે લીરબાઇ માતાની સતની ધજાઉ ચડશે
ભડવીર મહેર ભક્તો, જૂના ધરમને યાદ કરશે;
ત્યારે મહેર કુળમાં ભાવ ભરેલી એ કિન્તા આવશે.

સતિ મહેરાણીયું આર્ય રમણીયું સત્ય માર્ગે ચડાવશે
જ્ઞાતિ તણું ગૌરવ, મહેર મર્દો વિવેકથી વિચારશે
ભોજ જેવા ભાવે, કંઇક કવિજન કીર્તિ કંડારશે;
ત્યારે મહેર કુળમાં ભાવ ભરેલી એ કિન્તા આવશે.

**-ભોજા ભગત દાતારી, જુનાગઢ.**

# ઈતિહાસનું પાનું : ઈશ્વર પરાયણ સંતશ્રી મેરૂ ભગત



મહેર જ્ઞાતિમાં પરંપરાગત રીતે જ એટલી ખુમારી, ખાનદાની અને ઉચ્ચ ચારિત્ર્ય રહેલ છે કે તેને સંત, શુરા અને દાતારની જનનિ ગણવામાં આવે છે. નાનકડા એવા આપણા સમાજે જગતના ઈતિહાસમાં કાઠું કાઢે એવાં ઉત્તમ રત્નોની ભેટ જગતને આપી છે. મહેર સમાજના ઉલ્લેખ વિના શૌર્ય, વીરતા, દાતારી કે સતિ અને સંતની વાતો અધૂરી જ રહી જાય એવો આપણો જાજરમાન વારસો રહ્યો છે. મહેર સમાજના ખ્યાતનામ ભવનાથ મહેર સમાજના પાયામાં પણ આવા જ એક સંત આત્માની ભવ્ય ભાવના સમાયેલી છે. ભવનાથના શિવરાત્રી મેળામાં કે પરીક્રમામાં જતા આપણા સમાજના લોકો માટે જુનાગઢ ખાતે સૌ પ્રથમ ઉતારાની વ્યવસ્થા કરનાર અને અન્નક્ષેત્ર ચાલુ કરનાર મીહયારીવાળા મેરૂ ભગત હતા. વર્ષો પહેલાં એમણે આજના મહેર સમાજની જગ્યાએ શણિયાં બાંધી ઉતારાની વ્યવસ્થા કરી ગાડાં જોડીને મેળો કરવા જનાર મહેર જ્ઞાતિજનો માટે અન્નક્ષેત્ર શરૂ કરેલું.

મુળ મહિયારી ગામના પરમાર શાખના મેરૂ ભગત પણ આવા જ એક સમર્થ સંત હતા. જીવનભર જેની નસેનસ અને શ્વાસોચ્છવાસમાં ઈશ્વર આરાધના દોડતી રહેલી એવા લુણા ભગતના આધ્યાત્મિ આંગણે મેરૂ ભગતનો જન્મ થયો હતો. પિતાજીના ભકિતભાવના સંસ્કાર એમને જન્મથી જ વારસામાં મળ્યા હતા. ખેડૂતનો દીકરો યુવાન થાય એટલે સ્વાભાવિક રીતે એ પોતાનું મન ખેતિવાડી અને પોતાના વ્યવસાયમાં પરોવે પણ મેરૂ ભગતનું મન તો સોળ વરસની ઊંમરથી જ અગમ નિગમના ઘોડા દોડાવતું હતું. એનું મન ખેતિવાડી કે વ્યવસાયમાં જરાય લાગતું જ નહોતું અને કોઇ પૂર્વ જન્મના સંસ્કાર એને સતત ઈશ્વર આરાધના તથા જગતના ગહન પ્રશ્નોના ઉકેલો તરફ ખેંચતું હતું. ખેતરે જવાને બદલે એને કોઇ સાધુસંતની સેવા કરવાની કે ભજન ભાવ કરવાની અદમ્ય ઇચ્છા થતી. જેમ જેમ એનું માનસ પુખ્ત થતું ગયું એમ એમ જગતની ક્ષણભંગુરતા અને સ્વાર્થી સંબંધોના પરચા એની સામે સાક્ષાત્ થવા લાગ્યા. એનું આધ્યાત્મિક મન સાંસારિક બાબતે ખાટું થતું ગયું અને જીવ સતત સંસારથી ઉપરામ રહેવા લાગ્યો. એની સંસારમાં પડવાની જરાય ઈચ્છા ન હોવા છતાં પણ વડીલોની આજ્ઞાથી એ ગૃહસ્થાશ્રમમાં જોડાયા પણ સાંસારિક વહેવારોમાં એની ઉદાસી સતત વધતી રહી. મેરૂ ભગતને કાંઇ સંતતિ નહોતી અને એની એને જરાય મમતા પણ નહોતી. મેરૂ ભગતના મનમાં સદાય 'સંતન કી સેવા અને પ્રભુ કો નામ'ની લગની લાગી રહેતી. વિષય વાસનાને વૈરાગ્યના બળે એણે દાબી દીધાં હતાં.

એ સમયમાં ગોંડલ તાબેના લુણીવાવ ગામે વેણીદાસ નામના એક સમર્થ સંતનો આશ્રમ હતો. મેરૂ ભગતને વેણીદાસ મહારાજ પર અપાર શ્રધ્ધા હોવાથી તેઓ અવાર નવાર લુણીવાવ જતા. એનું મન જગતના અપાર સારને પામવા અનેક ગુંચવણો ભર્યા સવાલોમાં અટવાઇ જતું ત્યારે તેઓ વેણીદાસનો આશરો લેતા. આશ્રમના આધ્યાત્મિક વાતાવરણની એના માનસ પર એવી તો અસર થઇ કે એક વખત તો એણે કાયમને માટે આશ્રમમાં રહી સંતોની સેવા અને પ્રભુ ભજન કરવાની ઇચ્છા વેણીદાસ મહારાજ પાસે પ્રગટ કરેલી....'બાપુ ! આ સંસારનો તો કાંઇ સાર નથી અને મન સાંસારિક બાબતો તથા સંબંધોથી કપાતું જાય છે. મનખા દે અવતાર મળ્યો છે તો એને ભગવાનમય બનાવી ધન્ય કેમ ન બનવું ? આ સ્વપ્નવત્ સંસારમાં માત્ર એક ઈશ્વર જ શાશ્વત છે તો પછી તન, મન એના પર જ ઓળઘોળ કરી જન્મારો સાર્થક કરવો છે તો મને તમારા ચરણોમાં રહેવાની આજ્ઞા આપો !' મેરૂ ભગતના નિષ્કલંક માનસથી અને ભકિતમય સ્વભાવથી વેણીદાસ મહારાજ સારી રીતે પરીચિત હતા છતાં પણ એણે હસીને મર્મથી વાત ટાળી દીધેલી અને બીજા દિવસે પોતાની કુટિરમાં બોલાવીને કહેલું, 'ભગત ! સંસાર છોડયા બાદ અને સાધુ કે ત્યાગી બન્યા પછી પણ જો સંસાર તરફની મોહ-માયા દુર ન થાય તો માત્ર બહારના ત્યાગથી આપણું આત્મહિત થાય નહિ. અમે ભલે સંસારનો ત્ગાય કર્યો છે છતાં પણ ક્યાંક્ને ક્યાંક ચેલા કે ચેલીના અનુરાગમાં અમે પણ તણાતા હોઇએ છીએ એટલે કે આ જગતની જંજાળ અને વિકારોની જાળમાંથી છૂટવું આપણે ધારીએ છીએ એટલું સહેલું હોતું નથી. બાવાવાળાં બેય બગડે એના કરતાં જે આપણું કર્તવ્ય છે એને નિભાવતાં નિભાવતાં જો ખરા દિલથી ઈશ્વરનું ધ્યાન ધરવામાં આવે તો એ સૌથી ઉત્તમ છે. વળી, તમે તો લગ્ન કરીને સાંસારિક જીવનમાં બંધાયેલા છો ત્યારે તમારી સાથેના પાત્ર પ્રત્યેની ફરજ પણ તમારે ચૂક્વી ન જોઇએ. આથી મારી તમને સલાહ અને આજ્ઞા પણ છે કે સંસારમાં રહીને બધી ફરજો નિભાવતાં તમે પ્રભુ ભજન અને સંતોની સેવા કરો એ વધારે યોગ્ય ગણાશે.'

મેરૂ ભગતે ખુબ જ શાંતિથી અને ધ્યાનથી વેણીદાસ મહારાજનાં વચનો સાંભળ્યાં અને એને માથે ચડાવતાં પુનઃ પોતાને ઘેર ગયા. ઘરે જઇ મન વ્યવહારિક બાબતોમાં અને કામમાં પરોવવાની કોશીશ કરી પણ કોઇ પૂર્વ જનમના સંસ્કાર ગણો કે ઈશ્વરાનુરાગ, મેરૂ ભગતનું મન સાંસારિક બાબતોમાં જરાય લાગ્યું નહિ. ખેતરે જાય તો પ્રભુ ભજનમાં એવા મસ્ત બની જાય કે ઉભા મોલમાં ઢોર ચરતાં હોય કે લચેલા પાકમાં ચકલાં-કબૂતરાં ચણતાં હોય એનો પણ ખ્યાલ ન રહે ! પાક તૈયાર થાય તો ખરાવડમાં એવી રીતે શિવમંદિર, ઠાકર મંદિર, ગાયોની નીરણ અને પંખીની ચણ માટેનો ભાગ કાઢે કે ઘર માટે બહુ ઓછું અનાજ બાકી રહે ! એમની આવી મસ્ત ફકીરીથી ક્યારેક તો પરીવારજનો પણ અકળાઇ ઉઠતાં. પોતાના મનને શાંતિ આપવા મેરૂ ભગત

કાશી, હરિદ્વાર વગેરે ધાર્મિક સ્થળોની યાત્રાએ ગયા અને ત્યાં અનેક મહાન સંતો તથા સિધ્ધ પુરુષોના સંપર્કમાં આવતાં એનો આધ્યાત્મિક ભાવ વધુ પ્રબળ બની ગયો. અનેક જગ્યાએ જીવનનાં ગુઢ રહસ્યોને ઉકેલતો ભવ્ય સતસંગ થયો. મહાન ધર્મવેતાઓનાં જીવન ચરિત્રો પણ જાણ્યાં અને અંતરનો ભગવો રાગ વધારે મજબૂત બની ગયો. અગત્યનાં તમામ ધાર્મિક સ્થળોએ ફરીને તેઓ પાછા આવ્યા ત્યારે ઘરે જવાને બદલે સીધા જ જુનાગઢના વંથલી પાસેના કાજળીયારી ગામે ગયા. આ ગામમાં વાણંદ જ્ઞાતિના પ્રખ્યાત સંત ક્યરા ભગત થઇ ગયા. ગામને ગોંદરે ક્યરા ભગતની ઝુંપડી જેવી મઢુલી હતી અને એકાંતમાં ભગત સંસાર સાગર તરવાનો પ્રબળ પુરુષાર્થ કરતા હતા. મેરૂ ભગતે ક્યરા ભગતની આધ્યાત્મિકતા વિષે ઘણું બધું સાંભળ્યું હતું એટલે એના સાનિધ્યમાં જઇ પોતાની પ્રબળ આધ્યાત્મિક ઝંખના કહી સંભળાવી. મેરૂ ભગતની જિજ્ઞાસા સાંભળી ક્યરા ભગત રાજી થયા પણ એણેય મેરૂ ભગતને સંસારમાં રહી પ્રભુ ભજન કરવાની શીખ આપી.

મેરૂ ભગતે મનમાં નક્કી કર્યું કે સાધુ પુરુષો જે ઉપદેશ કે આદેશ કરે એ આપણા હિતમાં જ હોય અને એ પોતાને ઘરે પાછા ફર્યા. ગામમાં અને આસપાસના વિસ્તારમાં લોકો મેરૂ ભગતના અલગારી સ્વભાવથી પરીચિત થઇ ગયા હોવાથી સજ્જન પુરુષો એને આદરથી માન આપતા હતા તો દુર્જન લોકો એની ક્નડગત પણ કરતા. જો કે ભગત બધી વૃતિઓથી પર થઇ ભગવાનના ભજન અને કોઇ સાધુ, સંત કે અભ્યાગતની સેવામાં લાગ્યા રહેતા. મેરૂ ભગતે ગમે તેવી પરિસ્થિતિમાં પોતાની સમતા ગુમાવી નહિ કે ન તેઓ ક્યારેય ખાબોચીયાંની જેમ છલકાયા; બસ, ધીર ગંભીર સાગરની જેમ બધું સહતાં એનું હરિ ભજન સદાય ચાલુ રહેતું જેથી તેની ક્નડગત કરનારે પોતે જ પસ્તાવું પડતું. કાજળીયારીવાળા ક્યરા ભગતને ચાર પુત્રો હતા અને જ્યારે એનો અંતિમ સમય નજીક આવ્યો ત્યારે એણે પોતાના ચારેય પુત્રો સાથે મેરૂ ભગતને પણ ખાસ બોલાવ્યા. પોતાના પુત્રોની હાજરીમાં જ મેરૂ ભગતની પાત્રતા જોઇ એને મુખ્ય શિષ્ય તરીકે નીમી પોતાની જગ્યાની બધી જવાબદારી મેરૂ ભગતને સોંપી. કહેવાય છે કે મેરૂ ભગતે જગ્યાની જવાબદારી સ્વીકારી એના બીજા જ દિવસે ક્યરા ભગત તથા એમનાં પત્નીએ જીવતાં સમાધિ લઇ લીધેલી. મેરૂ ભગત હવે પોતાના ઘરને બદલે કાજળીયારી ગામે જ રહેવા લાગ્યા અને જગ્યાની દિલથી વ્યવસ્થા કરવા લાગ્યા. મેરૂ ભગતના ઉત્તમ ચારિત્ર્યની સુવાસથી જગ્યામાં આવનારા સાધુ, સંતો તથા ભક્તોની સંખ્યા ખુબ જ વધવા લાગી.

મેરૂ ભગતને શ્રી રામાયણ પર ભારે શ્રધ્ધા હતી અને તેઓ શિષ્યોને અને ભક્તોને રોજ રામાયણનું શ્રવણ કરાવતા. એના મુખેથી એવી તો જ્ઞાન ગંગોત્રી વહેતી કે એને સાંભળવા દુર દુરથી શ્રધ્ધાળુઓ ઉમટી પડતા. મેરૂ ભગત દર વર્ષે એક વખત ભાગવત પારાયણ બેસાડતા. તેમણે અષાઢ સુદ બીજના દિવસે સાધુ, સંતો તથા ભક્તો માટે જમણવારની પણ શરૂઆત કરેલી. આ દિવસે ગમે એટલાં માણસો આવે એમનું રસોડું તમામ માટે ખુલ્લું રહેતું. કાજળીયારીના દરબાર પણ અવાર નવાર જગ્યામાં આવતા અને મેરૂ ભગતની સાચી સેવા તથા ભકિતભાવથી ખુબ જ ખુશ થતા. દરબારે જગ્યામાં મેરૂ ભગતને બે પાકા ઓરડા પણ બંધાવી આપ્યા હતા. ભક્તોમાં ચર્ચા થતી કે જુનાગઢ ભવનાથના મેળામાં બહુ મોટો માનવ મહેરામણ ભરાય છે ત્યારે ત્યાં જો અન્નક્ષેત્ર ચાલુ કરવામાં આવે તો ઘણાં માણસો એનો લાભ લઇ શકે. મેરૂ ભગતે ભવનાથના મેળામાં અન્નક્ષેત્ર ચાલુ કરવાનો સંકલ્પ કર્યો અને એ જ વરસથી એને અમલી પણ બનાવ્યો. આજે આપણું ભવનાથ મહેર સમાજ ભવન જે જગ્યાએ છે ત્યાં તો એ વખતે ગાઢ જંગલ હતું જયાં સૌ પ્રથમ મેરૂ ભગતનું અન્નક્ષેત્ર ઇ.સ. ૧૯૧૮ માં શરૂ થયું હતું. શરૂઆતમાં એણે શણિયાં બાંધી લોકો માટે ઉતારાની વ્યવસ્થા કરી હતી. મેરૂ ભગત મહેર સમાજના હોવાથી એના ઉતારામાં આપણા સમાજનાં લોકો મોટી સંખ્યામાં આવવા લાગ્યાં. ગાડાં જોડીને આવતા મહેર લોકોને માટે મેરૂ ભગતનો ઉતારો આશીર્વાદરૂપ બન્યો અને સૌને રહેવાની તથા જમવાની સગવડતા પણ મળી. થોડાં વર્ષોમાં તો એ જગ્યા મેરૂ ભગતના ઉતારા તરીકે ખ્યાતનામ બની ગઇ હતી. મેરૂ ભગતની ભાવના અને સમર્થ સેવાની લોકો બે મોઢે પ્રશંસા કરતાં. સમય જતાં મેરૂ ભગતનો ઉતારો મહેરના ઉતારા તરીકે જાણીતો થયો અને પાછળથી મહેર આગેવાનોના પ્રયાસોથી એ જગ્યા સરકારમાં નિયમિત કરાવવામાં આવી અને પછી ત્યાં મહેર સમાજ ભવન બાંધવામાં આવ્યું. ભવનાથ મહેર સમાજના પ્રાંગણમાં એક મંદિર આવેલ છે જેમાં સંત શ્રી મેરૂ ભગતની ભવ્ય પ્રતિમા દિવ્ય પ્રભાથી શોભી રહી છે.

મેરૂ ભગતે કાજળીયારી ગામની જગ્યાનો એવો વિકાસ કરેલો કે એની ખ્યાતિ સમગ્ર વિસ્તારમાં ફેલાણી હતી. શિવરાત્રીનો મેળો હોય, ચૈત્ર સુદી પૂનમનો મેળો હોય કે અષાઢ સુદ બીજ હોય; એ દિવસે જગ્યામાં મોટા ઉત્સવ જેવું વાતાવરણ બની જતું અને હજારોની સંખ્યામાં ભક્તો, શિષ્યો તથા ધર્મપ્રેમી જનતા કાજળીયારી ગામે એક્ઠી થતી અને ધર્મલાભ લેતી. મેરૂ ભગતનો સ્વભાવ એવો નમ્ર, વિવેકી, મધુર અને ગહન હતો કે એના સાનિધ્યમાં આવનાર એના વ્યકિતત્વથી ધન્યતા અનુભવતાં. મેરૂ ભગતે પોતાની ઉમદા આધ્યાત્મિક્તા, સંતનની સેવા અને અન્નક્ષેત્ર પોતે હયાત હતા ત્યાં સુધી સતત ચાલુ રાખ્યાં હતાં. સૌની સેવા કરતા અને પ્રભુનું ધ્યાન ધરતા આ સાવ સાદા, સરળ અને વિનમ્ર સંતે પોતાની નિખાલસતા, સચ્ચાઇ અને ભકિતભાવથી અનેક જિંદગીમાં અજવાળાં પુરવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું. સંત શ્રી મેરૂ ભગતે સાચે જ મહેર સમાજના ઇતિહાસનું એક ગૌરવવંતું આધ્યાત્મિક પાનું આલેખ્યું છે.